page 4

અહો સુકૃતમ્ !

પ્રશાંતમૂર્તિ પૂ. ગચ્છાધિપતિશ્રી આચાર્યદેવ
શ્રી.વિજય રાજેન્દ્રસૂરિ મહારાજાના શ્રમણીભગવંતોને લખેલા
હિતશિક્ષા પત્રોના સંકલનયુક્ત પુસ્તિકાના લાભાર્થી
પ્રભાવક પ્રવચનકાર પૂ.આ. શ્રી.વિ.અક્ષયબોધિસૂરિ મહારાજાની
પ્રેરણાથી

તપશ્ચર્યાઓ



૮-૯-૧૦-૧૧-૧૬ ઉપવાસ,
૩૦ ઉપવાસ (૨ વાર),૩૩ ઉપવાસ,
૪૫ ઉપવાસ (૪૫ આગમના)-(૨ વાર),
૭૦,૯૦,૧૧૧,૧૫૧ ઉપવાસ,
નમસ્કાર મહામંત્ર તપ
(૭૨ દિવસમાં ૬૮ ઉપવાસ)
સિધ્ધિતપ, ગણધર તપ, ભદ્ર તપ,
વર્ષીતપ, ૩ ઉપધાન, નવપદની ઑળીઓ,
૧૦૮ અઠ્ઠમ, કંઠાભરણ તપ,
મૉક્ષદંડક તપ, ભક્તામર તપ,
કોટિશિલા તપ, વર્ધમાન તપ ની ઑળી-૧૫

પિતાજી લાલજી વજપાર હરણીઆ
માતુશ્રી હેમતબેન, ભાઈ ફુલચંદ, ભાભી લીલાવંતી
સુપુત્ર દીલીપના આત્મશ્રેયાર્થે
તપસ્વીરત્ના સુશ્રાવિકા શાંતાબેન કપૂરચંદ શાહની અનેક ઉગ્ર-તપશ્ચર્યાની
અનુમોદનાર્થે કપૂરચંદ દેવશીભાઇ શાહ (ગામ - મીઠોઈ) નાઈરોબી
સુપુત્ર - પંકજ ,રાજુ   પુત્રવધુ - મીનાબેન,સંજ્ઞાબેન
સુપુત્રી - નીશા હસમુખ શાહ પૌત્ર - મિહિર
પૌત્રી - આશ્ની, પીના તરફથી

JSBN code
SNIDH0001

Page 1

પ્રશાંતમૂર્તિનું પ્રશમામૃત

પ્રશાંતમૂર્તિ પૂ.આ.ભ.શ્રી
વિજય રાજેન્દ્ર સૂરીશ્વરજી મ.સા.

પ્રશાંતમૂર્તિનું પ્રશમામૃત

❖ લેખક ❖

પ્રશાંતમૂર્તિ પ.પૂ.આ.ભ. શ્રી વિજય
રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.

❖ પ્રકાશક ❖
સુસંસ્કારનિધિ ટ્રસ્ટ

પુસ્તક	:	**પ્રશાંતમૂર્તિનું પ્રશમામૃત**
લેખક	:	**સુવિશાલ ગચ્છાધિપતિ પ. પૂ. પ્રશાંતમૂર્તિ આચાર્ય ભગવંત શ્રી વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મ. સા.**
પ્રકાશક	:	**સુસંસ્કારનિધિ ટ્રસ્ટ**
ભાષા	:	**ગુજરાતી**
વિષય	:	**વાચના, હિતશિક્ષા**
પ્રકાશન વર્ષ	:	**વિ. સં. ૨૦૭૬**

પ્રાપ્તિસ્થાન

સુસંસ્કારનિધિ ટ્રસ્ટ
જયેશભાઈ ભણશાળી
રૂચિ ડાયમંડ, S/6,
વિશાલ કોમર્શિયલ સેન્ટર
બીજે માળે, આશ્રમરોડ,
અમદાવાદ - ૩૮૦૦૦૯

શૈલેશભાઈ પારેખ
૧૬૩, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ
ત્રીજે માળે, ઓફિસ નં. ૩૦
મુંબઈ - ૪૦૦૦૦૩
મો. **93249 17721**

બાબુલાલ સરેમલજી
'સિદ્ધાચલ' બંગલો,
હીરા જૈન સોસાયટી,
રામનગર, સાબરમતી,
અમદાવાદ - ૩૮૦૦૦૫.
મો. **94265 85904**

SNIDH0001

મળ્યું અનંતકાળે, અલ્પકાળ માટે

અનંતકાળે મળતા
અનંતજીવોમાંથી ભૂલ
અલ્પ જીવોને જ મળતા અને
એય અલ્પકાળ
માટે જ મળતા
સંયમજીવનને સાર્થક કરવા
પ્રવૃત્તિ સ્તરે,
પરિણતિ સ્તરે
પ્રસન્નતા સ્તરે અને
પવિત્રતા સ્તરે
શી જાગૃતિ અને
સાવધાની રાખવી જરૂરી છે?
એની અનેકવિધ વાતો
જણાવવાનો પ્રયાસ કરતા
આ પુસ્તકના પ્રકાશનના કેન્દ્રમાં છે
પ્રશાંતમૂર્તિ,
સરળ સ્વભાવી
પૂજ્યપાદ આચાર્ય ભગવંત
શ્રીમદ્વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી
મહારાજાનો
ગજબનાક સંયમપ્રેમ અને
ગજબનાક સંયમીપ્રેમ.
જેઓશ્રીના
મનમાં અને વચનમાં
સદાય ઉપશમભાવના વહી રહેલા
શીતળ ઝરણાંની અનુભૂતિ થાય છે
એ પૂજ્યશ્રીના
આ સ્તુત્ય પ્રયાસોને
સફળ બનાવવા સહુ સંયમીઓ
શક્ય સત્વ ફોરવશે જ
એવી પૂર્ણ શ્રદ્ધા છે.
પૂજ્યશ્રીના સંયમલક્ષી લખાણના આ
સંકલનને પુસ્તકરૂપે શ્રી સંઘ સમક્ષ
મૂકવાના મુ.શ્રી ભવ્યસુંદરવિજયજીના
શુભપ્રયાસ બદલ એમને અંતરના અભિનંદન.

અનુક્રમણિકા

દુર્ભાવને દૂર રાખીએ

ગુરુમુખે જિનવાણી સાંભળીએ છીએ, હિતશિક્ષા વાંચીએ છીએ, તાત્ત્વિક આગમની વાચના દ્વારા અપૂર્વ ગૂઢ રહસ્યો જાણવા મળે છે... તે વખતે અહોભાવ પ્રગટે છે... નીરસ જીવન નવપલ્લવિત થઈ જાય છે. હૈયું ભર્યું ભર્યું બને છે, ગદ્‌ગદ ભાવ પ્રગટે છે... કે ''મારા અરિહાનાથે મને અને જગતને કેવો તારવાનો ઉપાય દેખાડ્યો ! અપાયમાંથી ઊગારી લેવા કેવું સચોટ માર્મિક માર્ગદર્શન આપ્યું !''

ઉપાય એ આરાધના માર્ગ છે. અને અપાય એ દુર્ભાવ-રાગદ્વેષની પરિણતિ, કાષાયિક પરિણામ, દુર્ધ્યાન વિ. છે, જેમાંથી પાછા ફરવાનું છે.

સંઘમાં સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા આવે. સંઘ તીર્થસ્વરૂપ છે. તીર્થની ભક્તિ-બહુમાન આત્માને તારનાર છે. વિનયદ્વારમાં ભક્તિ-સદ્ભાવ-બહુમાન-ગુણકીર્તન; નિંદા–હલકાઈ–તુચ્છતા રૂપ અવર્ણવાદનો ત્યાગ, આશાતનાનો પરિહાર-સ્વયં આશાતના કરવી નહીં, પરને આશાતના કરતા રોકવા – એ કર્તવ્ય છે. પ્રભુશાસન = તીર્થ પ્રત્યે પ્રમોદભાવ જેટલો વધે તેમ લાભ વધે.

સ્વથી ઉપકારની શરૂઆત કરી સર્વના ઉપકાર સુધી પહોંચો. પણ અપકાર કોઇના ઉપર નહિ જ કરવાનો. સમકિત નિર્મળ અને દૃઢ બને. મારા આત્માને જૈન શાસનરૂપ અપૂર્વ નિધાન મળી ગયું. હવે મારે ક્યાંય દીનતા – હીનતા – લઘુતા – હલકાભાવ કરવાની જરૂર નથી.

દીક્ષા લેતાં પહેલા સાધુ-સાધ્વીજી ભગવંતો પ્રત્યે, તેમનામાં રહેલા ત્યાગ, તપ, વૈરાગ્ય – જ્ઞાનાદિ જાણીને અહોભાવ ઉછળતો હતો. સ્વયં સાધ્વીજી બની ગયા પછી આંતર – નિરીક્ષણ કરીએ તો ભાવમાં ઓટ આવી દેખાશે. સ્વાર્થ હશે ત્યાં થોડોઘણો ભાવ દેખાશે. જ્યાં પ્રતિકૂલતા – બોલાચાલી – ઘર્ષણ – ઈર્ષ્યા થાય ત્યાં ગુરુ પ્રત્યે, ગુરુબેનો પ્રત્યે, નાના પ્રત્યે સદ્ભાવ

અદૃશ્ય થઇ જાય છે. એટલું જ નહિ પણ વિપરીત – મલિન ભાવ પ્રગટી જાય છે. તેનું પૃથક્કરણ કરીએ તો દ્વેષભાવ – અરુચિભાવ – ઈર્ષ્યાવૃત્તિ – અપ્રીતિ – અહંવૃત્તિ આદિ જણાશે. જેના કારણે નિંદા – અવર્ણવાદ – એકબીજાને ઊતારી પાડવા – હલકું બોલવું વિ. માં કષાય જોર કરી જાય છે. એ આપણી મોટી ત્રુટિ છે.

અહીં એ સમજવું જોઇએ કે ગુણનો પ્રાદુર્ભાવ, ભદ્રિક – સરલપણું – પ્રાજ્ઞપણું એ મોહનીય આદિનો ક્ષયોપશમ છે. બધા જીવોના ક્ષયોપશમમાં તરતમતા હોય છે. જેથી સ્વભાવમાં મેળ મળતો નથી. તેમાં આપણે સામાને ન્યૂન = ગુણથી નાના-દોષથી ભરેલા સમજીને દુર્ભાવ કરી બેસીએ છીએ. તે આપણી ભૂલ છે. **ગુણહીન પ્રત્યે કરુણાભાવ કરવાનો છે. નહિ દ્વેષ, નહિ ધિક્કાર. કર્માધીન જીવ દયાપાત્ર છે.** માટે કદી નિંદા- હલકાઈ અરુચિ કરવી નહિ. થઈ જાય તો મિચ્છા મિ દુક્કડં કરવું.

ગુરુઓ-વડીલો કે નાના પ્રત્યે જે મલિનભાવ થઈ જાય છે તેમાં દોષદૃષ્ટિ – દોષદર્શન – પોતાની માનાકાંક્ષા – અહંવૃત્તિ વિ. દોષો ચિંતન કરતાં જણાઈ આવશે. આ દુર્ભાવોને રવાના કરવા માટે સામી વ્યક્તિમાં ગુણદર્શન – ગુણદૃષ્ટિ – નમ્રવૃત્તિ – સહિષ્ણુવૃત્તિ કેળવવાથી દુર્ભાવ અટકશે, સદ્ભાવ જાગશે, વૃદ્ધિંગત થશે.

સૌએ નિજનું આત્મમંથન કરીને વિચારવાનું છે. ‘‘હાલ હું જે ગ્રુપમાં છું ત્યાં મારી માનસિક ભાવોની હાલત કેવી છે ?’’ ભાવ સારો બને, સ્વભાવ સારો બને, સહિષ્ણુ બને, પ્રેમાળ બને, ખમી ખાવાનો બને, Let go કરવાનું બને; તો ભાવમાં આવતું માલિન્ય અટકે. ઘર-સંસારના રૂટિનમાંથી અહીં આવ્યા છીએ, પણ ભાવ ઉપર – મન ઉપર નિરીક્ષણ ન હોવાથી ગતાનુગતિક ચાલ્યા કરે છે. જેમાં ક્રોધ – ઇર્ષ્યા – દ્વેષ ભળી જતાં નુકસાન ઘણું મોટું છે. મનને સાધવાનું છે. ગુણહીન – કર્માધીન જીવો પ્રત્યે કરુણાભાવ, મંદ ક્ષયોપશમવાળા પ્રત્યે કૃપાભાવ, ગુણવાનો પ્રત્યે અહોભાવની વૃદ્ધિ કરતાં રહો.

સાધુ ગુરુમાં ગૌતમનું દર્શન કરે, સાધ્વી આર્યા ચંદનબાળાનું દર્શન કરે. આપણા પરિણામ સુંદર બન્યા રહે. ભાવની શુદ્ધિની કમાણી કરવાની છે. આ માટે વારંવાર મનનો નિગ્રહ, કષાયનો નિગ્રહ, ઇન્દ્રિય નિગ્રહ, પાયામાં જરૂરી છે.

....

સમભાવને સાધીએ

સંયમ જીવનમાં ઉપયોગ વધે – આવે... આત્માની જાગૃતિ વિશેષ વધતી રહે તે માટે અનુપ્રેક્ષાનો પ્રયોગ દરેકને શરૂ કરવા ભલામણ કરૂં છું....

રોજ આપણે આવશ્યકાદિ ક્રિયામાં ૯ વાર **કરેમિ ભંતે !** સૂત્રનો પાઠ બોલીએ છીએ. આ સૂત્રનાં અર્થ – રહસ્ય ઓછામાં ઓછું એક વાર વિચારવા....

''હે ભગવંત ! મેં સમભાવમાં ઉત્તરોત્તર સ્થિર બનવા માટે જીવન પર્યન્ત સર્વ પ્રકારના પાપ વ્યાપારનો = સાવદ્યયોગનો ત્યાગ ત્રિવિધે ત્રિવિધે કર્યો છે. મનથી વચનથી અને કાયાથી - એક પણ પાપ કરવું નહિ, કરાવવું નહિ અને પાપને સારું માનવું કે અનુમોદવું નહિ. હિંસાથી માંડીને મિથ્યાત્વ સુધીના ૧૮ પાપો સાવદ્ય છે. તેનાથી આત્માને બચાવી લેવાનો છે.

તેમાં મારી જાગૃતિના અભાવે, સહનશીલતાની ખામીથી, અનાદિની સુખશીલતાની વૃત્તિથી, પાપો પ્રત્યેના જેવા જોઈએ તેવા પશ્ચાત્તાપના અભાવે નાના-મોટા દોષો કરી બેસું છું... ક્યારેક ક્યારેક સમભાવ ગુમાવી વિષમભાવવાળો આત્માને બનાવી દઉં છું. તેમાં હે પ્રભુ ! મારી વફાદારી **કરેમિ ભંતે** સામાયિકની પ્રતિજ્ઞા પ્રત્યે ઘટતી રહી છે તેનો સહૃદય એકરાર કરું છું... **જો સામાયિકની પ્રતિજ્ઞા મુજબ મારા જીવને બનાવતો જ જાઉં તો મને સુખ-દુઃખમાં પણ અપૂર્વ સમાધિ મળતી રહેવાની !**

અનાદિની વિષય-કષાયની પર-પરિણતિથી એવો ટેવાઈ ગયેલો મારો આત્મા છે કે પગલે પગલે ભૂલ કરી બેસું છું... હવે એમાંથી મારે ઉપકારી સદ્ગુરુના બોધને અમલમાં મૂકીને ઉગારવો છે.... ખરેખર મને સદ્ગુરુ અનેકવાર મળ્યા હશે. પણ મેં તો મારા મોહનો – મમતાનો – મનગમતા વિકલ્પનો અમલ કર્યો તેથી ભાવ–સામાયિકની મને સ્પર્શના થઈ નહીં.... પણ હવે હું સામાયિકના અર્થનું વારંવાર ચિંતન – મનન કરીને સમભાવમાં સ્થિરતા લાવવા પ્રયત્નશીલ બનીશ... હવે મારે ભૂલથી પાછા ફરવું છે. દોષોને રોકવા છે. રાગ-દ્વેષને હટાવવા છે...'' આ માટે આત્માને જાગૃત કરવાની જરૂર છે.

''હે ચેતન ! તું (બીજાની) તારા શરીરની કેટલી બધી કાળજી કરે છે... એની અનુકૂળતા માટે અને પ્રતિકૂળતા ટાળવા માટે શું શું નથી કરતો !

હે ચેતન ! દેહ માટે જેમ બધુ મનગમતું કરી છૂટે છે. તે લાભદાયી બને યા ન બને પણ તેથી અધિક તારા આત્મા માટે જે કરીશ તે લાભદાયી થશે. રાગ–દ્વેષથી જનિત દોષોથી બચવા માટે પ્રતિકૂળ સંયોગ – નિમિત્ત કે અશુભકર્મના ઉદયમાં સહર્ષ કષ્ટ – દુઃખ – તકલીફને મક્કમ મનથી સહી લેવાનો અભ્યાસ પાડીશ તો તારા સમભાવની રક્ષા થશે.

તારી સુખશીલતા જ તારા માટે દુશ્મન બનીને તારા સામાયિકની-સમભાવની વિરાધના કરાવી બેસે છે. માટે સુખશીલતાના ત્યાગનો અભ્યાસ કરીશ... કષ્ટ વેઠવામાં કાયરતાને ખંખેરતો રહીશ. જે કોઈ નાનું – મોટું દુઃખ આવે છે, તે નિજના પાપકર્મના ઉદયે જ આવે છે. તેને સમજપૂર્વક સમતાથી સહી લેવામાં પાપકર્મના ક્ષયનો-નિર્જરાનો અપૂર્વ લાભ થશે. તારો આત્મા હળવો બનશે.''

એમ શુદ્ધિ કેળવતા કેળવતા પરમપદ નજીક થઇ જશે. જ્યારે રાગી-દ્વેષી, દુઃખભીરૂ, સુખરાગી આત્મા કર્મક્ષયકારી નિર્જરાને ભૂલીને કષાયને પરવશ બની જાય છે. અને અનેક ભવોનું નુકસાન કરી લે છે. અનુબંધવાળું કર્મ અનંતાનુબંધી કષાયો અને મિથ્યાત્વની પરવશતાથી પરંપરા ચલાવે રાખે છે. મોહને પરવશ જીવ કોઈનું માનવા તૈયાર થતો નથી. તેનું આ કરૂણ ફળ છે... આ દુઃખદાયી પરંપરાને તોડવા માટે – રોકવા માટે દુષ્કૃત–ગર્હા રામબાણ ઉપાય છે.

નાની સરખી પીડા –પ્રતિકૂળતા આવે ત્યારે ''મારા જ અશુભનો ઉદય છે.... માટે ક્યાંય રોષ રીસ કે કષાયમાં પડવાની જરૂર નથી. દુઃખના પ્રસંગ-નિમિત્ત કે અપ્રિય વ્યક્તિના યોગમાં દુર્ધ્યાન – કષાય – કલુષિત ચિત્ત કરતા રહેવાથી કર્મબંધનું નુકસાન અપરંપાર ઊભું થશે...

માટે હે જીવ ! મૂઢદશાનો – સ્વછંદતાનો ત્યાગ કર. ભૂતકાળની તારી જ ભૂલથી - અજ્ઞાનતાથી બંધાયેલું પાપકર્મ ઉદયમાં આવીને દુઃખ આવે છે.

તેમાં દોષ – ગુનો કે ભૂલ તારી પોતાની જ છે. તારે રોષ કરવો જ હોય તો તારા દોષવાળા આત્મા પર જ કર ! મારી ભૂલનું આ ખતરનાક પરિણામ મારે જ ભોગવવું પડે, તો હવે મારે આ ભૂલ ફરી ફરી કરવાનું ટાળવું જોઈએ જ.

'સમભાવ તારે - વિષમભાવ મારે.' આ સામાયિકની પ્રતિજ્ઞાને મારે અનુકૂળ બનીને જીવનની જીત મેળવવાની છે. વિષય કષાયની પરવશતાને પડકારવાની છે. આત્મજ્ઞાનથી - શ્રુતથી ભાવિત બનવાની જરૂર છે....

ગમે તેવી વિષમ પરિસ્થિતિમાં મનની સ્થિતિ સમભાવવાળી દૃઢ બનાવવાની સાધનાની પ્રતિજ્ઞા **કરેમિ ભંતે !** સૂત્રથી મેં સહર્ષ સકલ સંઘની વચ્ચે વૈરાગ્ય વાસિત ચિત્તથી ઉલ્લાસપૂર્વક સ્વીકારી છે... હે પ્રભુ ! પ્રતિજ્ઞા લીધી... સૂત્રથી ૯ વાર રોજ યાદ કરી પણ અર્થથી વિચારી નહિ... તેના રહસ્યને આત્મસાત્ કર્યું નહિ... તે મારી મોટી ભૂલ થઇ છે... હવે હું આ પ્રમાદભાવથી પાછા ફરવા મારા આત્માને જાગૃત કરું છું... વારંવાર વિચાર કરીને હું જાતે જ મારી ભૂલને સુધારીશ... ઉણપને દૂર કરીશ.....

મને જેવી જોઈ એ તેવી આત્મદૃષ્ટિ જાગૃત થઈ નથી... અને અનાદિના દેહાધ્યાસવાળી દૃષ્ટિ છૂટતી નથી... માટે રાગ-દ્વેષ મને ખળભળાવી મૂકે છે... મારા સમભાવને ડહોળી નાંખે છે... મારું સમતા સુખ હું કષાયો દ્વારા લૂંટાવી દઉં છું.... પ્રભુ ! મોહ–પરવશ બનેલું મન અને કુટિલ ઇન્દ્રિયોને અનુસરવાનું કટુ પરિણામ છે... જે મને શુદ્ધ સામાયિક કરવા દેતું નથી મનને સામાયિકમાં સ્થિર થવા દેતું નથી... નિર્મળભાવમાં જમાવટ કરવા દેતું નથી.''

પ્રભુ છદ્મસ્થ જીવોની પરવશતા, કાયરતા અને કુટિલતા જાણે છે... છતાં ભગવાન્ કહે છે સામાયિકની = સમભાવોની વારંવાર અનુપ્રેક્ષા કર.... તે માટે ગુરુકૃપા મેળવવાનો પ્રયત્ન કર.....

ગુરુના, ઉપકારીના, વડીલના, ગુણવાનના વિનય – બહુમાનથી – ભક્તિ અને સેવા વૈયાવચ્ચથી આ કૃપા મેળવવાની છે....

આ મેળવવા માટે સૌ પ્રથમ અહંભાવનું વિસર્જન કરતા રહેવું પડશે... ગુરુવચનનો ખૂબ ખૂબ આદર કરવો પડશે.... તો જીવનમાં આગળ વધાશે... અને ભાવ–સામાયિકનો લાભ થશે.....

ટૂંકમાં દરેક સ્થિતિમાં–નિમિત્તોમાં–પ્રસંગોમાં સમભાવ જળવાય તે રીતનો અભ્યાસ કરતા રહેવાનું છે...

વારંવાર વાંચવું, વિચારવું અને અમલ માટે પ્રયત્ન કરતા રહેવું.

....

દોષદર્શનથી દૂર રહીએ

પરમેષ્ઠિ ભગવંતો અનંત ગુણના સ્વામી બનવા પૂર્વે આપણા જેવા છદ્મસ્થ અને દોષવાળા ભૂતકાળમાં હતા. તેઓએ આત્મજ્ઞાન પામીને જ્વલંત પુરુષાર્થ કરીને દોષોનો અને કષાયોનો નિકાલ કર્યો.... બીજાના દોષો આપણને બિલકુલ ગમતા નથી. જેમકે કોઈમાં અહંભાવ–અભિમાન–ઈર્ષ્યા–અસૂયા–જૂઠ–માયા–ક્રોધ–નિંદા–કુથલી–રસગૃદ્ધિ–ઉદ્ધતાઈ–પ્રમાદ... વિ. દોષો જોતાં – સાંભળતા અરૂચિ – અભાવ પેદા થાય છે. જીવ સારો છે, પણ દોષો ખરાબ છે. બીજાના દોષ લઈને વ્યક્તિ ઉપર પણ રોષ આવી જાય છે.

અહીં જ્ઞાનીઓ કહે છે કે બીજા પ્રત્યે દયા ચિંતવવાની છે.. આપણા દોષોનું નિરીક્ષણ કરીને – આપણે કયા ગુણઠાણે છીએ ? આપણા દોષ ઉપર આપણને કેમ દુઃખ સંવેદન નથી થતું ? આવા અભ્યસ્ત થએલા દોષને કાઢવા – ઘટાડવા – વૃદ્ધિથી અટકાવવા.

(૧) કોઈના દોષ બોલવા નહિ તેવો પ્રયત્ન વધારવો.....

(૨) કોઇના દોષ સાંભળવાનો રસ રાખવો નહિ... ત્યાંથી ખસી જવું...

(૩) કોઇના દોષ જોવા કે જાણવાની કુતૂહલવૃત્તિ રાખવી નહિ...

(૪) दोषवादे च मौनम् મનનું મૌન - દોષ વિચારવા નહિ, વાણીનું મૌન-દોષ બોલવા નહિ, કાયાનું મૌન-તિરસ્કારવાળા હાવભાવ કરવા નહિ....

તમે જેવું જોશો – બોલશો – વિચારશો તેવા બની જશો... સૌથી પ્રથમ દોષોથી બચવા ક્ષુદ્ર સ્વભાવનો ત્યાગ-ગંભીરવૃત્તિ-'સવ્વે જીવા કમ્મવસ'.... ગુણવાન બનવા ગુણદર્શન–શ્રવણ–ગુણમનન–ગુણીજનનો આદર–વારંવાર અનુમોદના કરવા....

પોતાની વારંવાર થતી સ્ખલનાથી બચવા દંડ તરીકે પાંચ ખમાસમણાં પંચાંગ આપવા...

....

કષાયોને કાઢીએ

આસન્ન ઉપકારી શ્રી મહાવીરદેવ ઉત્તરાધ્યયન સૂત્રમાં ફરમાવે છે કે -

अप्पादंतो सुही होइ, अस्सिं लोए परत्थ य ।।

સુખશાંતિ અને સમાધિના અપૂર્વ સુખનો નિરંતર અનુભવ પ્રાપ્ત કરવા નિજ આત્માનું દમન જરૂરી છે. મોહગ્રસ્ત આત્માઓને માટે આ દમન અઘરૂં છે, પણ અશક્ય નથી. જે-જે આત્માઓ પ્રભુના વચને આત્મદમનનો અભ્યાસ કરે છે; તે-તે આત્માઓ-આલોકનાં જીવનકાળમાં અંતરંગ સુખી અને પરલોકમાં સદ્ગતિ અને પરંપરાએ પરમગતિના સુખના ભાગી બને છે.

અનંત–અનંત કાળથી આત્મા પોતાનું દમન કરનારો ન બન્યો... પરંતુ મોહાધીન દશામાં રાગ – દ્વેષના જોરે નિરંકુશ બની યથેચ્છ રીતે દુષ્કૃત્યોનું સેવન કર્યું, જેમાં નાના મોટા અનેક જીવોને સ્વાર્થ ખાતર સતાવ્યા, દુભાવ્યા, વૈર – વિરોધ – તિરસ્કાર કરી અપમાનિત કર્યા... ઈર્ષ્યાવૃત્તિથી આકુળ-વ્યાકુળ બની બીજાને પાડવાની કોશિશ કરી. તીવ્ર કષાયના જોરે મૂઢ દશામાં રાખનારા શલ્ય સ્વરૂપ મિથ્યાત્વને દૃઢ કર્યું. કષાયોની પરંપરા ચલાવનારા અનુબંધ મજબૂત કર્યા.

અનુબંધવાળું કર્મ ઉદયમાં આવે એટલે પોતાની વિદાય સાથે બીજા અનેક કર્મોનો પ્રવેશ કરાવી આપે. જેથી તીવ્ર કષાયના ઉદયકાળમાં જીવને આકુળતા – વ્યાકુળતા, ઉકળાટ અધિકને અધિક રહે. કોઈનું સારું જોવા દે નહિ, સારું બોલવા દે નહિ અને સારું વિચારવા દે નહિ. સારું સાંભળવા દે નહિ. અનુબંધ ઊલટું જ કામ કરાવે.

આ બધામાંથી ઉગરી જવા માટે પર્યુષણ પર્વના ઉત્કૃષ્ટ આલંબનને પામીને નિજનું આત્મમંથન કરવું જરૂરી છે. સૂક્ષ્મ મંથન દ્વારા આત્માની જાગૃતિ આવશે, અને પછી નિઃશલ્ય બનવાની સાધના દ્વારા જીવનનું શુદ્ધિકરણ સુલભ બની જશે.

અનતંજ્ઞાનીઓ જ્ઞાનમાં જોઈને ફરમાવે છે કે... મહાનુભાવો ! શલ્યયુક્ત

કષાયનું સેવન કર્મના કડવા વિપાકને આપનારૂં છે. વારંવાર જન્મ-મરણની ભયંકર પીડાનું દાન કરનાર છે. કષાયોનું મૂળ વિષયો છે. વિષયોના મૂળ રૂપ-રસ–ગંધ–સ્પર્શ–શબ્દાદિ ગુણો છે. મનગમતાં સુંદર રૂપાદિમાં રાગ – રતિ – આસક્તિ અને અણગમતાં રૂપાદિ વિષયોમાં દ્વેષ – અરતિ – જુગુપ્સા જીવ કરે છે. તે સરવાળે રાગ-દ્વેષની પરિણતિને પુષ્ટ કરી દૃઢ કરી આપે છે. જીવને મૂઢ દશામાં ખબર નથી કે મારા **અનંતા દુઃખનું મૂળ હોય તો રાગ-દ્વેષ અને કષાયની પરિણતિ છે. જે સ્વપરિણતિના દુશ્મન છે.**

પર-પરિણતિ અને રાગ-દ્વેષના તોફાનને શાંત કરવા માટે અને તેના ઉપર સંપૂર્ણ જીત મેળવવા માટે યથાસ્થિત માર્ગદર્શન અને પ્રયોગની ભવ્ય પ્રક્રિયા દર્શાવનારૂં આ જગતમાં સર્વોત્તમ એવું... રાગ-દ્વેષના વિજેતા સર્વજ્ઞ-સર્વદર્શી દેવાધિદેવ મહાવીર પરમાત્માનું ભવ્ય શાસન આપણને મળ્યું છે. જેમાં આત્માની અશુદ્ધિના કારણો છોડવાના અને આત્માના શુદ્ધિકરણના શ્રેષ્ઠ ઉપાયો કરવાના છે.

આજે આપણને ગીતાર્થ ગુરુભગવંતો આગમવાણીના માધ્યમ દ્વારા યુક્તિ દૃષ્ટાંત સાથે બોધક પ્રેરક-રોચક શૈલીમાં પર્વનો – ધર્મનો મહિમા સમજાવે છે. શ્રવણથી વંચિત રહેનારા માટે ઉપકાર કરી સ્વાધ્યાય દ્વારા આત્મશુદ્ધિ બને તેવું મનનીય સાહિત્ય સુલભ કરી આપ્યું છે. જેના શ્રવણ-ચિંતન–મનનથી આત્મા જાગૃત બને તો આપણા ગુણ-દોષનો હિસાબ મળે તેવો છે.

સ્વજીવનમાં ગુણો કેટલા પ્રગટ્યા ? દોષો કેટલા ભરેલા છે ? આ વિચારીશું ત્યારે અનુભવ થશે કે દોષો ભરચક છે. ગુણમાં ઠેકાણું નથી... આત્માનું મંથન કરનારને ખબર પડે છે કે મારામાં શું શું ખામીઓ, ત્રુટિઓ છે ? કેવા કેવા દુર્ગુણો – દોષો મને સતાવે છે ? વાસના – વિકાર મને કેવા કેવા પરવશ બનાવે છે ? કેવા કેવા સામાન્ય કોટિના નિમિત્તો પામીને હું ક્લેશ અને કષાયના ઉકળાટવાળો બનું છું ? સારા આલંબનો અને તારક નિમિત્તો મને કેમ સારી અસર કરતા નથી ? દિન દિન સંસારની ભૌતિક ઈચ્છાઓ કેમ વધતી જાય છે ? ભોગમાં અનાસક્તિ કેમ આવતી નથી ?

બીજાના દોષ જોઈને દ્વેષ કેમ જાગે છે ? વગેરે અનેક બાબતોની જાત-તપાસ, આત્મ-નિરીક્ષણ કરવામાં આવે તો આપણે ક્યાં છીએ ? તેનું વાસ્તવિક ભાન થશે. આવી જાત-તપાસ ન રાખવાથી ઘણું ગુમાવવાનું થયું છે. અને ઘણાં દોષો જીવનમાં વણાઈ ગયા છે... અને પ્રમાદથી વણાઈ રહ્યા છે..

બળવો કર્યા વિના-ક્રાંતિ લાવ્યા વિના આ દોષ હટે તેમ નથી, અને ગુણો પ્રગટે તેમ નથી. આ અંગે ઉપદેશમાલાકાર બહુ જ મહત્ત્વની પ્રેરણા આપે છે.

"अप्पा जाणइ अप्पा, जह अप्प-सक्खिओ धम्मो।
अप्पा करेइ तं तह, जह अप्प-सुहावहं होइ ।।

जं जं समयं जीवो, आविसइ जेण जेण भावेण।
सो तंमि तंमि समये, सुहासुहं बंधए कम्मं ।।"

નિશ્ચયથી વિચારીએ તો આત્માને શુભ કે અશુભ જે પરિણામ થાય છે, તેને પોતાનો આત્મા જ જાણી શકે છે. માટે ધર્મ આત્મસાક્ષીએ કરેલો પ્રમાણ છે. તેથી આત્મા પરિણામની વિશુદ્ધિ સાથે સાથે જે ધર્માચરણ કરે તે સુખ કરનારું થાય. અનુષ્ઠાન સુંદર છે, પણ આત્માના પરિણામ સારા નથી; તો બંધ કેવો પડે ? **જે જે સમયે જીવ શુભ કે અશુભ ભાવથી જેવા જેવા પરિણામ કરે છે; તે તે સમયે તે ભાવને અનુસારે શુભ કે અશુભ કર્મ બાંધે છે.**

આ શ્લોકની વારંવાર અનુપ્રેક્ષા કરી અશુભ પરિણામને થવા ન દ્યો. થાય તો શુભમાં વાળો. દુનિયામાં કે બહારમાં ગમે તેવો સારો દેખાવ કરીએ પણ અંદરથી આપણો આત્મા કેટલો સ્વચ્છ છે ? નિર્મળ – નિઃશલ્ય છે ? તે તપાસો. જો અંદરથી આપણે સારા નથી અને બહારથી સારાપણાનો દેખાવ કરીએ; તો તેની કોઈ વિશેષ કિંમત નથી. આમાં માયા – દંભનું પોષણ છે.

પોતાના દોષોને છુપાવતી માયા શલ્યરૂપ બનીને સંખ્ય-અસંખ્ય અને અનંત ભવો સુધી જીવને હલકા ભવોમાં રખડવાનું કામ સુલભ કરી આપે છે. **માયાવૃત્તિએ દોષિત આત્માને આંતરિક શુદ્ધિકરણ કરવા દીધું નહિ,**

પણ મળેલા જ્ઞાન અને હોંશિયારીની આવડતથી દોષ ઢાંકવાનું કામ કરી આપ્યું. એટલું જ નહીં, પણ આંતરિક અશુદ્ધિનું ભાન કરાવનાર પ્રત્યે અણગમો કરાવ્યો. આત્મશુદ્ધિને કરનારા પ્રાયશ્ચિત્તાદિ ધર્મને હૈયામાં રૂચવા દીધો નહિ. આત્મશુદ્ધિની બેકદર કરી તેમાં આત્મા પોતે જ ઠગાયો અને દુર્ગતિમાં ભટકતો રહ્યો.

આનંદનો પિંડ આત્મા, જ્યાં સુધી કપટરહિત, નિઃશલ્ય અને કષાય–રહિત થવાનો માર્ગ અપનાવે નહિ, ત્યાં સુધી આત્માનું ઉત્થાન, શુભ પરિણામ, શુભ ધ્યાનાદિનો લાભ દુષ્કર –દુષ્કર છે. નિષ્કપટ, નિઃશલ્ય બનવા માટે જાતે સેવેલા નાના પણ દોષનો, પાપનો એકરાર કરી આત્મસાક્ષીએ નિંદા, ગુરુસાક્ષીએ દોષ નિવેદન રૂપ ગર્હા અને પ્રાયશ્ચિત્ત લેવું. પુનઃ એવા દોષોનું પુનરાવર્તન ન થાય એવી જાગૃતિ રાખી, થઈ ગયેલા પાપ–પર્યાયને વોસિરાવવાના છે.

"નિંદામિ – ગરિહામિ – અપ્પાણં વોસિરામિ..." આ ત્રણ પદો આત્મશુદ્ધિ માટે અત્યંત મહત્વના છે, જેનો રોજની આવશ્યક ક્રિયામાં વારંવાર ઉપયોગ કરીએ છીએ. પણ ઊંડાણપૂર્વક નિરીક્ષણથી જાત-તપાસ કરવામાં આવે તો જણાય કે **પોતાના દોષની નિંદાની જગ્યાએ જીવ બીજાના દોષની નિંદા કરે છે. ગર્હાની જગ્યાએ બીજાના દોષને પ્રકાશે છે.** અને નિજના દૂષિત પાપ-પર્યાયને વોસિરાવવાની જગ્યાએ પરના દોષિત પર્યાયનો સ્વાધ્યાય કરે છે... આમ આપણા જીવનમાં ઊલ્ટી ગંગા વહે તો તેમાં આત્માનું કલ્યાણ અસંભવિત બની જાય, તેમાં નવાઈ શું ?

અનંત જ્ઞાનીઓના મોહભેદક, કષાય-નિવારક, શલ્યોદ્ધારક, આત્મશુદ્ધિકારક વચનોની વારંવાર અનુપ્રેક્ષા કરવી જરૂરી છે. પર્યુષણ મહાપર્વના આલંબને આત્મશુદ્ધિની ભવ્ય પ્રેરણા મળે છે. કર્મના મર્મ સ્વરૂપ રાગ-દ્વેષને ભેદનાર અને ધર્મના મર્મ સ્વરૂપ ઉપશમ પ્રગટાવનાર જિનાજ્ઞાનું શ્રવણ કરીને સર્વજીવો સાથેનો વૈરભાવ છોડીને મિત્રભાવ કેળવવો. છદ્મસ્થના દોષ-દર્શન છોડીને ગુણી આત્માના ગુણો જોઈ પ્રમોદ-આનંદ પ્રગટાવવો. આલોક અને

પરલોકમાં પાપકર્મોથી દુઃખી થનારા જીવો પ્રત્યે ભાવદયા સહિત દ્રવ્યદયા કરી અનુકંપા, કરૂણાને સક્રિય બનાવવા. અતિ કઠોર પરિણામવાળા ભારેકર્મી અયોગ્ય આત્મા પ્રત્યે મધ્યસ્થભાવ-ઉદાસીનતા પ્રગટાવી આત્મ–પરિણતિનું સંરક્ષણ કરવું. કોઈ પણ જીવ પ્રત્યે ન નફરત-ન ધિક્કાર-ન દ્વેષવૃત્તિ કેળવો. ખરેખર ! જિનશાસને આપણા આત્મભાવને સુરક્ષિત રાખવા કેવી ભવ્ય ભાવનાઓ દર્શાવી છે ?

વારંવાર મૈત્રી આદિ ૧૬ ભાવનાઓથી કષાયો મંદ પડે છે. આત્મવિશુદ્ધિના યોગે આત્મા વૈરમુક્ત, કપટમુક્ત, શલ્યમુક્ત બની સામર્થ્ય યોગના તથા સમતાયોગના બળે સકલ કર્મનો ક્ષય કરી અજર – અમર બને છે. સહુ કોઈ હૈયામાંથી શલ્યોને દૂર કરી સંયમ જીવનને સફળ કરશો....

....

વૈરાગ્યને વધારીએ

જીવનમાં ક્યારેય ક્લેશને-કષાયને-માયાને-નિંદાને-પ્રમાદને પુષ્ટ થવા દેશો નહિ.

સમયે સમયે આત્માને જાગ્રત રાખવાનો અભ્યાસ પાડતા રહો.

પોતે જ પોતાના આત્માને રોજ હિતશિક્ષા આપવાની.

प्रबोधाय विवेकाय, हिताय प्रशमाय च।

सम्यक् तत्त्वोपदेशाय, सतां सूक्तिः प्रवर्तते ॥

અભ્યાસ પાડશો તો ઘણો લાભ થાય તેવો છે.

કુશળ જીવ બીજાને સારામાં સારો ઉપદેશ આપી શકે છે. ખરેખર હિત અને કલ્યાણની વાત સામાને ઠસાવી શકે છે. આથી બીજા પ્રભાવિત બનીને એ વાત ઝીલી લે છે – નિયમમાં જોડાય છે. આપણને આનંદ થાય છે કે આ ભાઈ-બેન પ્રમાદ છોડીને વ્રત-નિયમાદિ આરાધનામાં સારા જોડાયા... મારો પ્રયત્ન – ઉપદેશ ફલીભૂત થયો. પેલી વ્યક્તિ પણ આપણો બહુ જ ઉપકાર માને...

હવે આપણને ઢગલાબંધ મળેલી – સાંભળેલી – **ગુરુની પ્રસાદીમાં મળેલી હિતશિક્ષાઓ માત્ર બુકલેટમાં રાખવાની છે ? સંગ્રહ કરીને રાખવાની છે ? બીજાને દેખાડવા માટે છે ?** કે વારંવાર આપણી જાતને લાગુ પડતી – પ્રમાદને ભગાડનારી, આત્માને જાગ્રત કરનારી – અશુભ કર્મબંધની પરંપરાને રોકનારી અને ઉપકારીઓ ગુરુઓ પ્રત્યે શુભભાવની – બહુમાનની વૃદ્ધિ કરનારી - હિતશિક્ષાઓ વારંવાર ચિંતવવાની છે ? આપણા આત્મામાં ભાવિત કરવાની છે ?

આત્માની મૂઢદશા – પામરદશાને ત્યજીને વારંવાર અનુપ્રેક્ષા કરીને જીવનમાં આત્મસાત્ કરવાનો પ્રયત્ન કરો. એ માટે રોજ ૫-૧૦ હિતશિક્ષાઓ વારંવાર મનન કરવી. અવશ્ય અમલ કરવો. અને જે કચરો – દોષનો સંગ્રહ થયો હોય – તે દૂર કરો. ઈર્ષ્યા-અસૂયા નિંદા-વિકથા – પ્રમાદ દૂર કરો. અનાદર –

અસદ્ભાવ દૂર કરો, જેથી આધ્યાત્મિક ભાવની સ્પર્શના થશે. અનુકૂળતાની શોધ, ખાવા-પીવાદિ પદાર્થોમાં થતા રાગ-રતિ-આસક્તિ... બધા સંસારની વૃદ્ધિના કારણો છે. પ્રતિકૂળતામાં થતાં દ્વેષ-અરતિ-ક્રોધાદિ એ સંસારની વૃદ્ધિના કારણો છે. માટે આપણા જ્ઞાનગર્ભિત વૈરાગ્યની – 'ભવનિવ્વેઓ' ની ઊંડી તપાસ કરવાની જરૂર છે.

જ્ઞાનગર્ભિત વૈરાગ્ય – તત્ત્વપરિણામથી આત્માના લક્ષવાળાને નાનું પણ હિતવચન ઉપાદેય લાગે – ભલે નાની વ્યક્તિનું હોય, તોય ખૂબ ગમે. ક્યારેક આપણાથી નાની વ્યક્તિ- સાધુ જીવનમાં હોય કે શ્રાવક જીવનમાં હોય...ક્યારેક કોઈ નિમિત્ત પામીને ક્લેશ થયો હોય ત્યારે કહે... ''મૌનના અભ્યાસથી ક્લેશથી બચી જવાય, મૌન લાભદાયી છે. એક સમયનો ક્લેશ પણ દુર્ગતિનું આયુષ્ય બંધાવી દે – માટે સંયમીએ આત્માનું દમન કરવું સારું...'' તો ''હેં ! તમે વળી મને કોણ કહેનારા ?'' એમ ન કહેતાં, હિતની વાત જ્યાંથી મળે અને આત્માને લાભકારી હોય તે સાંભળીને – જાણીને – વાંચીને આપણે આપણો સ્વઇચ્છાવાળો સ્વચ્છંદી સ્વભાવ દૂર કરી, પ્રભુવચનને – હિતવચનને - ગુરુવચનને આત્મામાં ઉતારવાનો પ્રયત્ન કરવાનો છે.

આપણે જ આપણા આત્માના ગુરુ બનવાનું છે. આપણો આત્મા સારામાં સારો સ્વભાવવાળો – ગુણિયલ – કરુણાવંત – મૈત્રી – પ્રમોદાદિ ભાવનાવાળો આપણે જ બનાવવાનો છે. શિલ્પીના કેટલા ટાંકણા પત્થરને લાગ્યા પછી મૂર્તિ બને છે ? તેમ સહનશીલતા કેળવવાની છે. ક્યારેક અનુકૂળતા ન મળે કે ચાલી જાય... તોય સમતા... પ્રતિકૂલ યોગ આવી જાય તોય સમતા...

કર્મના ઉપર જ્ઞાનનો હથોડો લગાડતા રહેવાથી ક્રોધાદિ દૂર થતાં આવે તો સૌમ્યમૂર્તિ–આનંદમૂર્તિ આત્મા બને... પૌદ્ગલિક પદાર્થની મમતા – આસક્તિ – રાગ – રતિ – જીવને અસહિષ્ણુ બનાવી દઈ જીવનો વિકાસ થવા દેતી નથી.

જાણ ચારિત્ર તે આત્મા, નિજસ્વભાવમાં રમતો રે,
લેશ્યા શુભ અલંકર્યો, મોહવને નવિ ભમતો રે.

પરભાવ – દુઃખદાયી ક્લેશકારી છે. સ્વરમણતા સુખકારી – શુદ્ધિકારી છે. અભ્યાસથી સિદ્ધ કરો.

....

ગુરુનું ગૌરવ કરીએ

(૧) વ્યક્તિગત આરાધનામાં જ્ઞાનના – નવપદના – અરિહંતપદના ખમાસમણા દેવા. કાઉસ્સગ્ગ કરવો. એંઠા મોઢે બોલાઇ જાય તો – કપડું ઝટકાઈ જાય તો – જાપ નવકારનો – પ્રભુના નામનો – શાંતિકારક છે, સમાધિકર છે.

(૨) આવશ્યક ક્રિયાના સૂત્રની શુદ્ધિ – જરૂરી સ્તુતિ – થોય જોડા – સ્તવન સજ્ઝાય – વિ. ગોખી – પરાવર્તન કરી પાકા રહે તેમ કરવું જરૂરી છે. આરાધનામાં આપણને અને બીજાને આનંદ આવે, શ્રદ્ધાને ટકાવે છે.

(૩) એક-બીજાને અરસ-પરસ ભણાવવું, પાઠો સાંભળવા – સૂત્ર–અ–- ભણેલાનું પરાવર્તન કરવું. અલ્પ ક્ષયોપશમવાળાને સહાયક બનવું... મહાલાભદાયી છે.

(૪) **ગુરુ એ પરમ આરાધ્ય તત્ત્વ છે.** દરેકે પોતાના ગુરુ, ગુરુના ગુરુ– ઉપકારી વડીલો પ્રત્યે જરાયે લઘુભાવ – હલકોભાવ આવવા દેવો નહિ... સામે બોલવું નહિ.. ગંભીર બનવું... અશુભ વાણી બોલવી નહિ.. ગુરુની આશાતના સ્વચ્છંદમતિને લઈને થાય છે. જે મિથ્યાત્વ મોહનીયાદિ અશુભકર્મ બંધાવે. દેવતત્ત્વ જેમ પરમ આરાધ્ય છે, તેમ ગુરુને પણ આપણે પરમારાધ્ય બનાવીને એમની કૃપા-અનુગ્રહ પામીને વિકાસ સાધવાનો છે.

સ્વમાં કેટલા અનંતદોષો પડેલા છે ? તેને દૂર કરવા માટે કેટલો બધો પ્રમાદ ? ગુણવાન બનવા માટે ગુણદૃષ્ટિ – ગુણાનુવાદ – ગુણચિંતન કરવાના છે. મારા જે જે ઉપકારી હોય – સહાયક હોય – આગળ વધારનાર હોય – એવા **શ્રમણધર્મના આરાધક સંયમી પ્રત્યે અશુભ વિચારવું – બોલવું કે ચિંતવવું સારું નથી.**

કર્મ સમયે સમયે બંધાય છે. કાળનો અવિભાજ્ય અંશ તે સમય છે. કર્મગ્રંથ-તત્ત્વાર્થ-કર્મપ્રકૃતિ ભણેલા જીવોને પૂછો કે જે સમયે જે જીવ અશુભ

પરિણામ – કાષાયિક પરિણામ – દુર્ધ્યાન કરે તે વખતે સાતા બાંધે કે અસાતા ? નીચગોત્ર બંધાય કે ઉચ્ચ ગોત્ર ? નામકર્મની અશુભ પ્રકૃતિઓ બંધાય.. અનાદેય-અપયશ – દૌર્ભાગ્ય – દુઃસ્વર વિ. બંધાયેલી અશુભકર્મ પ્રકૃતિ ઉદયમાં આવે ત્યારે તેનો કેવો વિપાક = અનુભવ થાય ? તે વારંવારે વિચારવું. તેવી વિષમ પરિસ્થિતિમાં સમભાવ રાખવો ઘણો કઠિન બનશે.

અશુભ કર્મ ન બંધાઈ જાય તેની ખૂબ કાળજી કરો. આજે આપણા સંબંધીઓ પરિચિતો શરીરની પૃચ્છા કરશે. 'શરીર બહુ ઊતરી ગયું... હવે તપ ન કરતાં... દવા બરાબર કરજો – આરામ બરાબર કરજો..' પણ કોઈ આત્મહિતૈષી પૂછે ખરાં કે 'મહારાજ સાહેબ કેટલી ગાથા કરી ? અભ્યાસમાં કેટલું આગળ વધ્યા ? સંયમની આરાધના કેવી ચાલે છે ? ગુરુ મહારાજની વૈયાવચ્ચ-ભક્તિ નિયમિત ચાલે છે ને ? ગુરુની ઇચ્છા-માર્ગદર્શન-પ્રેરણાનું પાલન જોરદાર કરો છો ને ? દિવસે દિવસે સંયમજીવન મેળવ્યાનો આનંદ વધતો જાય છે ને ? પરસ્પર તમે એક-બીજાનું કામ કરી છૂટો છો ને ? બિમાર-વૃદ્ધ-વડીલો પ્રત્યે બહુમાન જળવાઇ રહે છે ને ? સમિતિ-ગુપ્તિમાં ઉપયોગ બરાબર રહે છે ને ? અંતરાત્મામાં કેટલા કલાક સ્થિર બનો છો ? મૈત્રી-પ્રમોદ-કરુણા-માધ્યસ્થ ભાવનાનું મનન થાય છે ને ? ૧૬ ભાવના – ૨૫ મહાવ્રતની ભાવના – વિ. ની મહિને/બે મહિને અનુપ્રેક્ષા થાય છે ને ?' જવાબ તમારે લખવાના છે..

ટૂંકમાં ગુરુ-વડીલ-સર્વે પ્રત્યે નમ્રભાવ-કૃતજ્ઞભાવ, ગુરુકૃપા મેળવવાની તાલાવેલી, કષાયોની ઉપશાંતતા બહુ જરૂરી છે.

....

क्षमा वीरस्य भूषणम्

શ્રી વીર પરમાત્માના પ્રકૃષ્ટ આલંબને કષ્ટ-આપત્તિ-તકલીફમાં સમતાભાવ-ક્ષમાભાવ સિદ્ધ કરવા સહિષ્ણુતા ગુણને ખૂબ ખૂબ વિકસાવતા રહો... તે માટે 'બુજ્ઝ બુજ્ઝ' - પ્રભુના મુખમાંથી નીકળેલા ૪ અક્ષરો ચારે દાવાનળ જેવા કષાયોને શાંત કરી દે તેવા સમર્થ છે. વારંવાર ઉપયોગ કરતા રહો અને નિજના કષાયોનું શમન કરતાં રહો... ઇન્દ્રિયોનું અને મનનું દમન કરતાં રહો... અશુભધ્યાનનું વારણ કરતાં રહો.... સંકલ્પ-વિકલ્પોને રોકતાં રહો.... **પ્રભુની જેમ બધા જ પ્રકારના - બધી જ વ્યક્તિ તરફથી – નિમિત્તોથી - મળતાં કષ્ટોને સહન કરવાની શક્તિ આત્માનાં ભંડારમાં પડેલી છે,** જેને બહાર કાઢવાની છે.

'હે ચેતન ! નરક અને નિગોદમાં પરાધીનપણે કેવી કેવી વેદનાઓ-દુઃખો સહન કર્યા... અને અહીં તો નિજના પાપકર્મનો ક્ષય કરવા આવેલા દુઃખોમાં અસહુ કેમ બને છે ? પરાક્રમી બન... વીર્ય ફોરવ...' ક્ષમાની સિદ્ધિ સહન કરે છે તેને જ મળે છે... ક્ષમા એ વીરપુરુષનું ભૂષણ છે.

શ્રી ગૌતમસ્વામીના આલંબને નમ્રતા-વિનય-ગુરુ બહુમાન ભાવની વૃદ્ધિ કરતા રહો - જેથી સૌ કૃપાપાત્ર બનશો, જેનાથી મોહનીય કર્મનો ક્ષયોપશમ વધતો રહેશે, આત્મપરિણતિ ખીલશે, શુભ ધ્યાનમાં મન સ્થિર થશે, જેનો લાભ અમાપ છે.

જ્યારે અનાદિના અભ્યસ્ત માનાદિ કષાયો જીવને અંતરથી વિનયી બનવા દેતા નથી. બહારથી દેખાવનો વિનય હોય પણ અંતઃકરણથી ગુરુ-વડીલ-ગુણવાન પ્રત્યે વિનયભાવ-બહુમાનભાવ ન હોય તો વિશેષ લાભ થતો નથી. માટે અંતઃકરણથી સાચો વિનયભાવ પ્રગટે તે માટે ગૌતમસ્વામીનું આલંબન અજોડ છે. શ્રમણ ભગવાન મહાવીર પ્રભુએ ઉત્તરાધ્યયનનાં પ્રથમ અધિકારમાં વિનય અંગે ઘણી સુંદર વાત કહી છે. તે વાંચવી-વિચારવી અને અમલમાં મૂકવા પ્રયત્નશીલ જાગ્રત રહેવું. જે જે વસ્તુ અમલમાં મૂકીએ છીએ

તેનો લાભ છે. જાણકારીની સાર્થકતા આચરણમાં છે.

વિનય એ મોક્ષનું મૂળ છે. **'વિનય નથી તો મોક્ષ નથી.'** આ વચનો ભાવિત કરીને અહંકાર – અહંભાવ – જેટલા ઓગળે તેટલો હ્રાસ કરવાનો છે. સારી વાચનાઓ સાંભળીએ છીએ એ આપણું મહાન પુણ્ય છે. લખીએ છીએ પણ વારંવાર વિચારતા નથી અને યથાશક્ય આચરણ નથી, તેથી તેનું જે ફળ આવવું જોઈએ તે આવતું નથી. સંવેગ-નિર્વેદની વૃદ્ધિ – ચિત્તપ્રસન્નતા – પરોપકારિતા – ગંભીરતા – ઉદારતા – ક્લેશરહિતપણું વિ. અનુભવાતા નથી. માટે સારી વસ્તુની ખૂબ ખૂબ અનુપ્રેક્ષા કરીને ગુણોને આત્મસાત્ કરવામાં ઉદ્યમશીલ બનતા રહો તે જ શુભ કામના.

....

મનને મનાવીએ

નિમિત્ત મળતાં અનાદિના અભ્યસ્ત થયેલા કષાયો તરત હાજર થઇ જાય છે, જેને આપણે નિષ્ફળ બનાવવાના છે. ચૂલે મુકેલું દૂધ ઉભરો આવે કે તુરંત જરા પાણી છાંટીને ઉભરો રોકી દેવામાં આવે છે. એમાં સંસારી માણસ કુશળ હોય છે. તે રીતે વારંવાર સતાવી રહેલા ક્રોધ-માન-માયા-લોભ-ઈર્ષ્યા-અસૂયા-આદિ અંતરંગ દુશ્મનોને બિલકુલ છૂટ આપવા જેવી નથી. જેઓ બેરોકટોક છૂટ આપે છે, તેમને શારીરિક અને માનસિક આરોગ્ય ઉપર પ્રત્યક્ષ અસર થાય છે. તે આ લેખ મનનપૂર્વક વાંચવાથી સમજાશે.

પ્રત્યક્ષ નુકસાન - મનની પ્રસન્નતા અને સ્વસ્થતા જાય. લોહીનું પ્રેશર અનિયમિત બને. ક્યારેક તેમાંથી નાનો - મોટો એટેક આવી શકે. કર્મબંધમાં અશુભ કર્મની સ્થિતિ દીર્ઘ, રસબંધ તીવ્ર પડે જે વિપાક-ઉદયમાં ઘણી અસહ્ય પીડાનો અનુભવ કરાવે.

આવા અનંતા કડવા અનુભવો જાણ્યા-વેઠ્યા પછી હવે એક સંકલ્પવાળી શ્રુતભાવનાનો અભ્યાસ બહુ લાભદાયી છે. ''ગમે તેવા નિમિત્તમાં મારે ક્રોધ કરવો જ નથી. માન જોઇતું જ નથી, નાનો કે મોટો દોષ છૂપાવવો જ નથી. અને કોઇ પદાર્થની મૂર્ચ્છા રાખવી જ નથી.'' આવી વારંવાર ભાવનાથી એનો જેમ જેમ અમલ થશે તેમ તેમ કષાયોનો પ્રવેશ અટકી જશે. NO ENTRY. જેમ કૂતરાને-ચોરને-ગુંડાને પ્રવેશ આપવામાં નથી આવતો તેમ **કષાયરૂપી લૂંટારાને પ્રવેશ આપવાનો નથી. અન્યથા સમતારૂપી ધન લૂંટાઇ જતાં જીવ ગુણહીન બની જાય છે.**

દીક્ષાના દિવસથી મળેલી ચારિત્ર ધર્મની આઠ માતા - પાંચ સમિતિ + ત્રિગુપ્તિનું પાલન ઉપયોગપૂર્વક કેટલું થાય છે ? દરેકે પોતે જાત-નિરીક્ષણ કરવાનું છે. ઉપેક્ષા કે બેદરકારી બિલકુલ ચાલે નહિ. આ માટે આઠ પ્રવચન માતાની સજ્ઝાય ઉપર આ. શ્રી યશોવિજયસૂરિજી મ. સા.નું પુસ્તક મનનપૂર્વક વાંચીને આત્મસાત્ કરવા જેવું છે.

પૂજ્યપાદ ગુરુદેવના શબ્દોમાં ''બહુ કીમતી માનવમન મળ્યું છે, તો હંમેશા શુભ ઉપયોગવાળા બન્યા રહો.'' સારા ધાર્મિક વિચાર, ક્ષમાદિ ભાવ, મૈત્રી-કરુણા આદિની ભાવનાઓ, અનિત્યાદિ બાર ભાવનાની અનુપ્રેક્ષા, સ્વ-પરના સુકૃતની અનુમોદના, સ્વદુષ્કૃતોની ગર્હા-નિંદા- સંતાપ, અરિહંતાદિ ચારના શરણ સ્વીકાર-વિગેરે આલંબનોમાં મનને રાખવું એ શુભ ઉપયોગ છે.

મન-દમનથી આ બધું શક્ય છે. અશુભનો નિગ્રહ કરવાનો અભ્યાસ પાડી દ્યો. અશુભ ઉપયોગને શુભમાં વાળવાનો અભ્યાસ સિદ્ધ કરો. પ્રભુના દર્શન કરતાં વચમાં કોઈ ઊભું રહ્યું-ત્યાં રોષ રોકવા વિચારવાનું કે ''ઓહો ! આ કેવા મને અનંત ઉપકારી વીતરાગપ્રભુ મળ્યા ! કેવી એમની કઠોર સંયમ સાધના ! શક્તિ અનંત છતાં એ શક્તિ ઉપસર્ગ કરનારને હઠાવવા ન વાપરી, કિન્તુ અંતરના કષાય અને દેહની મમતા વગેરે શત્રુને દબાવી કચરી સાફ કરી દેવામાં, જાતે કષ્ટ વેઠવામાં શક્તિ વાપરી.'' આમ આડે આવનાર પ્રત્યેનો અશુભ ભાવ સ્થગિત બની જાય. આગળ વિચારતાં ''વાહ રે વાહ મારા પ્રભુ ! બાહ્ય શત્રુને તો તમે સમકિત આપ્યું, કમઠનું ૧૦-૧૦ ભવનું વૈર ચૂકાવ્યું ! ચંડકોશિયાને બુજ્ઝ બુજ્ઝ કહીને ક્રોધ છોડાવી પાપત્યાગ પૂર્વક અનશન આપ્યું ! વિરોધી થઈને વાદ કરવા-હલકા પાડવા આવેલા ગૌતમને ગણધરપદ આપ્યું ! તો પ્રભુ મને કેમ વિસાર્યો ?'' આવા મોટા ઉપદ્રવ કરનાર પર પ્રભુ ન કોપ્યા, ને હું માત્ર દર્શનની આડે આવનાર પર કોપું તો પ્રભુ મને વિસારે જ ને ?

હે આત્મન્ ! ક્યારે પણ થઈ જતાં અશુભ ઉપયોગને રોકવાનો વારંવાર અભ્યાસ કર. તીર્થંકર ભગવાન શુભ ઉપયોગ અખંડ જાળવી કેવળજ્ઞાન પામી ગયા, તેમ મારો સમય શુભ ઉપયોગમય બની રહો. અશુભ મન-વચન-કાયયોગનો વારંવાર નિગ્રહ કરવાનો અભ્યાસ પાડો. અષ્ટ પ્રવચનમાતાનું ખૂબ ઉપયોગપૂર્વક પાલન ભાવ-ચારિત્રની સ્પર્શના કરાવે છે. ૭/૮ વારની સ્પર્શના ભવનો ક્ષય કરી દે છે.

....

જીવોની જયણા કરીએ

ચાતુર્માસ એ ચાર માસ સ્થિરતાનો કાળ છે. જેમાં વરસાદ-ભેજના કારણે ત્રસ જીવોની ઉત્પત્તિ વિશેષ પ્રમાણમાં થાય છે. વનસ્પતિ-નિગોદ-ફૂગ-કંથવા-અળસિયાદિ જીવો જોવા મળે છે. **પડિલેહિય પડિલેહિય પમજ્જિય પમજ્જિય** નો ઉપયોગ વારંવાર કરવાનો છે. વસ્તુઓનું બારીકાઈથી નિરીક્ષણ કરવું. હળવાશથી પ્રમાર્જન કરવું. પૂંજણી-ચરવણી-દંડાસનનો ઉપયોગ કરવો. જીવરક્ષાનું પાલન વિશેષ ઉપયોગપૂર્વક કરવું. સમિતિ-ગુપ્તિ ચારિત્રની માતાઓ છે. જેનું પાલન-સંસ્કરણ દૃઢ બને તો ભવાંતરમાં ઉપયોગ આવતા વલ્કલચીરીની જેમ કેવળજ્ઞાન પમાડવામાં સહાયક છે. માટે જીવરક્ષાના વિષયમાં પ્રમાદ-બેકાળજી-ઉપેક્ષા ન થાય. નાનામાં નાના જીવની રક્ષા-જયણા કરવાની છે. પરિણામ કોમલ-દયાવાળા- કરુણાવાળા વધતાં રહે તેવા ઉપયોગ-ભાવના કેળવવાના છે.

અંતરંગ નિર્મળતા માટે વારંવાર ક્ષમાના અભ્યાસથી ક્રોધનો જય, નમ્રતા-લઘુતા- અહંકારના ત્યાગથી માનનો જય, સરલતા-ઋજુતા-નિર્દંભતા વડે માયાનો જય, અને મૂર્ચ્છા-મમત્વ-પરિગ્રહના ત્યાગની વૃદ્ધિ વડે લોભનો જય કરવાનો છે. આમ ચાર કષાય ઉપર જય મેળવવામાં પ્રયત્નશીલ બનશો.

....

સ્વભાવમાં સ્થિર થઈએ

સંયમજીવનમાં ગુણનો વિકાસ કરવામાં ઇન્દ્રિય નિગ્રહ – મનોનિગ્રહ – વિષયનિગ્રહ-કષાયનિગ્રહ કરવામાં જરાયે પ્રમાદ કરવો જોઇએ નહિ.

આત્માનું ઊંડું નિરીક્ષણ કરશો તો જણાશે કે ઇન્દ્રિય અને મનનો નિગ્રહ ન થતાં ઇન્દ્રિય સ્વચ્છંદી બની જાય છે. મન કલુષિત થઇ જાય છે. ઈષ્ટ વસ્તુ ન મળી કે બીજાને અપાઇ ગઇ કે પોતાની ઇચ્છા મુજબ ન થયું ત્યારે કે ઇચ્છા વિરુદ્ધ થયું ત્યારે મન સમત્વભાવ ગુમાવી બેસે છે. મન સંકલ્પ-વિકલ્પવાળું બને છે. પછી ઉપકારીઓ પ્રત્યે કે અન્યો પ્રત્યે સમતા રહેતી નથી. કોઇપણ વ્યક્તિના દોષવાળા હેય પર્યાયો જાણીને તે વ્યક્તિ પ્રત્યે દુર્ભાવ થઈ જાય છે.

પૂ. ગુરુદેવ આ. શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા કહેતાં કે **પારકા ગુન્હે આપણા આત્માને કર્મદંડ લાગે નહિ તેવી આત્મજાગૃતિ કેળવવી.** 'જાવંત કે વિ સાહૂ' સૂત્રમાં મન-વચન-કાયાના દંડથી રહિત સાધુ-સાધ્વીઓને પ્રણામ કરવામાં આવે છે. માટે પ્રત્યેક સંયમીએ સમયે સમયે બંધાતા અશુભકર્મના બંધના દંડથી અટવાનું છે. મનોયોગ-વચનયોગ-કાયયોગ અશુભ ન બને તેવો ઉપયોગ કેળવતાં રહેવાનું છે. ભગવાન કહે છે 'સમયં મા પમાયએ'. આ સૂત્ર જીવનમાં વધુને વધુ આત્મસાત્ બને તેવો અભ્યાસ સૌ આત્માર્થીએ કરતાં રહેવાનું છે.

આત્માના સ્વપર્યાય કલુષિત જણાતા પાછા ફરવાનું છે. પોતાના સ્વભાવમાં ઠરવાનું છે. પરના અશુભ પર્યાયને જાણીને ભાવદયા ચિંતવવી કે - **'સવ્વે જીવા કમ્મવસ - મારે ચિત્ત બગાડવાની જરૂર નથી'**. બહિરાત્મદશામાંથી અંતરાત્મામાં સ્થિર થવા માટે વારંવાર મનનો નિગ્રહ બહુ ઉપયોગી છે.

શ્રમણ ભગવાન મહાવીર પરમાત્માની સાધના અનેક પ્રકારની પ્રતિકૂળતા વચ્ચે સમતા ભરેલી હતી. જરાયે દ્વેષભાવ નહિ. બધા જ પ્રકારના કષ્ટો સહન કરવાની તિતિક્ષાવૃત્તિ કેળવી હતી. કર્મનિર્જરાનું પ્રધાન લક્ષ્ય હતું. આપણે

આપણી કક્ષા મુજબ કર્મનિર્જરાર્થે સહન કરવાનું જે ઘટી રહ્યું છે તે વધારતા રહેવાનું છે. આપણી નબળાઇઓ સાધનામાં કમજોર બનાવે છે. આપણે પોતે જ પોતાનું નિરીક્ષણ કરીને પ્રવેશી ગયેલા શિથિલતા-પ્રમાદ દૂર કરવાના છે. નિંદા-ટીકા-ટીપ્પણ - કોઇની પણ કરીએ, અસદ્ભાવ – ગપ્પા સપ્પા-કોઇના પ્રત્યે અરૂચિભાવ-અવજ્ઞાભાવ વિ. દુર્ભાવો સંસારની જન્માદિની વૃદ્ધિ કરનાર છે.

આત્માની અંદરમાં રહેલો મોહનીય કર્મનો સંસાર દુઃખ વેઠવા દેતો નથી-સુખશીલ બનાવી દે છે. આત્મલક્ષી જીવન ભૂલાવી દેહલક્ષી જીવન બનાવે છે. નવું ગોખવું ગમતું નથી. ભણેલાનું પુનરાવર્તન – અર્થની વિચારણા ગૌણ બની ગયા છે, તે સૌ પ્રધાન બનાવશો. પરભાવથી જેટલા વધુને વધુ બચાય તે સાધકની સાચી સાધના છે.

....

અંદર ઊતરીએ

મહાન પુણ્ય યોગે મોક્ષમાર્ગની શ્રદ્ધા સાથે ચારિત્રધર્મની પ્રાપ્તિ કરી છે. સંસારી મટીને સંયમી બન્યા છીએ. છતાં આંતર-નિરીક્ષણ કરીએ તો **કેટલો સંસાર છૂટ્યો છે ? મન-વચન-કાયા કેટલા સંયમમાં છે ? વિષય-કષાય કેટલા ઘટ્યા છે ?** આ પ્રત્યેકે વિચારવાનું છે.

અનાદિના મોહના સંસ્કારબળે સ્વેચ્છા મુજબનું જીવન તથા રહેણી કરણી કલ્યાણકારી વિવિધ યોગોની ઉપેક્ષા કરાવી દે છે, એ દુઃખનો વિષય છે. આત્મહિતકારી યોગોની અપેક્ષા રાખવી, સાધના કરવી, શક્ય અમલ કરતાં રહેવું - તેમાં આત્માનો વિકાસ છે. પ્રમાદ-જડતા-આળસને આપણે જ દૂર કરતાં રહેવાનું છે.

ખૂબ જ સારા સંયમી બનો. તેના પાયામાં ગુરુનો – વડીલોનો – ગુણી આત્માઓનો વિનય – બહુમાન – સમર્પણભાવ પ્રગટાવવાથી ઘણો લાભ થશે. થોડામાં ઘણું સમજજો... પર્યુષણ પર્વ નજીક આવી રહ્યા છે... સૌ પોતાના આત્માને ખમી-ખમાવીને હળવો બનાવો.. જિનભક્તિ – જીવમૈત્રી – સ્વની શુદ્ધિ – પરમાં ગુણદૃષ્ટિનો અભ્યાસ પાડતા રહો... એ જ એક મંગલકામના.

....

મનને નિર્મળ રાખીએ

આધ્યાત્મિક ક્ષેત્રમાં પ્રવેશ પામેલા સાધકે પળે પળે આત્માની જાગૃતિ રાખવાની છે. જીવને અનેક પ્રકારની સ્પૃહાઓ-ઈચ્છાઓ સતાવે છે.

परस्पृहा महादुःखम्, निःस्पृहत्वं महासुखम् ।

પુણ્યની કચાશના કારણે ઇચ્છાઓ પૂર્ણ થતી નથી. તેમાં આડે આવતાં જીવો પ્રત્યે અણગમો, તિરસ્કારનો ભાવ જાગ્યા કરે - એ મોટું નુકસાન છે.

ચતુર્વિધ સંઘ – સાધુ–સાધ્વી-શ્રાવક-શ્રાવિકામાંથી કોઈની ઉપર અણગમો – અરૂચિનો ભાવ સમ્યકત્વનો ઘાતક છે.. ઘાત કરે છે. બીજા જીવો પ્રત્યે દુર્ભાવ દુર્ગતિનું કારણ છે.

પુણ્યની કચાશને કારણે આપણી અપેક્ષાઓ તૂટે છે. ખૂબ સારી રીતે વાત કરવાં છતાં કોઈ વ્યક્તિ આપણું અપમાન કરી બેસે છે. ધાર્યા ગોચરી પાણી મળતા નથી. શરીર જોઈએ એવું તંદુરસ્ત રહેતું નથી. આવી જાત જાતની તકલીફો આવતી જાય છે. આવા કસોટીના પ્રસંગે મનને સંકલિષ્ટ-કલુષિત થતું બચાવી લેવું - કષાયાધીન ન બનવા દેવું - એવી અનંત જ્ઞાનીઓની આજ્ઞા છે.

મનને બગડતું અટકાવી દો એવી મનોગુપ્તિની સિદ્ધિ કરવાની છે. અન્યથા દુર્ગતિની સજા મનના બગાડાથી થાય છે - જે દુર્બુદ્ધિ જગાડે છે. ઉપકારી એવા પૂજ્યો પ્રત્યે અનાદર પેદા કરવાનું પાપ મનનો બગાડો કરે છે. મળેલા ઉત્તમ સંયમ જીવનને નિષ્ફળ બનાવી દે છે.

સંક્લેશમાં વારંવાર રમે તે સંસારી, જ્યારે સમાધિમાં રમે તે સંયમી. મારે કોઈની ય અસમાધિ કે અશાતા કે અનાદરના નિમિત્ત બનવું નથી. બીજાને અસમાધિ કરાવનારને સમાધિ દુર્લભ બને છે.

જ્ઞાનસારમાં કહ્યું છે - **જેનાથી દોષની નિવૃત્તિ ન થાય તે જ્ઞાન કે દર્શન નથી.** સવારે રાઈ પ્રતિક્રમણમાં અઢી દ્વીપમાં રહેલ સાધુ-સાધ્વીને ભાવથી

વંદન કરીએ, અને બાજુમાં રહેલા સાધુ કે સાધ્વી પ્રત્યે અનાદર – અરૂચિનો ભાવ કરીએ તે કેવી હલકી મનોવૃત્તિ ?

'**सर्वजीवस्नेहपरिणामः साधुत्वं**' સર્વજીવો પ્રત્યે સદ્ભાવનો પરિણામ સાધુપણું છે. દરેક ગ્રુપમાં પરસ્પર મૈત્રી-પ્રેમ-સદ્ભાવ-વાત્સલ્ય વધતાં રહે તેવો અભ્યાસ સિદ્ધ કરવાનો છે. સંસારના પદાર્થો, શિષ્ય-શિષ્યાનું મમત્વ ક્યારેક અશુભ ભાવો કરાવે છે. અશુભ કર્મનો બંધ કરાવે છે. જેનો વિપાક દુઃખદાયી છે... માટે આત્મરમણતા–જ્ઞાન–દર્શન–ચારિત્ર યોગની રમણતામાં જે જે બાધક ભાવો છે તેને વિવેકદૃષ્ટિથી રોકવાના છે. નિઃસ્પૃહ યોગીને ચક્રવર્તીના સુખને ટળી જાય તેવું અંતરનું સુખ છે. માટે પળે પળે અશુભ ભાવોથી પાછા ફરો. શુભ ભાવમાં સ્થિર બનો. સ્વમાં વસવાનો અભ્યાસ બહુ લાભદાયી છે. માટે પરથી ખસો.

....

મોહને મારીએ

ક્ષમાપનાના ધર્મથી આત્મા ક્લેશ-કષાયની અભ્યંતર ગ્રંથિથી મુક્ત બને છે. આ રીતે જીવનમાં ઉપશમ–ક્ષમાપનાના અભ્યાસથી મોહનીયની વિવિધ ગ્રંથિ નાશ પામે છે, જેમાં મિથ્યાત્વ – વેદત્રિક – હાસ્યાદિષટ્ક – ક્રોધાદિ ચતુષ્ક છે.

અનાદિનો આભ્યંતર કર્મ સંબંધ એ આત્માના મહાન અરિ = દુશ્મન છે. આ દુશ્મનો પ્રમાદ કરાવે છે. આત્માનું વિસ્મરણ કરાવે છે. અશુભ પરિણામમાં આત્માને મશગૂલ બનાવી દે છે. માટે પળેપળ સાધકે આત્માની જાગૃતિ અને પુરુષાર્થ કરીને મોહના અધિકારને કચડતા રહેવાનું છે. નહિ તો એ મોહ આપણને જન્મ-મરણાદિ દુઃખોમાં કચરી રહ્યો છે. અંતરંગ શત્રુઓને જીતવાની કળા સૌ જીવનમાં સિદ્ધ કરો.

પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રીજીની હિતશિક્ષામાંથી :-

(૧) વિહારમાં રોજ વહેલા ઉઠાય છે તેમ આરાધના-જપ-સ્વાધ્યાય માટે વહેલા ઊઠવાનું કરવું. સાંજના પ્રતિક્રમણ બાદ સ્વાધ્યાય કરવો.

(૨) **જીવનમાં વિનય અને વિવેક વગર ધર્મ આવતો નથી, રહેતો નથી, વધતો નથી.** માટે ગુરુઓનો-વડીલોનો પરસ્પર વિનય-મર્યાદા સભ્યતા શિષ્ટતા જાળવવી. તો જ મન સ્વસ્થ અને શાંત પ્રસન્ન રહેશે, આરાધના વધશે.

(૩) બધી જ વાતોમાં સંયમનું લક્ષ પ્રધાન બનાવવું. દોષોનો દિન દિન ઘટાડો થાય તેનો ખ્યાલ રાખવો.

(૪) બને તેટલું બોલવાનું ઓછું કરવું. મૌનનો અભ્યાસ ટેક રાખવી.

(૫) નમસ્કાર મહામંત્ર જાપ-અન્ય જાપ નિયમિત અડધો કલાક કે વધુ કરવો. અરિહંત પરમાત્મા સાથે લાગણી બંધાય. મારા આત્માનું સર્વસ્વ અરિહંત છે. એવી શ્રદ્ધા દૃઢ કરતા રહેવું.

………………

ધન ધન તે મુનિવરા !

અધ્યાત્મકલ્પદ્રુમના ૧૩/૧ શ્લોકની ભાવના વારંવાર વિચારવી. શ્લોક કંઠસ્થ કરવો.

ते तीर्णा भववारिधिं मुनिवराः तेभ्यो नमस्कुर्महे,

येषां नो विषयेषु गृध्यति मनो, नो वा कषायैः प्लुतम् ।

राग-द्वेषविमुक् प्रशान्तकलुषं साम्याप्तशर्माद्वयं,

नित्यं खेलति चात्मसंयमगुणाक्रीडे भजद्भावनाः ॥

તે મુનિવરો સંસારસાગર તરી ગયા છે, તે મુનિવરોને અમે નમીએ છીએ - કે જેઓનું મન (૧) વિષયની ગટરમાં ગૃદ્ધ થયેલું ભૂંડ નથી. (૨) કષાય અગ્નિથી શેકાતું નથી. (૩) રાગ-દ્વેષના બંધનથી મુક્ત બની રહ્યું છે. (૪) કાલુષ્ય-ભાવોમાં કુદકા મારતું નથી. (૫) સામ્યભાવથી પ્રાપ્ત સુખાદ્વૈતમાં ગરક થયેલું છે (૬) હંમેશા ભાવનાઓના ભાવનમાં લીન બની આત્મગુણો-સંયમગુણોથી શોભતા બગીચામાં રમ્યા કરે છે.

આ શ્લોકની ભાવનાથી લાભ થશે.

....

સહનશીલતા સિદ્ધ કરીએ

કલ્પસૂત્રમાં વીર પ્રભુના ચરિત્રમાંથી સુંદર બોધ મળે છે.

પ્રભુ મહાવીરદેવને ઘણાં કષ્ટો-પરિસહો-ઉપસર્ગો આવ્યા. એમાં અડીખમ રહ્યા. જરાએ ચલાયમાન ન થયા. સહનશીલતાનો પાવર - સત્ત્વ વધારતાં ગયા. તેમાં ઘણાં ભવોનાં કર્મોની નિર્જરા એક ભવમાં કરી દીધી. પ્રભુ જ્ઞાનથી જાણતાં હતા કે પૂર્વભવોમાં મારા આત્માએ મિથ્યાત્વાદિ આશ્રવોને વશ અશુભ પરિણામથી જે બંધ-અનુબંધ અશુભકર્મનો પાડ્યો છે, તેમાં નિકાચિત અશુભ કર્મના ઉદયે વિવિધ દુઃખો સ્વયં જીવને અનુભવવા પડે છે. પોતાના બાંધેલા શુભ અશુભ કર્મો જાતે જ અનુભવવા પડે છે. ફરીથી આ કર્મનો બંધ ન થાય માટે **ગમે તેવા દુઃખમાં કોઈના પ્રત્યે દ્વેષ-ધિક્કાર કરવો નથી.** કાષાયિક પરિણામનું ફળ અતિ દારૂણ સમજીને પ્રભુએ સમતા ધારણ કરી કર્મક્ષયનું લક્ષ્ય સિદ્ધ કર્યું. કલુષિત ચિત્ત કરવાથી, દ્વેષભાવથી-ક્રોધથી-અશુભકર્મ તે જ સમયે બંધાઈ જાય છે. તિતિક્ષાવૃત્તિ-સહન કરવાના સત્ત્વથી આકરામાં આકરા કષ્ટ સહન કરી અનેક ભવોના કર્મનું દેવું ઉતારી નાખ્યું. આત્મશુદ્ધિ ઉત્તરોત્તર પ્રાપ્ત કરતા રહ્યા.

આ આલંબને સૌએ જીવનમાં સહનશીલતા ગુણનો વિકાસ કરતાં રહેવાનું છે. દરેક ભવમાં સહન કરવાનું અનંત સત્ત્વ-વીર્ય-શક્તિ આત્મદ્રવ્યમાં પડેલા છે. નિગોદ અવસ્થામાં – નરકગતિ અને તિર્યંચગતિ આદિ પરાધીન સ્થિતિમાં અસહ્ય એવા દુઃખો સહન કર્યા છે. સાથે સાથે પરિણામ દૂષિત કરીને અશુભ કર્મ બાંધ્યા છે. સમ્યગ્દર્શન પામેલો જીવ વિવેકી બની પોતાના કષાયથી બાંધેલા અશુભ કર્મોનું ફળ જાણીને હવે કષાયને થવા દેતો નથી. મનને મક્કમ કરીને સહી લે છે. જેથી અશુભ બંધની પરંપરા અટકી જાય છે. સમતા યોગનું સામર્થ્ય ચરમભવી આત્માને અન્તમુર્હૂતમાં કેવલજ્ઞાન પમાડી દે છે. કોઈ પૂછે - ક્યાં સુધી સહન કરતાં રહેવાનું ? જ્યાં સુધી કેવળજ્ઞાન થાય નહિ ત્યાં સુધી. આ રીતે સૌ સંયમ જીવનમાં ઉજમાળ બન્યા રહો.

....

સમુદ્ર તર્યા... હવે ખાબોચિયામાં ડૂબીશું ?

તારક તીર્થંકર દેવોએ સ્થાપેલી શ્રમણસંસ્થામાં આજના પવિત્ર દિને તમે ઉમળકાભેર પ્રવેશ કર્યો છે.

તમારા મંગળ પ્રવેશને હું અંતરના ય અંતરથી વધાવું છું. સ્વાગતમ્... સુસ્વાગતમ્... નિષ્પાપ જીવન જીવવાના તમારા સંકલ્પને લાખ લાખ અભિનંદન... હવેથી તમે

૧ • સ્નાન વગેરે દ્વારા અપ્કાયની વિરાધના નહીં કરો.
- ગરમી લાગશે તો પણ પંખો કરવા દ્વારા તેઉકાય-વાઉકાયની વિરાધના નહીં કરો.
- ઘરની સાફ-સફાઇ વગેરે પ્રયોજને ઇંડાં ફૂટવા વગેરેની હવે સંભાવના તમે નથી રાખી.
- વાહનની અડફેટમાં આવી જતાં ગલૂડિયાનો હવે પ્રશ્ન નથી રહ્યો.
- અબ્રહ્મસેવનમાં થતી ૨ થી ૯ લાખ ગર્ભજ મનુષ્યોની વિરાધનાને તમે સર્વથા તિલાંજલિ આપી છે.

તમે હિંસાનો સમુદ્ર તરી ગયા છો. ખૂબ ખૂબ ધન્યવાદ...

૨ મૈથુનસેવનની તો વાત જ ક્યાં ?

વિજાતીયનો સ્પર્શ પણ તમે ટાળવાના...

તમે અબ્રહ્મનો સમુદ્ર તરી ગયા છો.... ફરી ફરી ધન્યવાદ.

૩ • તમે પ્લેનમાં પરદેશ નહીં જાઓ...
- ટ્રેઈનમાં દેશદેશાવર નહીં ફરો...
- કારમાં વિવિધ પ્રવાસો નહીં કરો...

તમે પ્રવાસની કુતુહલતાનો સમુદ્ર તરી ગયા છો. – અભિનંદન...

૪ હું સત્તાધીશ... હું ઘરમાં વડીલ... હું શ્રીમંત... હું ગ્રેજ્યુએટ... હું રૂપવાન્... હું મકાનમાલિક.... આવા બધા અનેકવિધ અહંકારની તમે

કોઇ જ શક્યતા હવે રાખી નથી.

તમે અહંકારના સમુદ્રને તરી ગયા છો. ખુબ સુંદર....

૫ • વસ્ત્રોની વિવિધ ફેશનની આજકાલ હારમાળા લાગી છે.

• જાતજાતની ડિઝાઈન...જાતજાતના રંગ... વિવિધ ભાત ને વિવિધ પોત... એટલી જ હેરસ્ટાઇલ... એટલા જ મેકઅપ....ને એટલા જ શૃંગાર...

શરીરની બધી જ ટાપટીપનો સમુદ્ર તમે તરી ગયા છો...ધન્યવાદ !

૬ • હવે તમારા નામે તમે બેન્ક બેલેન્સ ઊભી નહિ કરો.

• કબાટમાં વિવિધ વસ્ત્રોના ઢેર નહી ખડકો...

• લોકરમાં તમારા નામે કશું જર-ઝવેરાત નહીં હોય...

• સ્થાવર કે જંગમ...કોઇ જ પ્રોપર્ટી તમારા નામે નહીં રાખો....

ધન્ય છે તમને... પરિગ્રહનો દરિયો તરી જવા બદલ....

આ અને આવા બીજા કેટલાય સમુદ્રને તરી જવામાં તમે આજના શુભ દિને સફળ બન્યા છો.

પણ તમારા આ ભવ્ય પરાક્રમથી મોહ છંછેડાયો છે, એને ભારે ઇન્સલ્ટ લાગી ગયું છે. 'વિશ્વમાં કેટલાય જંગે બહાદૂર સત્તાધીશો, વેપારમાં નામના કાઢનારા વેપારીઓ, શ્રીમંત શાહુકારો, બુદ્ધિના ખેરખાંઓ.. ભલભલા નરબંકાઓ પણ મારી સામે નજર સુદ્ધાં ઊંચી નથી કરતા. અને તું તો એક મગતરું પણ નહીં ને તારી આ હિંમત ? મારી સામે પડ્યો છે ? મને ખતમ કરવા ચાહે છે ?'

મોહનો ભારે તેજોવધ થયો છે. અને એટલે જ એણે તમારૂં નામ હિટ લિસ્ટમાં સૌથી ઉપર મૂકી દીધું છે. તમને મહાત કરવા માટે એ મરણિયો બન્યો છે. પોતાના પૂરા શસ્ત્રસરંજામને સજાવીને એ તૈયાર થઇ ગયો છે. એ ટાંપીને બેઠો છે. તમે છિદ્ર આપો એટલી જ વાર. પછી એ એક ક્ષણનો પણ વિલંબ નહીં કરે. વાર કરી જ દેશે. અને પોતાના શિકારને ચિત પણ કરી જ દેશે.

સાધક ખૂબ જ અપ્રમત્તપણે સાધના કર્યે રાખે. ને લાખો વર્ષ સુધી નહીં...

લાખો પૂર્વ સુધી મોહને એક પણ છિદ્ર ન આપે, તો પણ મોહરાજા નથી જરાય નિરાશ થતો કે નથી છિદ્ર શોધવાનું માંડી વાળતો... આ વિશ્વમાં મોહ જેવા આશાવાદી અને ધૈર્યવાનનો જોટો જડવો મુશ્કેલ છે.

એ હવે તમને ચેલેન્જ કરશે કે -

ભલે તમે સમુદ્ર તરી ગયા,

હું તમને એક નાના ખાબોચિયામાં ડૂબાડી દઈશ...

૧ • રસ્તે જતાં આવતાં વાતોનો ... આજુબાજુ બોર્ડો જોવાનો રસ... ઈર્યાસમિતિ ચૂકવશે.

• ૫/૭ ડગલાં દૂર જવાની આળસ, પારિષ્ઠાપનિકામાં ગરબડ કરાવશે...

• થોડો દેહાધ્યાસ ગરમીના દિવસોમાં કામળીના કાળમાં પણ કામળી ઓઢવામાં ગલ્લાતલ્લા કરાવશે.

• બોલવાની બાબતમાં કાળજીનો અભાવ, આદેશની ભાષા બોલાવશે.

• સ્નેહી સંબંધીઓની વેપાર વગેરેની વાતો... આરંભ-સમારંભના રાજીપાની અનુભવ કરાવશે.

આ બધા છે હિંસાના ખાબોચિયા. સાવધ રહેજો....

૨ • અત્યાર સુધી ખૂબ સાંભળેલા... ને ગાયેલા ફિલ્મીગીતો કાનને સરવા કરશે.

• આંખ કંટ્રોલમાંથી બહાર નીકળી નવા ધમપછાડા કરશે....

• ષડ્‌રસના ભોજન જોઇ જીભ પાણી છોડવા માંડશે...

• ચામડી બધુ સુંવાળું-સુંવાળું માંગશે....

• મન, વિજાતીય સાથે વાતો વગેરેની પ્રેરણા કરશે...

આ બધા છે અબ્રહ્મના ખાબોચિયા... જાગ્રત રહેજો.

૩ • વડીલો સાથે કોઇ વાત કરી રહ્યું હોય... ચોપડી હાથમાં રહેશે ને મન તથા કાન ત્યાં જશે.

• વાજિંત્રોનો અવાજ તમને બારીએ લઇ જશે...

- ઉપાશ્રયમાંથી દેખાતું કોઇના ઘરનું ટી.વી. દૃષ્ટિને ખેંચશે.
- કોઈના ટેબલ પર રહેલો પત્ર, હાથમાં ને હૈયામાં સળવળાટ પેદા કરશે.

  આ બધા છે કૂતૂહલના ખાબોચિયા... સંભાળજો.

૪ • મન, કપડાં ઉજળાં રાખવાનું શીખવશે... આંખ એમાં રંગીન તારા જોઈને ઠરશે...

- ચશ્માની આકર્ષક – ગોલ્ડન ફ્રેમ ગમશે...
- કાપ કાઢતી વખતે અંતરથી કોઇક તમારા હાથને હાથ-પગ અને મુખ પર લઈ જવા પ્રેરણા કરશે... સાથે સાથે શરીરનો કાપ શરૂ થઇ જશે.....

  આ છે શરીરશોભાના (વિભૂષાવાડની ભંગના) ખાબોચિયા...

  માટે આત્મદૃષ્ટિવાળા બેદરકાર ન રહેશો.

૫ • આ સારી પાતળી કામળી આવી છે... આવતાં વરસે કામ લાગશે.

- પાતરાંની જોડ હલ્કી ને મનગમતી છે. ભવિષ્ય માટે રાખી મૂકું....
- સારી સારી પેન-ડાયરીઓ સામગ્રીઓ ભેગી કરી હોય તો ક્યારેક કોઇકનો લાભ મળે (?). વિહાર માટે હલ્કો અમદાવાદી ઘડો તૈયાર રાખ્યો છે. કોઈ માંગી રહ્યું છે... એને કેમ આપી દેવાય ?

  આ બધા મમતા-મૂર્છા પરિગ્રહના ખાબોચિયાં છે...

ઉપેક્ષા ન કરશો. સમુદ્ર તરીકે ૯૯,૯૯૯ રૂપિયા જે છોડ્યા છે તેને સફળ કરવા આ એક રૂપિયો છોડી દેવો ? કે આ એક રૂપિયા જેવા ખાબોચિયાના મોહમાં સરી પડી ૯૯,૯૯૯ નો જે ત્યાગ કર્યો છે એને નિષ્ફળ કરી દેવો ? આ નિર્ણય આજે જ કરી લેજો...

બેશક ! સમુદ્રને તરી જવાના તમારી હિંમત અને સાહસથી મોહ વધારે સાવધ બન્યો છે. જે હવે પૂરી તાકાત અજમાવીને પણ તમને ખાબોચિયામાં ડૂબાડી દેવા જાતજાતના કારસ્તાનો કરશે... એ નાસીપાસ નથી થયો. એ

વધુ આક્રમક બન્યો છે. તમારી આરાધનાની છાવણી સામે એણે પોતાની અનેકશઃ સફળ થયેલી વ્યૂહાત્મક છાવણી બહુ વ્યવસ્થિત રીતે ગોઠવી દીધી છે.

પણ તમારે ડરવાની જરૂર નથી.. આજે તમે દીક્ષાના દિવસે નાણ સમક્ષ ત્રણ પ્રદક્ષિણા કરી રહ્યા હતા ત્યારે દેવાધિદેવની અનુગ્રહધારા ચતુર્મુખ જિનબિંબોના નયનકમલ દ્વારા તમારા તરફ વરસી રહી હતી.

પૂજ્ય ગુરુદેવોનો તથા સાધુ-સાધ્વીજી ભગવંતોનો વાસક્ષેપ... એ ચંદનનો પાવડર નહોતો... પણ દીર્ઘ સંયમ સાધનાના પ્રચંડ પીઠબળ સાથેના એ સાક્ષાત્ આશીર્વાદ હતા.

અક્ષતથી વધાવતાં શ્રાવક-શ્રાવિકાઓ જાણે કહી રહ્યા હતા - તમે એક માતા-પિતાનો મોહ છોડ્યો છે. હવે અમે બધા જ તમારી સંયમયાત્રામાં સહાયક માતા-પિતા છીએ. આરાધનામાં સહાયક કોઈપણ સામગ્રી વહોરાવીશું... તમને સહાયક બનીશું... એવા ઉમળકાથી અક્ષતથી વધાવીએ છીએ.

દેવવંદન દરમ્યાન સ્મરણ કરાયેલા શાસનરક્ષક દેવો સમાધિમાં સહાયક બને તેવી વિનંતિ કરાયેલી છે.

તમે જ્યારે મોહશત્રુની સામે બરાબરીનો જંગ ખેલતા હશો ત્યારે આ બધા તમારી સહાયમાં પડખે ઊભા જ હશે. અને આ બધાની તાકાત એવી છે કે આવો એક મોહરાજા નહીં પણ એકી સાથે સો મોહરાજા આવીને હલ્લો કરે ને... તો પણ એ બધાને ભોંય ભેગા કરી દે...

પણ આ બધા તમને સતત એક જ સાવધાની આપે છે. **જો તમે તમારી છાવણીનાં જ છો તો અમે બધા તમારી સાથે છીએ. પણ જો તમે જ તમારી છાવણી છોડીને મોહની છાવણીમાં ચાલી ગયા... તો અમારે ભોંઠા પડીને વિલખે મોંઢે વિદાય થઈ જવું પડશે.**

તમે તમારી જ છાવણીમાં છો કે મોહની છાવણીમાં જઇ બેઠા છો ? એ જાણવા માટે -

તમે તપશ્ચર્યા કરો છો કે નથી કરતા ?... તમે ત્યાગ કરો છો કે નથી કરતા ?... તમે સ્વાધ્યાય કરો છે કે નથી કરતા ?... તમે વિનય – વૈયાવચ્ચ કરો છો કે નથી કરતા ?... આવા બધા બેરોમીટર કરતાં સૌથી વધુ સક્ષમ ને સૌથી વધુ વિશ્વાસપાત્ર બેરોમીટર-**તમે ગુરુની ઇચ્છાને (માત્ર સ્વીકાર નહિ) સહર્ષ સ્વીકાર કરો છો કે નથી કરતા ? - એ છે**...

મોહવિજેતા બનવા માટે તમારે તો માત્ર આટલું જ કરવાનું રહે છે. ગુરુની ઈચ્છાનો સહર્ષ સ્વીકાર. યાવજ્જીવ માટે તમારો આ જ જીવનમંત્ર બની રહો, અને એના દ્વારા શ્રી અરિહંતની અચિંત્ય કૃપા – વગેરે પરિબળો મેળવતા રહી જ્ઞાન – ધ્યાનમાં એવા લીન અને ઉજમાળ બનતા જિનાજ્ઞાનું પાલન કરતા કરતાં ક્ષપકશ્રેણિ પ્રાપ્ત કરો - મોહવિજેતા બનો. જીવનમાં ક્યારેય ક્લેશને –કષાયને – માયાને – નિંદાને પ્રમાદને પુષ્ટ થવા દેશો નહિ. સમય સમય આત્માને જાગ્રત રાખવાનો અભ્યાસ પાડતા રહો.

....

દુઃખથી મુક્ત થઈએ

જીવોની બેચેનીનું મૂળ મનની બિમારી છે. મનના ક્લેશો જંપવા દેતા નથી. સ્વાર્થથી બીજાને નુકસાન પહોંચાડે છે. આ રાગ-દ્વેષનો સંગ્રામ છે. મતાગ્રહ-હઠાગ્રહ-વિ. ઝનૂન સવાર થઇ જાય છે, ત્યારે પ્રેમ-કરુણા-મૈત્રી-પરોપકાર-દયાના ઝરણાઓ સૂકાઈ જાય છે. વિવેક ભૂલાઇ જાય છે. સ્વાર્થ આવે ત્યારે સંબંધોનું મૂલ્ય રહેતું નથી. સ્નેહીઓ વચ્ચે દીવાલ રચાય છે. ગાઢ મૈત્રી તૂટે છે. વેર-ઝેર ઊભા થાય છે. પોતાના લાભ સિવાય બીજું કશું દેખાતું નથી. આ બધા ક્રોધ-માનાદિ કષાયો દુઃખનું મૂળ છે.

માણસ મનથી દુઃખી છે. તેની નજર બીજા તરફ છે. **પોતે શું કરે છે ? પોતાનું શું કર્તવ્ય છે ? એ વિચારતો નથી. પણ બીજાએ શું કરવું જોઇએ ? શું ન કરવું જોઈએ ? તેની તેને ચિંતા છે.** બીજાનો ન્યાય તોલવા બેસી જાય છે ત્યારે શાંતિ ગુમાવે છે.

સમજુ આત્માએ સાવધાન બનીને પરોપકારી જીવન બનાવવું. પોતાના થકી બીજાને દુઃખ ન થાય, ક્લેશ ન થાય, હૃદય ન દુઃભાય-તેવી કાળજી કરવી. બીજાને ઉપયોગી થવાનો પ્રયાસ કરવો. માણસમાં શ્રદ્ધા-પ્રેમ-વાત્સલ્ય-કરુણા-ઉદારતા એ સાચી ગુણસમૃદ્ધિ છે. મનના સારા ભાવ એ કમાણી છે. સારા ભાવ ઉચ્ચ કોટિના આલંબનથી પ્રાપ્ત થાય છે. આપણને મળેલા અરિહંતાદિ નવ પદો-વીશ સ્થાનકના પદો - ગુણવાન આત્માઓના સાત્ત્વિક ચરિત્રોના મનન-ભાવનથી શુભ ભાવનાના ઝરણાઓ જીવનમાં વહેતા કરવાના છે.

....

સમયને સાધીએ

સમયનું વહેણ વહેતું જાય છે. જીવનની એક એક ક્ષણ ઘટતી જાય છે. મહાપુરુષો આપણને સાવધાન કરે છે. એક ક્ષણનો-સમયનો દુરુપયોગ કરવા જેવો નથી. આપણા આત્માને પળ-પળ તપાસતાં રહેવાનું છે. **આત્મપરિણતિમાં કેટલો સુધારો થયો ? રાગ-દ્વેષ કેટલા મંદ પડ્યા ? વિષયોની પરાધીનતા-અપેક્ષાઓ કેટલી ઘટી ? વારંવાર ઉકળાટ કરાવનારા કષાયો કેટલા શાંત થયા ?** આ બધું વ્યક્તિગત આત્મનિરીક્ષણ કરતાં રહેવાથી ખબર પડે. જાતે જ પોતાનો સુધારો કરવાનો છે. પોતાની વિશેષ કાળજી પોતે જ કરવાની છે.

ઉત્તરાધ્યયન સૂત્રનો પ્રથમ અધ્યાય વિનય અધિકાર છે. **વિનય એ ધર્મનું મૂળ છે, મોક્ષનું મૂળ છે, જ્ઞાનનું મૂળ છે, ગુણોનું મૂળ છે. ગુરુનું કહ્યું માનવું – ગુરુનું કહ્યું કરવું એ વિનય છે.** શ્રી ગૌતમસ્વામી મહારાજાના જીવનમાં ઉત્કૃષ્ટ ગુણ વિનય હતો. પ્રભુને પામ્યા, આત્મતત્ત્વને પામ્યા, વિરતિધર્મને પામ્યા, પ્રભુના ગણધર થયા. ગુરુ કે કોઈપણ સંયમી પ્રત્યે અભિમાન નહિ – અહંકાર નહિ, હલકાઈ કે અવજ્ઞા નહિ, અવર્ણવાદ-નિંદા નહિ. એવો 'વિનયગુણ' આત્મસાત્ કરનારા બનો એવા શુભ આશીર્વાદ છે. વિનય વગરના સંયમજીવનની કિંમત નથી.

અંતિમ દેશનામાં પ્રભુએ ગૌતમસ્વામી મહારાજાને બાજુના ગામમાં દેવશર્માને પ્રતિબોધ કરવા ફરમાવ્યું. પ્રભુના વચનને સ્વીકારીને ગૌતમસ્વામી મહારાજા ગયા. સવારે પાછા વળતાં પ્રભુ વીર ગયાના સમાચારથી મહા આઘાત લાગ્યો.. 'વીર ! વીર !' કહેતાં 'વીર તો વીતરાગ હતા' – એમ વિચારી પોતે સ્વરૂપમાં વળી ગયા. ઘનઘાતી ક્ષય કરી નૂતન વર્ષે કેવલજ્ઞાની બન્યા. ૫૦ હજાર સંયમીઓને વીતરાગ-સર્વજ્ઞ બનાવ્યા.

....

ધ્યાન ધ્યાઈએ

ધર્મધ્યાનમાં બતાવેલા ચારે ધ્યાનનો ખૂબ અભ્યાસ કરવા ભલામણ છે. ધ્યાનશતક ગ્રંથમાં સુંદર વર્ણન છે.

અપાયવિચયમાં વિચારવાનું કે 'મારા આત્માને નુકસાન થાય – અહિત થાય કે અશુભકર્મનો બંધ અનુબંધ ન પડે તેની ખૂબ પળ-પળ કાળજી કરવાની છે. મરીચિના ભવમાં - અહીં અને ત્યાં ધર્મ છે - એવું બોલવાથી ૧ કોટાકોટી સાગરોપમ સંસાર વધ્યો. લક્ષ્મણા સાધ્વી - પરના નામે પ્રાયશ્ચિત્ત - ૫૦ વર્ષનો ઘોર તપ કરવા છતાં ૮૦ ચોવીસી ભ્રમણ થયું. રૂક્મી સાધ્વી - રાગ કબૂલવાની જગ્યાએ 'પરીક્ષા કરી' – એવું કહેવારૂપ માયાદોષથી ૧ લાખ ભવ થયા. આ બધા બની ગયેલા પ્રસંગો ઉપરથી બોધ મેળવીને મારે સજાગ બનવાનું છે.' વિપાકવિચયમાં વિચારવાનું કે 'જે જે આત્માઓએ મન-વચન-કાયાને દૂઃષિત કરીને કર્મો બાંધ્યા છે તે નરક અને નિગોદના ભવમાં અનંતી પીડા અનેક ઉત્સર્પિણી-અવસર્પિણીકાળ સુધી ભોગવી રહ્યા છે. તીર્થંકર પદ પામનારા શ્રેણિક મહારાજને ૮૪ હજાર વર્ષ નરકની વેદના ભોગવવાની આવી. અનેક આત્માઓ મન-વચન-કાયાને દુઃષિત કરવાના ફળમાં અનંત દુઃખમય વિપાક અનુભવે છે'. 'समयं मा पमायए' એક પળ પણ બગાડશો નહિ.

....

ગુણવાન્ બનીએ

ગુરુવિનય-બહુમાન – ભક્તિ - વૈયાવચ્ચ - ગુણને આત્મસાત્ કરવાથી મોહનીયકર્મ-જ્ઞાનાવરણ કર્મનો ક્ષયોપશમ ખૂબ જ લાભદાયી થશે. ક્રોધ-માન-માયા-લોભ-પરિગ્રહ વધુને વધુ ઘટાડતા રહેવાથી આત્માના પ્રશમગુણનો અપૂર્વ આનંદ આવશે.

આર્તધ્યાન કરતાં રહેવાથી અશુભ કર્મો બંધાય છે. જેના વિપાક-ઉદયમાં બહુ પીડા ભોગવવી પડે છે. સમાધિ રાખવી દુષ્કર બને છે. માટે જડ પદાર્થોથી વધુને વધુ નિર્લેપતા-નિરપેક્ષતા-અનાસક્તિ – નિઃસ્પૃહતા કેળવવાની છે.

અંદરના ગુણો માટે સત્ત્વનો ઉપયોગ કરતાં રહો. સાર એ છે કે કોઈ જીવ-અજીવ સાથે ક્રોધ-વૈર-વિરોધ–બદલો લેવાની વૃત્તિ – ધિક્કાર –ઈર્ષ્યા – અસૂયા – દુર્ભાવનો અંશમાત્ર આત્મામાં – હૃદયમાં રાખવાના નથી, જે રાખવાથી આત્મા પોતાનું અહિત પોતે કરે છે. ફળમાં કર્મનો વિપાક નરક-નિગોદાદિમાં અનુભવવો પડે છે.

સૌ બધી આરાધના – સાધના – ઉપાસનામાં આત્મશુદ્ધિનું લક્ષ્ય પળ પળ ધ્યાનમાં રાખશો.

....

ભૂલ સુધારીએ

પોતાની ભૂલ શોધે તે શુદ્ધિ પામે, બીજાની ભૂલ જુએ તે (દુર્ભાવથી) શુદ્ધિ ગુમાવે. દરેક જીવ સાથે મૈત્રીભાવ અખંડિત રાખવો એ મોક્ષયોગ છે. 'मित्ती मे सव्वभूएसु, वेरं मज्झ न केणइ' આ સૂત્ર આત્માના પ્રદેશે પ્રદેશે વણવા જેવું છે.

ચિત્તના ક્લેશ, દુર્ભાવ દૂર કરી આત્માનંદ અનુભવવા પરમાં ગુણદૃષ્ટિ કેળવો. જીવને અનાદિની બીજાની ભૂલ-દોષ-છિદ્ર જોવાની આદત પડી ગઇ છે. તેના કારણે બીજા પ્રત્યે સદ્ભાવની હાનિ કરી છે. ક્યારેક દ્વેષભાવ જાગ્યો છે.. તેથી નિંદાના કારણે બીજાને દ્વેષભાવ જગાડવામાં નિમિત્ત બન્યા છીએ. આમ રાગ અને દ્વેષ એ કર્મનું મર્મ છે.

આ મર્મને ભેદી નાંખે એવો ઉપશમધર્મ મળ્યો છે. **શ્રમણધર્મનો સાર ઉપશમ છે.** આવો સાર મળ્યો હોય તો આત્મા વિશેષ જાગ્રત બનવો જોઇએ. પણ અનાદિના મોહના સંસ્કારે જીવ ભૂલો પડી જાય છે. જ્યારે કોઇ પણ જીવના ભૂલ-દોષ-દુર્ગુણ જણાય તો તે ભૂલાદિનું કારણ કર્મ છે... **આમ દોષ કર્મનો છે અને આપણે વ્યક્તિ પ્રત્યે નફરત કરી બેસીએ છીએ !** ભાવદયા રાખી સામાની ભૂલ પ્રગટ ન કરીએ તો તે શેનો બચાવ કરવાનો ?

આપણી નાની થઈ જતી ભૂલની કબૂલાતથી સામેવાળી વ્યક્તિને રોષ નહિ થવા દે, ઊલ્ટી સહાનુભૂતિ પ્રગટશે. **થયેલ ભૂલની કબૂલાત માનકષાયોનો ક્ષયોપશમ કરાવે છે.** ભૂલ ન કબૂલવી કે ભૂલનો બચાવ - તેમાં માનકષાયની પુષ્ટિ થશે. આમ જીવ નિમિત્તો પામીને કષાયોની પુષ્ટિ કરતો રહ્યો છે. ફળમાં-વિપાકમાં અનેકવિધ દુઃખ-દુર્ગતિ આદિને પરાધીનપણે ભોગવી રહ્યો છે. કષાયો દૂર થાય તો કર્મના કડવા વિપાકોની પંરપરા દૂર થાય. કષાયનું મૂળ વિષયો છે. વિષયો સ્પર્શ-રૂપ-રસ-ગંધ-શબ્દરૂપ છે. તેના નિમિત્તો વચ્ચે આપણે રહ્યા છીએ. આમાં માસતુષ મુનિને જે મંત્ર આપ્યો

હતો કે 'मा तुष मा रुष' એ જીવનમાં આત્મસાત્ કરતા રહેવાનું છે. આમ જોવા જઇએ તો નાના એવા રાગ-દ્વેષ જીવનમાં કેટલી મોટી ઊથલ-પાથલ કરી દે છે ?

આપણી ભૂલ બિલકુલ ન હોય છતાં કોઇ ભૂલનો આરોપ મૂકે તો અકળાવાની જરૂર નથી. ભલે આ ભવમાં ભૂલ નથી થઇ પણ ભૂતકાળમાં ક્યાંક સામા જીવનું ખરાબ કર્યું હશે... નિંદા કરી હશે... હલકાઇ કરી હશે. એના રાખેલા શલ્યથી આજે મારા ઉપર આરોપ મૂકે છે. એમાં ભૂતકાળની ભૂલ મારાથી થઈ છે. તેનું આ પરિણામ છે આમ વિચારી મનને સમાધાનમાં વાળી લેવું.

....

ઉપશમથી ભાવિત થઈએ

'उवसमसारं खु सामन्नं' સમસ્ત દેશોન પૂર્વ કોટિથી લઈને એક દિવસના શ્રમણ-પર્યાયનો સાર ઉપશમ છે. ઉકળતા કષાયો ક્રોધ-માન-માયા-લોભને ઠારી નાંખવા... ચારેનો રસોદય ઘટાડતાં રહેવું.. ક્ષયોપશમ વધારતાં રહેવું. ક્રોધ-માન-માયા-લોભના ગમે તેવા નિમિત્તો મળે છતાં ક્રોધાદિની જરાએ ઉદીરણા થવા દેવી નહિ. સમતા-વિનય-સરલતા-સંતોષ ગુણથી ચારેય કષાયોનો ઉપશમ ૧૫ કર્મભૂમિના સર્વે શ્રમણ-શ્રમણીઓએ જીવનમાં સિદ્ધ કરવાનો છે. **'શ્રમણ જીવનમાં ઉકળાટ-આવેશ-ઉતાવળ-અકળામણ ન જોઇએ'** તેવી આત્મપરિણતિ કેળવવાની છે.

પૂર્વે અજ્ઞાન અવસ્થામાં ૧ સેકન્ડના ક્રોધ-માનાદિથી અનેક નવા ભવો થાય તેવા કર્મ બાંધ્યા... નરક-નિગોદમાં ભયંકર અવ્યક્ત વેદનાથી ભોગવ્યા.. હવે મને પ્રભુના પરમ તત્ત્વો આશ્રવ-જીવ-અજીવ-પુણ્ય-પાપ-સંવર-નિર્જરા-મોક્ષ જાણવા મળ્યા છે. વીર પ્રભુએ ક્ષમા-સમતા-ઘોર તપ-પરિષહો-ઉપસર્ગોને સહવામાં અજબ ગજબ સત્ત્વ ફોરવ્યું છે. તેમ આપણે સૌએ સત્ત્વ ફોરવીને વધુ ને વધુ કર્મનિર્જરાનો લાભ થાય – તેવો અભ્યાસ પાડવાનો છે.

ગમે તેવા નિમિત્ત મળે છતાં મારે કોઇ વ્યક્તિ કે જડ પદાર્થ પ્રત્યે ક્રોધાદિ જાગી જાય તો તુરંત ઠારી દેવાના છે. કોઇ પ્રત્યે જરાએ અરૂચિ કરવાની નથી. ક્રોધ-માન-માય-લોભ ચારે કષાયો અને ચારે સંજ્ઞાઓને પરવશ જીવો જીવન હારી જાય છે. સફળ કરેલા ક્રોધ-માન-માયા-લોભથી કરોડ પૂર્વતણું સંયમ નિષ્ફળ બની જાય છે. સંકલ્પનો એવો અભ્યાસ પાડીને દૃઢ કરવો જોઇએ કે **કદાચ મરણ આવી જાય તો સ્વીકારવા તૈયાર છું પણ લેશમાત્ર ક્રોધ-માન-માયા-લોભ કરવા તૈયાર નથી.**

કષાયના વિકારો એ ભાવ સંસાર છે. તેને જીતવા માટે જ્ઞાન-ધ્યાન-ત્યાગ-તપ સાથે શ્રુતની ભાવનાઓ છે. પાંચે ઇન્દ્રિયના વિષયનો રાગ અને કષાયનો ઉકળાટ એ સંસારની વૃદ્ધિ કરનારા છે. માટે વૈરાગ્ય અને સમતા જીવનમાં

વધુને વધુ શ્રુતના બળે દરેકે કેળવતા રહેવાનું છે.

આહારની બાબતમાં દોષોથી બચવું. સ્વાદના રાગથી બચવું-તેના વખાણથી કે વખોડવાથી બચવું ઘણું દુષ્કર છે. પર-પરિણતિનું જોર વધુ હોવાથી પૌદ્ગલિક પદાર્થોની અનુકૂળતા તરફ મન અને ઇન્દ્રિયો વધુ ઢળેલા રહે છે. જીવનની પ્રાથમિક અવસ્થા છે. તેમાંથી મહાપુરુષોના આલંબને – શ્રુતના આલંબને – સહનશીલતાના અભ્યાસ દ્વારા આ જીવનનું પરિવર્તન પોતે જ કરતાં રહેવાનું છે. પ્રમાદ આપણે છોડવાનો છે. મોહ-મમતાને આપણે જ જીતી લેવાના છે.

પરિગ્રહસંજ્ઞાનું પણ જોર ગણું છે. આજના કાલે ઘણી વસ્તુ સુલભ છે ત્યારે સૌ પરિગ્રહ ઘટાડવા માટે દાદા પ્રેમસૂરીશ્વરજી મ.સા. ના જીવનને આંખ સાખે રાખો - એકેય પોટકું નહિ.

....

આત્મનિરીક્ષણ કરીએ

આત્માની ખોજ (નિરીક્ષણ) કરે તે ગુણનિધિ પામે. અગત્યની વસ્તુ આડી અવળી ક્યાંક મૂકાઈ જાય અને જરૂર પડે તો જ્યાં સુધી ન મળે ત્યાં સુધી શોધ-શોધ કરીએ છીએ; તેમ આપણા અમૂલ્ય આત્માના ગુણરત્નો ખોવાઈ ગયા છે, તેની શોધ આત્મ-નિરીક્ષણ દ્વારા કરવાની છે.

ગુણોને ભૂલાવનાર બહિરાત્મદશા-બહિર્મુખતા છે. પરિણતિ કેટલી રાગાદિ દોષથી રહિત કે રાગાદિ કષાયોથી ખરડાયેલી છે ? તે જોવા માટે મનને = પરિણામને = ભાવને = અધ્યવસાયને તપાસતા રહેવાનું છે. અશુભ નિમિત્તોની કેટલી બધી અસર આપણા ઉપર કેટલી ઝડપી થાય છે ? આત્મા પોતાનું ભાન કષાયાદિના યોગમાં ભૂલી જાય છે. શુભ નિમિત્તો ઢગલાબંધ મળ્યા છતાં તેની જોઈએ તેવી કેમ સારી અસર થતી નથી ? શુભ ભાવો કેમ જાગતા નથી ? કેમ ઊછળતા નથી ? આ નિરીક્ષણ બતાવે છે કે આત્મામાં મોહનીયાદિ કર્મનો મળ ઘણો પડ્યો છે. **મોહનો અભ્યાસ આપણને ઇન્દ્રિયના વિષયોમાં-બહારમાં ખેંચી જાય છે અને આત્મા લૂંટાઈ જાય છે.** માટે આત્મનિરીક્ષણનો અભ્યાસ સૌએ પોતાના આત્મા માટે રોજ ૧૫ મિનિટ જેવો કરવો લાભદાયી થશે.

આત્મનિરીક્ષકો કહે છે કે અનાદિકાળથી અંતઃકરણનો ઢાળ પ્રમાદ-સ્વાર્થ-ક્રોધ-અહંકાર-માયા-રાગ-દ્વેષ-મૂર્ચ્છા-આસક્તિ-અન્યના દોષદર્શન-સ્વગુણ અહંકાર - ઈર્ષ્યા-અદેખાઇ-શરીરની સુખશીલતા-તરફ રહ્યો છે. હવે સાવધાની પામીને કષ્ટ વેઠીને ઊર્ધ્વગામી ગુણસંપન્ન બનવા - દોષમુક્ત બનવા પળેપળે આત્માનો ઉપયોગ કેળવવો જરૂરી છે - તેમ શ્રમણ ભગવાન મહાવીર પરમાત્મા કહે છે.

માનવભવ સાથે સંયમજીવનની એક એક ક્ષણ મહાકિંમતી છે. પરમાર્થ - ક્ષમા - સહિષ્ણુતા - નમ્રતા - સરળતા - વૈરાગ્ય - ઉદાસીનતા - નિર્મળતા - નિર્વિકારિતા - અન્યમાં ગુણદર્શન - સ્વગુણગોપન - ગુણપ્રમોદ - ગુણાનુરાગ -

સ્વદોષસ્વીકૃતિ અને પશ્ચાત્તાપ - સ્વનિંદા વિ.ને કષ્ટ વેઠીને આત્મપરિણતિમાં વણવાના છે.

આત્માનો આખો સ્વભાવ બદલાઇ જાય, સંયમજીવન આનંદિત બની જાય, સંકલ્પ-વિકલ્પ દુર્ધ્યાનની માળા દૂર થઈ જાય, આત્માનંદની અનુભૂતિ થાય - તો સમજવું કે પરિણતિની-ભાવની સુંદરતા આવી છે. અન્યથા સંકલ્પ - વિકલ્પ, દુર્ભાવ - અહંકાર - આવેશ - તૃષ્ણા - ઈર્ષ્યા - ગુણદ્વેષ - ગુરુ પ્રત્યે કે અન્ય પ્રત્યે અભાવ - વિ. જો આત્મનિરીક્ષણ કરતાં ખ્યાલમાં આવી જાય તો એને અનાદિના અનંત પીડાકારી, જાણીને સમજીને રવાના કરવાના છે.

મનને વારંવાર તપાસ્યા કરો... મનનો વળાંક ક્યાં છે ? પક્ષપાત ક્યાં છે ? **માખી જેમ પાંખને વારંવાર સાફ કરે, તેમ જિનવચનથી મનને સાફ કરતા રહેવું.**

આવા નિમ્નગામી મનને કઈ રીતે સુધારવું ? એની ઘણી ચાવી પૂજ્યપાદ પરમોપકારી ગુરુદેવ પ. પૂ. આ. ભ. શ્રી વિ. ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા. ના પુસ્તક **'મનના દર્દ મનની દવા'**માં આપેલ છે. સામુદાયિક વાંચવા જેવું છે.

મહાન પુણ્યે દેવાધિદેવનું અજોડ તારક શાસન મળ્યું છે. તે આત્મા ઉપરના મોહરાજાના દુષ્ટ શાસનને દૂર કરવા માટે છે... વાતે વાતે મારા અરિહંત પ્રભુની આજ્ઞા શું છે ? ..... એ વિચારવાનું છે.

સ્ટેપલર જયણાના અર્થીએ વાપરવા જેવું નથી. જ્યારે દબાય ત્યારે વિરાધના. સામાને પીન કાઢવામાં સમય જાય તથા તે પીન આડી-અવળી જાય. કોઈને વાગે - શસ્ત્રરૂપ-અધિકરણ બને. ક્લીપ/સોયદોરાનો ઉપયોગ/ગમ-ટેઈપ/ અથવા યુ-પીન ભરાવવાની ચાલે (ટાંકણી પણ નહીં).

....

ક્ષણનો સદુપયોગ કરીએ

સમયનું વહેણ વહેતું જાય છે. તેમાં શ્રમણભગવાન મહાવીર પરમાત્માનું વચન સૌએ નજર સમક્ષ રાખવા જેવું છે. ''હે ગૌતમ ! એક ક્ષણનો પણ પ્રમાદ કરીશ નહિ. એક ક્ષણ પણ આત્માની જાગૃતિ ગુમાવીશ નહિ.'' આ ગંભીર વાત પ્રભુએ કહી છે, તેનો વિસ્તાર આપણે કરીને ક્ષણનો સદુપયોગ વધારેમાં વધારે કરતાં રહેવાનું છે.

એક ક્ષણની કિંમત અમૂલ્ય છે. ક્ષણ અને આત્માની શક્તિ બે અમૂલ્ય છે. તેનો ઉપયોગ જેટલો વધુ સારો બને તેટલો મહાન લાભ છે. જેટલો દુરૂપયોગ થાય તેનું નુકસાન અશુભ કર્મબંધ દ્વારા આપણે જ ભોગવવાનું છે. અજ્ઞાન અવસ્થામાં – મોહમૂઢ-મમતાની અવસ્થામાં જીવે શક્તિ અને સમયનો અશુભમાં મોટે ભાગે ઉપયોગ કર્યો અને પરિણામે નિગોદ-નરક-તિર્યંચ ગતિમાં જંગી કાળ દુઃખમય સ્થિતિમાં કાઢ્યો છે. ત્યાં આત્માની જાગૃતિ પામવી અતિ અતિ દુષ્કર છે.

પોતાના આત્માના પરમાર્થની – પરમહિતની ચિંતા પોતે જ કરવાની છે. ભગવાન સન્માર્ગ દેખાડે – શાસ્ત્ર ઓળખાણ આપે – ગુરુ પ્રેરણા આપે; છતાં જીવમાં પડેલું સ્વચ્છંદપણું માર્ગની અપેક્ષા ભૂલાવે, ઉપેક્ષા કરાવે. અને હિતશિક્ષાનો અમલ ન થવા દે. તેમાં નુકસાન પોતાને જ થવાનું છે.

અનાદિના કુસંસ્કારોના જોરને સ્વપરાક્રમથી દૂર કરવાનું છે, જે કુસંસ્કારો પરનિંદા – દોષદર્શન – ગુરુ પ્રત્યે અપ્રીતિ – સંયમી પ્રત્યે અસદ્ભાવ-વિકથા – ઈર્ષ્યા – અસૂયા આદિમાં ખેંચી જાય છે. જીવ તેમાં ભળી જઈને નવું ભવભ્રમણનું નુકસાન ઊભું કરે છે. આચારાંગમાં કહ્યું છે કે **પંચાચાર આદિ શિષ્ટ આચારોમાં પલોટાયેલો આત્મા પોતાનો મિત્ર છે. દૂષિત યોગમાં – દુર્ભાવમાં – દુર્ધ્યાનમાં-ખોટા સંકલ્પ – વિકલ્પમાં પલોટાયેલો આત્મા પોતાનો દુશ્મન છે.** આપણે મિત્રના ઘરમાં કેટલો સમય ? તે માટે રોજ ૧૦ મિનિટ સ્વની અનુપ્રેક્ષા કરો.

શ્રમણ ભગવાન મહાવીર પરમાત્માનું ઘોર સાધનામય જીવન આચારાંગમાં વાંચવામાં આવ્યું... પ્રભુએ ક્યાંય પણ અરૂચિ-અપ્રીતિ-અરતિ કે દુર્ભાવ થવા દીધો નથી. કેટલી આત્માના ઉપયોગવાળી અવસ્થા ! એક માત્ર દુઃખ વેઠીને કર્મનિર્જરાનું લક્ષ્ય ! આપણે પણ કર્મનિર્જરાનું લક્ષ્ય બનાવી સહન કરવાની વૃત્તિ ઉત્તરોત્તર બળવાન બનાવીને સંયમમાં ઠરવાનું છે.

ગૌતમ સ્વામી ગણધર ભગવંત જે વિનયગુણને આત્મસાત્ કરી ગયા; તે રીતે માન કષાયને બાજુએ મૂકીને, લઘુતા કેળવીને, બીજાને માન આપીને, સ્વયં અશુભના ઉદયે અપમાન/અપયશ વેઠીને વિનયગુણ - જે ધર્મનું મૂળ –કેવળજ્ઞાનનું મૂળ- મોક્ષનું મૂળ-સમકિતનું મૂળ છે, તેને જીવનમાં વિકસાવવાની ખરી સાધના મળી છે તે સૌ આત્મસાત્ કરો. તે માટે પૂજ્યોને માન આપો- ભક્તિ કરો- સેવા કરો- ગુરુને હૈયામાં વસાવો – સર્વ જીવો પ્રત્યે મૈત્રી – પ્રમોદાદિ વિકસાવો, તેમાં આત્મકલ્યાણ છે.

....

વિનયને વિકસિત કરીએ

સાધનાના માર્ગમાં આત્મગુણોની કમાણી કરવા આપણે નીકળ્યા છીએ. સર્વગુણોનું મૂળ વિનય છે. વિનય લાવવાથી બીજા ઘણા ગુણો આપણા જીવનમાં આવતાં થશે. વિનય જશે તો આવેલા ગુણો પણ ચાલ્યા જશે.

ગુરુણી-શિષ્યા-ગુરુબેનો મોટા-નાના વડીલો પ્રત્યે વિનય ગુણ જીવનમાં સિદ્ધ કરવાનો છે. વિનય એ મોક્ષનું મૂળ છે. **વિનય ગુમાવ્યો એણે મોક્ષ ગુમાવ્યો કે નહિ ?** આ આંખ સામે લાવી વારંવાર વિચારવું.

જીવનમાં અભ્યસ્ત થયેલો અહંકાર – અહંભાવ સંસારનું મૂળ છે. જેના યોગે જીવ સ્વચ્છંદી બનીને ચારે ગતિમાં રખડ્યા કરે છે. દુર્ગતિમાં કર્મની ભારે સજા ભોગવતો રહે છે. શું ખામી ? જીવે અહંકાર છોડ્યો નહિ, અને વિનયગુણનો અભ્યાસ પાડ્યો નહિ. જેણે વિનય કેળવ્યો એણે મોક્ષને નજીક કર્યો... જેમ ગૌતમ સ્વામી મહારાજા...

ચિત્તને ક્લેશથી મુક્ત કરવા માટે નાના/મોટા પ્રતિકૂળ યોગમાં – નિમિત્તોમાં Let go કરવાનું શીખી જવાથી નવા થતા કષાયોથી આત્મા બચી જશે. કષાયનિગ્રહનો લાભ થશે. સમતા અખંડિત રહેશે. નિશ્ચય નયથી આત્માનું શુદ્ધ સ્વરૂપ શાંત-નિર્મળ - કષાયના વિકાર વગરનું - પ્રશમરસમય છે - એવું વારંવાર ભાવવું - વિચારવું - ધ્યાનમગ્ન બનવું... જ્ઞાની બનીને આપણે કષાયોને જીતવાના છે, જ્યારે કષાયો જીતે તો આત્માનો પરાભવ છે.

સંયમી આત્માની જવાબદારી એ છે કે આપણે જ પ્રતિકૂળ નિમિત્તોમાં સહનશીલ બનવું. મનને સમજાવીને સમતાના અભ્યાસ દ્વારા આપણે કષાયોને મંદ કરતા રહેવાનું છે, જેથી પ્રશમસુખનો આત્મીય અનુભવ થશે.

જીવનમાં પૂજ્ય-ઉપકારી-હિતેચ્છુ વડીલો પ્રત્યે વિનય - બહુમાન – આદર – વૈયાવચ્ચ ભક્તિભાવ-પરાર્થકરણ-સ્વાર્થત્યાગ વિગેરે પાયાના ગુણોને કેળવવા અભ્યાસ કરતાં રહો. સંયમજીવન ધન્ય બની જશે.

રત્નત્રયીની આરાધનામાં પ્રસન્ન ચિત્ત, આત્માનો આનંદ અને ગુરૂકૃપા પ્રાપ્ત

કરવા જીવનમાં વિનયગુણ કેળવવાની જરૂર છે. ગુરુનો - રત્નાધિકાદિ પૂજ્ય સ્થાનોનો વિનય આંતરિક વિકાસ કરી આપે છે. મોહનીય આદિ કર્મનો ક્ષયોપશમ થાય છે.

વિનય એટલે ગુરુ પ્રત્યે સમર્પિતભાવ. એમની વાત સાંભળવી. જીવનમાં ઉતારવા પ્રયત્ન કરવો. એમની પ્રસન્નતામાં આપણી આરાધના છે. એમના પ્રત્યે બહુમાનભાવ - ભક્તિભાવ તથા આત્મીયતા કેળવવાની છે કે 'મારા તારક-ઉદ્ધારક-રક્ષક છે.' અહંત્યાગનો અભ્યાસ થતો આવે એટલે વિનયગુણની ખીલવટ થાય.

વિનયગુણમાં સૌ એવા આગળ વધો કે ગુરુના કૃપાપાત્ર બની જીવન ધન્ય બનાવી દ્યો એ જ એક શુભ કામના.

....

હૃદયને નિર્મળ બનાવીએ

હૃદયની નિર્મળતા ઉપર જ્ઞાની ભગવંતો ખૂબ ભાર મૂકે છે. વ્રતધારી માયા-નિદાન-મિથ્યાત્વશલ્યથી રહિત હોવો જોઈએ. દોષો કરવા અને છૂપાવવા એ માયાશલ્ય છે. આ શલ્યને દૂર કરવાનું છે. **રુક્મી સાધ્વીને એક લાખ ભવનું ભ્રમણ માયાશલ્યથી થયું.**

પોતાના એક એક દોષને જાણો, પશ્ચાત્તાપ કરો, નિંદા-ગર્હા-પ્રાયશ્ચિત્ત દ્વારા શુદ્ધિ કરો. દોષનો-કર્મનો ભય ઊભો કરો. માસતુષ મુનિને કેવલજ્ઞાન પમાડનાર સૂત્ર 'મા રુષ મા તુષ ' આ સૂત્રનો બધી જગ્યાએ ઉપયોગ કરતા રહેવાથી રાગ-દ્વેષના ઘણા ક્લેશમાંથી આત્મા બચી જશે. માટે 'મારું સંયમજીવન ક્લેશ વગરનું બનાવવું છે.' આ ધ્યેય મજબૂત કરો અને મનને સમયે સમયે વારતા રહો.

....

પ્રમાદને પરાસ્ત કરીએ

અરિહંત-સિદ્ધ-સાધુ-ધર્મનું મંગલ ચિત્તના ક્લેશનું નિવારણ કરે છે - તે ભાવમંગલ છે. ભવદુઃખની પરંપરાના કારણભૂત હોય એવા આશ્રવોમાંથી મુક્ત થવાની પ્રેરણા આપે છે. ઉપાદેય એવા સંવરધર્મની ઉપાસનામાં આગળ વધતાં રહેવાની પ્રેરણા આપે છે. આશ્રવોથી બચવા માટે ત્રણે યોગનો વારંવાર નિગ્રહ જરૂરી છે. મન-વચન-કાયાને પાપના વિચાર-ઉચ્ચાર-વર્તનથી વારંવાર રોકવાના છે. શુભમાં પલોટવાના છે.

''હે ચેતન ! અજ્ઞાન મૂઢ અવસ્થામાં ઘણા દુશ્ચિંતનાદિ કર્યા, કર્મો બાંધ્યા અને નરક-નિગોદમાં જઈને ભોગવ્યા. અનંતો કાળ આવી વેદનાઓ આશ્રવો-પાપબંધ દ્વારા ભોગવી છે. જ્ઞાન મળ્યા પછી - આત્મા સજાગ બન્યા પછી - હવે મારે નથી જોઈતી વેદનાઓ-પીડાઓ-ચિંતાઓ-વ્યાધિ કે ઉપાધિઓ. તો જ્ઞાનીઓ કહે છે તે અશુભ મન-વાણી-કાયાનો વધુને વધુ નિગ્રહ કરવાનો પ્રયત્ન કર. જેમાં જરાએ પ્રમાદ કરીશ નહિ. તેં પ્રમાદથી ઘણું ગુમાવ્યું છે. તેથી પ્રભુ વીર 'મા સમયં પમાયએ' કહે છે. એક એક ક્ષણ અમૂલ્ય છે. મહાકિંમતી છે. તેનો-પળે પળનો સદુપયોગ કરતો રહેજે.''

મનમાં પ્રવેશતાં પાપવિચારો–સંકલ્પો–ચિંતાઓને રોકવા માટે પૂજ્યપાદ આ. ભ. શ્રી વિ. યશોદેવસૂરીશ્વરજી મ. સાહેબે નવકારની મનમાં સ્થાપના કરી દીધી-સમય મળે કે નવકાર. એમ જીવનના સરવૈયામાં ૩૬ કરોડ નવકાર ગણ્યા. **નવકાર સમાધિમંત્ર-શાંતિમંત્ર-નિર્વૈર-નિઃશલ્ય બનવાનો મંત્ર છે.** જે પુણ્યને વધારે છે. પાપની બાદબાકી કરે છે. ગુણનો ગુણાકાર કરે છે. અને પાપ-દોષોનો ભાગાકાર કરે છે. આ ચાર ગણિત દરેક સાધનામાં લાગુ પડે છે.

જીવનમાં ગૌતમસ્વામી મહારાજા જેવો વિનયગુણ વિકસાવો... ગુરુનું કહેલું ગમે અને આદરપૂર્વક કરવાનું મન થાય. ગુરુભક્તિ-બહુમાન-સેવા-વૈયાવચ્ચ, પૂછીને કરવું, ગુરુથી કશુ છૂપાવવું નહિ, માયારહિતપણું – નિર્દંભપણું

જીવનમાં સૌ વિકસાવતા રહો.. ગુરુમાં ગુણદર્શન સિવાય બીજું કોઇ દર્શન કરવું નહિ. દોષદૃષ્ટિથી જીવ બધું હારી જાય છે ગુરુની અવજ્ઞા-અવર્ણવાદ-નિંદા-દુર્ભાવ દુશ્ચિંતન-ઘસાતું બોલવું- વિ. થી જીવ બોધિદુર્લભ બને છે. અશાતા વેદનીયાદિ અશુભ કર્મ બાંધે છે. તે પાછા જીવને જ ભોગવવા પડે છે. સૌ ઉપયોગવાળા બની પરિણામની સુંદરતાને કેળવતાં રહો.

....

અનુપ્રેક્ષાનું અમૃત આસ્વાદીએ

આત્માને અનાદિના કષાયોના ક્લેશમાંથી, વિષયોના રાગ-આસક્તિથી ઉગારનાર ભાવનાશ્રુત છે. દહીંમાં ઘી પડેલું છે. પણ મંથન કરીને માખણ અને તાવીને ઘી મળે છે. તેમ શ્રુતનું અનુપ્રેક્ષા દ્વારા વારંવાર ભાવન કરવાનું છે.

સંયમી સાધકને સ્વ-સ્વરૂપની રમણતા અનુભવવી હોય તો ડગલે પગલે પૌદ્ગલિક પદાર્થોમાં થતાં રાગ-દ્વેષ, રતિ-અરતિ, ગમો-અણગમો, અનુકૂળ-પ્રતિકૂળ એવા અનાદિના અભ્યસ્ત કુસંસ્કારોને દૂર કરવા 'મા રુષ મા તુષ'નો વારંવાર ઉપયોગ કરવાથી પરસ્વરૂપમાંથી આત્મા ખસીને સ્વ-સ્વરૂપમાં સ્થિરતા કેળવશે; જેનો લાભ મહાન છે. ભાવસામાયિકની સ્પર્શના – પ્રશમસુખનો અપૂર્વ આનંદ અનુભવાશે.

....

છોડ્યું, તેને યાદ ન કરીએ

આપણે શું છોડ્યું ? શું મેળવ્યું ? એનો ઊંડો વિચાર કરો.

સંયમ લેતી વખતે લાખો રૂપિયાની સંપત્તિ છોડી. ખાવા-પીવા- પહેરવા-ઓઢવા-હરવા-ફરવા વગેરે બધા જ મોજશોખ છોડ્યા. લક્ઝરીયસ આઈટમો છોડી, અવનવી ફેશનો છોડી [એમાંય પુરુષ કરતાં બ્હેનોનો ત્યાગ તો ઘણો જ કહેવાય. કારણકે વિવિધ ડ્રેસીસ, મેકપ, હેરસ્ટાઈલ, નેઈલપોલીશ, આઈબ્રો વગેરે હજારો આઈટમો આજકાલ નજરે ચઢે છે. તેને ત્યાગી છે.] પરિવાર છોડ્યો... સ્નેહી સ્વજનો છોડ્યા... ભવિષ્યની ભોગવિલાસની બધી આશાઓ-ઇચ્છાઓ છોડી... તમામ મોહક સામગ્રી છોડી...

એમ લાગે છે કે આખો સંસાર છોડી આવ્યા છીએ. હવે બાકી રહ્યું છે અપેક્ષાએ એક ખાબોચિયું... અહીંના સફેદ વસ્ત્રો કે જેમાં ફેશન કે વિવિધ ડીઝાઈનનો કોઈ વિકલ્પ નથી... કાષ્ઠના પાત્ર ને થોડા પેન-બોલપેન... ને આસન-કામળી વગેરે ઉપકરણો... આ બધું તો નહીંવત્ છે. આપણે જે જે છોડ્યું છે એ કેટલું બધું છે ? અ..ધ..ધ...ધ.. થઈ જાય.

હવે વિચારો - ખરી મહત્વની વાત એ છે કે આપણે જે છોડ્યું છે, એ કિંમતી છે ? કે એ છોડીને જે સંયમ મેળવ્યું છે તે બહુમૂલ્ય છે ? હવે જરા ઊંડો વિચાર કરો – પૈસા-પરિગ્રહ છોડ્યો એટલે પૈસાને મેળવવાના સાચવવાના સંક્લેશો ગયા... ગુમાવવા પર થતાં આર્ત-રૌદ્રધ્યાનથી અટક્યા.

આ બધાથી મુક્ત મનની સ્વસ્થતા-પ્રસન્નતા આપણે અંકે કરી લીધી. ફેશન-ડ્રેસ વગેરેના વિકલ્પો એટલે રાગ કે દ્વેષના નિમિત્તો એ બધાને આપણે સહજ રીતે ટાળી દીધા. ખરેખર ! થોડા સહૃદયતાથી વિચારીએ ત્યારે એમ લાગે છે કે આપણે જે છોડ્યું છે તે કશું જ નથી... જ્ઞાનીની દૃષ્ટિએ એ બધું તુચ્છ છે. તુચ્છના ત્યાગ સામે મેળવેલા સંયમ-ચારિત્ર-સ્વરૂપરમણતા અમૂલ્ય છે...

પત્થર છોડીને રત્નો મેળવ્યા છે. માટી છોડીને સોનું મેળવ્યું છે. આ વાત સતત નજર સામે રહેવી જોઇએ... ક્યાંય પણ જતી વખતે **આજુબાજુ**

નજર નાંખવી... વિવિધ દૃશ્યો જોવા - જાત-જાતના બોર્ડ વાંચવા - આ બધું કુતૂહલ છોડવું એ પત્થર છોડવા જેવું છે. અને એ છોડીને મેળવી લીધેલી ઈર્યાસમિતિ જાજ્વલ્યમાન રત્ન છે. જરાક બોલવાની ખણજ પેદા થાય છે ને આપણે એને રોકી દઈએ. એ દ્વારા મેળવાતી ભાષાસમિતિ આપણને ભારે કિંમતી લાગવી જોઈએ. સમય બચે, શક્તિ વધે, ન બોલવાથી ક્લેશથી બચીએ - વગેરે લાભ છે. જ્યારે તડ અને ફડ કરવાથી કષાયને - વૈરને ઉત્તેજન મળે... બંધાયેલી વૈરની ગાંઠ મોક્ષ તો પામવા ન દે પણ સદ્ગતિ પણ રોકે... ભાષાસમિતિનું મૂલ્ય જેવું તેવું નથી. અનર્થથી બચાવે અને પરમાર્થને સફલ કરે.

ષડ્રસના ભોજનમાં આવતા આનંદ કરતાં એના ત્યાગમાં થતું જિનાજ્ઞાનું પાલન... રસનેન્દ્રિયનો નિગ્રહ - આપણને હજારો લાખો ગણો મૂલ્યવાન લાગવો જોઈએ. **પ્રતિક્રમણમાં બેઠા બેઠા કાઉસ્સગ્ગ કરવા કે ખમાસમણા દેવામાં જે શારીરિક સુખાકારી અનુભવાય એને છોડવી એ ધૂળ છોડવા સમાન લાગે. ઊભા ઊભા ખમાસમણ દેવા વગેરેમાં પ્રતિક્રમણ અનુષ્ઠાન પરનો આદરભાવ જે વિકસે અને વીર્યાચારનું જે પાલન થાય એ સોનું મેળવી લેવા જેવું લાગે.**

વિવિધ યોગોમાં આવી બધી દૃષ્ટિ કેળવવી ખૂબ આવશ્યક છે. આવું મૂલ્યાંકન દિલમાં ભાવિત ન થાય ત્યાં સુધી ભાવોલ્લાસપૂર્વક - પ્રમાદ વિના - ઉપયોગપૂર્વક યોગની સાધના થવી બહુ જ કઠિન છે. આ વાતો ઉપજાવી કાઢેલી નથી.. અત્યંત વાસ્તવિક છે. બાહ્ય સુખ કરતાં આંતરિક સુખનો અનુભવ લાખો ગુણો ચઢિયાતો છે. બહારના સુખમાં ઘણી અપેક્ષાઓ છે જ્યારે અંતરના સુખમાં નિરપેક્ષપણું છે. રાગના વિકારી સુખ કરતા અરાગનું સ્વભાવિક સુખ કલ્પનાતીત છે.

તમે સૌ આરાધક છો. આરાધનાની તાલાવેલીવાળા છો. એટલે તમને આવી દૃષ્ટિ કેળવવામાં આનંદ અનુભવાશે. કઠિન લાગતી વસ્તુનો અભ્યાસ પડી જતાં બધું સરલ લાગશે.

તમારી જ્ઞાનશક્તિથી વિવેકનો હંસની જેમ ઉપયોગ કરશો. હંસ દૂધ અને પાણીને જુદું કરે છે, તેમ પ્રમાદને દૂર કરી આરાધનામાં ઉત્સાહ પ્રગટાવો. વધુ ચીવટપૂર્વક ચારિત્રશુદ્ધિની કાળજી કરશો. ટૂંકમાં સમિતિ-ગુપ્તિવાન્ ચારિત્રી જ્ઞાન દ્વારા વિપુલ કર્મની નિર્જરા કરે છે. ચારિત્રાદિ યોગોની બેદરકારી કરનાર કર્મ બાંધે છે. ગુરુ વિનય-બહુમાન-ભક્તિ-વૈયાવચ્ચ-આદરભાવ-સહિષ્ણુતા-સમતાને આત્મસાત્ કરતાં રહો.

....

શ્રમણજીવનનો સાર

સંયમજીવનમાં અતિ ઉપયોગી વાચના અપાઇ તેના સારરૂપે આ હિતશિક્ષા જાણશો.

ગુરુકુલવાસ :- ગુરુની સાથે વિનય-બહુમાન સાથે રહેવું. ગુરુની ઇચ્છાનુસાર કરવું. હૃદયમાં ગુરુનું સ્થાન રાખવું.

દેવ જેમ પરમ શ્રેષ્ઠ આલંબન છે તેમ ગુરુ પણ શ્રેષ્ઠ તારક આલંબન છે. ગુરુને સામાન્ય માનવાના નથી. **અનાદિ કાળથી જીવ સ્વેચ્છાનુસાર ચાલવાના સંસ્કારવાળો છે. આ સંસ્કાર દૂર કરવા માટે આત્માર્થી નિઃસ્પૃહી-પરમોપકારી- વાત્સલ્યનિધિ એવા ગુરુ મને મહાન પુણ્યે મળ્યા છે.** એમના પ્રત્યે અહોભાવ પ્રગટ્યો કે ક્ષપકશ્રેણી અને કેવલજ્ઞાન ! ગુરુની ઈચ્છા- આજ્ઞાનું પાલન કૃપાની પ્રાપ્તિ કરાવે છે.

ગુરુ શિષ્યના હિતાર્થે જ્ઞાન-ધ્યાન, ત્યાગ-તપ, પઠન-પાઠન, ભક્તિ-વૈયાવચ્ચ, પરિષહાદિમાં પ્રવર્તાવે છે. જે જે શિષ્ય-શિષ્યા નમ્ર બની વર્તન કરે છે તેઓ ગુરુની કૃપા પ્રાપ્ત કરે છે, તે યશના ભાગી બને છે.

માટે આવા પ્રમાદી જીવે કલ્યાણમિત્ર સમા ગુરુ પ્રત્યે તેમની કડકાઈ-નરમાઈ પ્રત્યે અરુચિ-દુર્ભાવ કે કદી નબળો-હલકો ભાવ કે દ્વેષભાવ થવા દેવો નહિ. છદ્મસ્થતાવશ થઇ જાય તો મિચ્છા મિ દુક્કડં કરવું. ગુરુની વિરાધનાથી ગુરુની પ્રાપ્તિ દુર્લભ બને. માટે અજ્ઞાનનિવારક – વિશુદ્ધ સંયમમાં પ્રવર્તક ગુરુના વિનય-ભક્તિ – બહુમાનથી ગૌરવની વૃદ્ધિ કરવી. **ગુરુ મારાથી મહાન્ છે.** કદીએ ગુરુના ચિત્તને કલુષિત થવામાં નિમિત્ત બનવું નહિ.

ઉચિત વિનય :- દેવ-ગુરુ-ધર્મ-શ્રુતનો વિનય કરીએ તેમ અહંકાર ઘસારે પડે... મોહનીય-જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થાય. મોક્ષની યોગ્યતા ઉત્તરોત્તર વિકાસ પામે... જ્યારે અવિનય–ઉદ્ધતાઈ-કલુષિત ભાવથી કર્મબંધ થાય. આત્માનો વિકાસ સ્થગિત થઇ જાય. વિનય મોક્ષનું મૂળ છે... અવિનય સંસારનું મૂળ છે.

વસતિ પ્રમાર્જન :- જે જગ્યાનો સૂવા-બેસવા–કાપ-ગોચરી-જ્ઞાન-સ્વાધ્યાય માટે ઉપયોગ કરવાનો હોય તે સર્વ જગ્યાનો કાજો લેવાનો... બહુ જીવવાળી જગ્યા હોય ત્યારે વિશેષ કાળજી કરવી.

વીર્યનું અનિગૂહન :- સર્વ જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપાદિ અનુષ્ઠાનોમાં વીર્ય ફોરવવું – સત્ત્વ ફોરવવું – શક્તિના ચોર ન બનવું. છતી શક્તિનો ઉપયોગ કરતાં રહેવું. અન્યથા અંતરાય કર્મ બંધાય.

સર્વત્ર પ્રશમભાવે પ્રવૃત્તિ :- ગોચરી ચર્યા – સ્વાધ્યાય-વાચના-વિહારાદિ ધર્મકાર્યો પ્રશમભાવ પૂર્વક કરવા. ઉદ્વેગ-ખેદ-ઊતાવળ નહિ... શાંત ચિત્તે સર્વ પ્રવૃત્તિ કરવાનો લાભ મહાન્ છે.

....

સહિષ્ણુ બનીએ

વિશેષ વીર્ય ફોરવીને ત્યાગ - તપ - સ્વાધ્યાય - અભ્યાસ - ભણેલા સૂત્રોના પુનરાવર્તન – સ્તવન - સજ્ઝાય સાથે દરેકે પોતે ઇન્દ્રિય વિજય-મનનો વિજય-વિષય વૈરાગ્યની વૃદ્ધિ – કષાયનિગ્રહનો વારંવાર અભ્યાસ કરવો. અણગમતી વાત એક કાનથી બીજે કાને કાઢી નાંખવી. દુર્ધ્યાન-સંકલ્પ વિકલ્પ-વિ.ના નિમિત્તો મળી જતાં Let go નો અભ્યાસ કરવાનો છે. ઘણાં અશુભ કર્મબંધથી આત્મા બચી જાય. બચાવી લેવો એ મોટો લાભ છે.

સંયમીને એક પણ ક્ષણ નકામી ગુમાવવી, બરબાદ કરવી ન પાલવે. જ્યારે સમય મળે ત્યારે સ્વાધ્યાયમાં રક્ત હોય. **સ્વાધ્યાય સાધુ-જીવનનો ભાવપ્રાણ છે. સંયમનો રક્ષક છે. સમ્યગ્દર્શનને લાવનાર-ટકાવનાર તથા ખીલવનાર છે.** સંયમજીવનના આવશ્યક યોગો-ક્રિયાઓમાં ઉપયોગશીલને બહુ નિર્જરા છે.

સહિષ્ણુતા-સહનવૃત્તિને જીવનસૂત્ર બનાવી દેવાનો દૃઢ સંકલ્પ કરશો. (૧) સહર્ષ સહન કરવામાં આત્મામાં સત્ત્વ, સ્થિરતા-સ્થિતપ્રજ્ઞતા ગુણનું ઘડતર થાય છે. (૨) સહનવૃત્તિમાં ક્ષમાધર્મની અને સમાધિની આરાધના થાય છે. (૩) આપણી સહનવૃત્તિથી સામાને અંતે પોતાની ભૂલનો પસ્તાવો થઈ સુધરવા તક છે. (૪) સહન કરી લેવામાં પાપકર્મની નિર્જરા છે. સહિષ્ણુતા ગુણથી લોકમાં યશ ફેલાય છે. (૫) ખમી ખાવામાં ઝઘડા-વૈરવૃત્તિ અટકી જાય છે. સલાહ સંપીને રહેવામાં સામાની સહાનુભૂતિ મળે છે. ઉકળાટમાં સામા ઉપર આરોપ ચડાવવાનું મહાપાપ થાય છે. (૬) **સહન કરવાની વૃત્તિથી અંતિમ સમાધિ સારી રહે છે.**

પંચસૂત્રનું મનન-ગુજરાતી ભાવાર્થનું વાંચન - ચિત્તના કલેશનું નિવારક છે. સૌનો આપણા ઉપર પ્રેમ-સદ્ભાવ ટકી રહે-મૈત્રીભાવ અખંડ રહે તેવું સુગંધિત સંયમજીવન બનાવતાં રહો - એ જ એક મંગલકામના. આ માટે પ્રત્યેક

જીવનમાં Let Goનો અભ્યાસ, સ્વમાં વસ, પરથી ખસ એટલું જીવનમાં સિદ્ધ થાય તો બસ. सुज्ञेषु किं बहुना !

....

અપ્કાયની વિરાધનાથી બચીએ

સંયમજીવનમાં રોજ નવ વાર 'કરેમિ ભંતે !' પ્રતિજ્ઞા દ્વારા સર્વ સાવદ્ય = પાપ-વ્યાપારનો ત્યાગ ત્રિવિધ-ત્રિવિધે હુ કરું છું. જેમાં સ્નાન છોડ્યું, પંખા છોડ્યા, વીજળી છોડી, લીલી વનસ્પતિનો સંઘટ્ટો છોડ્યો, કાચી માટીની કિલામણા છોડી... વિગેરે સ્થાવર-ત્રસકાયના તમામ આરંભ/સમારંભ/ મન-વચન-કાયાથી ન કરણ – ન કરાવણ અને અનુમોદન ન કરવા.

હવે આત્મનિરીક્ષણ કરીએ તો પ્રમાદ-મોહ-રાગદશા જીવને કેટલી બધી નીચે ઉતારી દે છે ? વિચારો કે હવેથી કાચાં પાણીથી સ્નાન કરવાનું નથી... કારણ ટીપે ટીપે અપ્કાયના અસંખ્યજીવ, ત્રસ જીવો સંખ્યાતા... હવે વારંવાર કાપ, શરીરના મેલની શુદ્ધિ –હાથ-પગાદિની શુદ્ધિ – વિગેરેમાં આધાકર્મી જલનો ઉપયોગ વધતો ગયો કે ઘટતો ગયો ? પાણી પીવું પડે છે તે અશક્ય પરિહાર છે. બાકી જે જીવને જેટલું બચવું હોય તેટલું પોતે બચી શકે છે. આપણે બીજા શું કરે છે તે જોવાનું નથી. હે જીવ ! મેલ પરિષહને સહન કર, બિનજરૂરી દોષિત અચિત્ત પાણીનો ઉપયોગ કર નહિ. **કપડા અને શરીરનો મેલ ખટકે છે એટલો આત્માનો સહજમલ = રાગ-મૂર્છા-મમતાનો મળ કેમ ખૂંચતો નથી ?** આંતર નિરીક્ષણની ખૂબ ખૂબ જરૂરત છે. થોડોક મેલ પરિષહ સહન કરી લઈએ તો કેટલો લાભ ? આધાકર્મી પાણીના દોષથી બચાય, શરીર-કપડાનો રાગ ઘટે, ક્યારેક મિશ્ર પાણી હોય તો તેથી જીવરક્ષાનો લાભ, વરસાદ-પરઠવવાની જગ્યાની વિરાધનાથી બચાય, વિભૂષા દોષની વાડથી બચવાનું બને. સમય બચે, કીડી-માખીની વિરાધતાથી બચવાનું થાય વિ. આમાં વિશેષ તો આત્મા પુદ્ગલપિંડના રાગથી બચે એ મહત્ત્વનું છે. મનને આપણે કેવું તૈયાર કરીએ છીએ તેના ઉપર બધો આધાર છે. 'મનની જીતે જીત અને મનની હારે હાર.'

....

પરિષહોને જીતીએ

(૧) અનાદિ કાલથી જીવમાં સહન કરવાની શક્તિ ભરપૂર પડેલી છે. મોહની અધીનતા શક્તિને રોકી રાખે છે - 'મારાથી સહન ન થાય..' જ્યારે જીવને આત્મજ્ઞાન પ્રગટે છે, ત્યારે જાણવા મળે છે કે નહિ સહન કરવાના પ્રભાવે કર્મક્ષય થયા નહિ, નવો કર્મબંધ થયો. પરિણામે જન્મ-જરા-મરણના કષ્ટોની પરંપરા ચાલતી રહી. સહન કરીને સમતા રાખવાથી લાભ છે - ભવમુક્તિ છે. આત્મા અજર-અમર બને છે.

(૨) મન સંકલ્પ-વિકલ્પ, દુર્ધ્યાન, દુશ્ચિંતનથી, નકામા વિચારોથી મુક્ત રહે તે માટે જિનાગમના શાસ્ત્રોનો સૂત્ર-અર્થ સાથે સંગીન અભ્યાસ કરવો, પુનરાવર્તન કરવું. અનુપ્રેક્ષા કરી એકાગ્રતામાં આગળ વધવું તે ભવકોટિકર્મક્ષયનું કારણ બને છે.

(૩) મનના નિગ્રહનો વારંવાર અભ્યાસ, તે જ રીતે ઇન્દ્રિયોનો નિગ્રહ કરવો. કુતૂહલતા ટાળવી, વિષયો પ્રત્યે ઉદાસીન ભાવની વૃદ્ધિ તથા કષાયોને જીતવા. વારંવાર Let go નો અભ્યાસ પાડવાથી ક્લેશો શમી જાય છે. ''**મારે ક્લેશ વગરનું સંયમ જીવન બનાવવું છે.** મારે 'અહં અને મમ'ના જોરને નીચોવી નાખવાનું છે. **'નાહં ન મમ'** ને આત્મસાત્ કરવાનું છે.'' ગુણવાન-સંયમી જીવો પ્રત્યે ગુણાનુરાગ સાથે આત્માનો ઉપયોગ જાગૃત રહે... કોઈના પ્રત્યે અરુચિ – અસદ્ભાવ ન જોઈએ તે પાયામાં જરૂરી છે. सव्वे जीवा कम्मवस સમજીને આપણા પરિણામ સુંદર રાખવા.. મધ્યસ્થ ભાવને જીવનમાં વણવાનો છે. પરિણામ સુંદર એનું સંયમજીવન સફળ.

(૪) મનની મૂઝવણ-અશાંતિ-આકુળતા-વ્યાકુળતા ટાળવા માટે અરિહંત-સિદ્ધ-સાધુ-કેવલીપ્રરૂપિત ધર્મનું શરણ ભાવપૂર્વક લેવાથી શાંતિનો લાભ થશે. આત્મામાં પ્રકાશ થશે કે આ તકલીફ-પીડા - દુઃખ કેમ આવ્યા ? ધર્મથી વિપરીત વર્તન કર્યું માટે આ દુઃખદ પરિણામ આવ્યું

છે. તેમાં સંક્લેશ-ક્રોધ કરવાથી અશુભ કર્મ બંધાશે... જે પાછા દુઃખ આપશે. 'चत्तारि सरणं' સંક્લેશનું વારણ કરે છે.

આત્મામાં પડેલી સહનશક્તિને બહાર કાઢવાથી અશુભ કર્મનો ક્ષય થશે. સહન કરવાનો લાભ અપરંપાર છે.

હે આત્મન્ ! મને મળેલું સંયમજીવન સફળ બને તે માટે ઉપકારી ગુરુ-જૈન શાસન પ્રત્યે સમર્પણભાવ, પ્રતિકૂળ સંયોગમાં અબહુમાન નહિ, બહુમાન ટકાવી રાખવું તેમાં સફળતા છે. **મારું સંયમજીવન દિનદિન રાગ-દ્વેષ ઘટાડવા માટે છે.** બાવીશ પ્રકારના પરિષહો-દુઃખો એ આનંદપૂર્વક સહી પરાક્રમ વીર્ય પ્રગટાવવા માટે છે. પ્રભુ મહાવીરદેવના જીવનના આદર્શને સામે રાખવું. શું પ્રભુની અપ્રમત્ત સાધના ! વારંવાર વિચારવી. જોમ પ્રગટશે. જેનાથી દોષની નિવૃત્તિ ન થાય, દોષ ઘટે નહિ તે જ્ઞાન નથી, દર્શન નથી. સંકલિષ્ટ ચિત્તવાળાની બધી સાધના-ઉપાસના નિષ્ફળ બને છે. ગુણશોધક દૃષ્ટિ ઉપકારી છે, દોષદૃષ્ટિ અપકાર કરનારી છે.

થોડામાં ઘણું માની સૌ રત્નત્રયી આરાધનામાં ઉજમાળ રહો.

....

ગુરુના અનાદર - અવજ્ઞા - આશાતના ન કરીએ

જેમ દેવતત્ત્વ મહાન્ છે. તેવું જ ગુરુતત્ત્વ મહાન્ છે. દીક્ષા લીધા પહેલા આપણા યોગ-ક્ષેમ કરનારા જે હતા તે ગુરુ કર્યા. હવે તેમના પ્રત્યે અહોભાવ બહુમાનભાવ ઘટી જતાં તેમના સામે બોલવાનું, અવજ્ઞા-આશાતનાનું મહાપાપ જે જીવો કરે છે તે ભારેકર્મી બને છે. બોધિદુર્લભ બને છે. ભવિષ્યમાં ગુરુ ન મળે તેવી સજા અશુભ કર્મ કરે છે. ગુરુની નિંદા-હલકા પાડવા-હલકા શબ્દો બોલવાં વિ. આશાતનાથી જીવ સંયમ હારી જાય છે. ગુરુની ગેરહાજરીમાં અન્યોની સાથે સ્વના ગુરુ-પરના ગુરુ-પરપક્ષના ગુરુ... વિગેરે **પંચમ પરમેષ્ઠિ પદે બિરાજમાન ગુરુના = શ્રમણ-શ્રમણીના અવર્ણવાદ સમકિત ગુણનો નાશ કરે છે.** ગુરુની અવજ્ઞા એટલે નવકારની અવજ્ઞા. બહુમાન કરનારો જીવ સંસાર પાર કરી જાય છે. જ્યારે દ્વેષવાળો જીવ અશુભ કર્મબંધમાં દુર્ગતિનું આયુષ્ય પણ બાંધી દે. માટે ગુરુની–શ્રમણ-શ્રમણી એકેયની અવજ્ઞા મન-વચનથી થવા દેવી નહિ.

સાધ્વીજી શ્રી મૃગાવતીશ્રીજી સમવસરણથી આવ્યા બાદ પશ્ચાત્તાપ કરે છે. 'કેવો મારો પ્રમાદ થઇ ગયો ?... ઉપકારી ગુરુણીજીના ચિત્તને ક્લેશ કરાવ્યો ? જેમણે મને દુઃખદાવાનળથી - સળગતા સંસારમાંથી બહાર કાઢી, ઉત્તમ રત્નત્રયીનું દાન કર્યું કે જે દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધનાથી મારો આત્મા નિર્મલ બની રહ્યો છે. આવા અસીમ ઉપકારીને મેં ખેદ કરાવ્યો...!' ભૂલના-પ્રમાદના તીવ્ર પશ્ચાત્તાપે ક્ષપકશ્રેણી-ઘાતીકર્મનો ક્ષય થયો-કેવલજ્ઞાની બન્યા...

મોહનીય કર્મના ઉદયથી આપણી અવજ્ઞાભરી વિપરીત પરિસ્થિતિ સુધારવા જેવી છે. દરેક દરેક પૂજ્યોનું માન સાચવવું-આદરભાવ રાખવો આ એક જવાબદારી સમજવાની છે. વિનીત આત્માઓ પોતાની ભૂલ જુએ છે. સવ્વે જીવા कम्मवस समજી બીજાની ભૂલને ભૂલી જાય છે. ક્યારેય ગુરુના

ઉપાલંભ ઉપર દુર્ભાવ – દુર્ધ્યાન-ક્રોધાદિ કષાયવાળો આત્મા બનાવવો નહિ. આપણે એવું સહિષ્ણુ જીવન બનાવવું કે મારે મારા ગુરુ કે અન્ય સાધર્મિક આરાધકોને ક્રોધ-ક્લેશ-દ્વેષ કરવાના નિમિત્ત બનાવવા નહિ. આ માટે સહન કરવાનો ગુણ કાચો પડી ગયો છે, તેને મજબૂત બનાવો.

દોષદૃષ્ટિ દ્વેષ ઉત્પન્ન કરનારી છે. તે સમજીને દોષદૃષ્ટિને ગુણદૃષ્ટિમાં જ્ઞાનથી સંક્રમિત કરી દ્યો. તેનો લાભ મહાન છે. એક-બીજા સાથે કષાયો– સંઘર્ષ કરીને જીવ સંયમ હારી જાય છે. સંયમ લઈને સંયમજીવન જીવતાં ન આવડ્યું માટે અનેકવારના સંયમ સફળ બન્યા નહિ. **બધાની સાથે મૈત્રીભાવના માધ્યમે મનમેળ રાખો.** જૈનશાસનના પદાર્થો અપૂર્વ કોટિના છે. સમ્યગ્દર્શનની શુદ્ધિ કરનારા છે.

....

ભૂલનો બચાવ ન કરીએ

કોશાંબી નગરીમાં સૂર્ય-ચંદ્ર આવવાથી ભરપૂર અજવાળું હતું. દેશનામાં સાધ્વી મૃગાવતી દત્તચિત્ત હતા. 'કોણ આવ્યું ? કોણ ગયું ?' એવું લક્ષ્ય નથી. તારકની વાણીમાં એકાગ્ર મનવાળા હતા. ગુરુણી ચંદનબાલા આદિ ઊઠીને ગયા તે ખબર પડી નહિ. સૂર્ય-ચંદ્ર ગયા. ઘબ અંધકાર છવાઈ ગયો. મૃગાવતી ઉપાશ્રયે આવ્યા... બધી વિધિ કરી... ચંદનબાળાજીએ કહ્યું - 'કુલીન એવા તમને મોડા આવવું શોભે નહિ.' નિદ્રા આવી ગઈ... મૃગાવતીજીને 'સમયનું ધ્યાન ન રહ્યું... કેવો મારો પ્રમાદ થઇ ગયો ?' દિલ પશ્ચાત્તાપથી ભરાઈ ગયું. 'ગુરુણીજી મ. ના ચિત્તને મેં ક્લેશ કરાવ્યો ! મારા મહાન ઉપકારી, દુઃખ દાવાનળથી સળગતા સંસારમાંથી બહાર કાઢી, ઉત્તમ રત્નત્રયીનું દાન કર્યું. જે દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપની આરાધનાથી મારો આત્મા નિર્મળ બની રહ્યો છે. આવા અસીમ ઉપકારીને મેં ખેદ કરાવ્યો... ક્લેશ કરાવ્યો... હવે ક્યારે ગુરુણી મહારાજા જાગે અને એમના ચરણમાં મારા પ્રમાદની ક્ષમા માંગું...' એમ હૃદય પશ્ચાત્તાપના ભાવથી વધતું ગયું.... ક્ષપકશ્રેણિ માંડી. મોહનીયાદિ કર્મની નિર્જરા થઈ... કેવલજ્ઞાની બન્યા...

આ આદર્શનો સાર એ છે કે સ્વયં આત્માને ક્યારેય ક્લેશમાં = રાગ-દ્વેષમાં પાડવો નહિ... ભૂલનો બચાવ કરવો નહિ... બચાવ માટે દલીલ કરવી નહિ... 'સૂર્ય-ચંદ્રનું અજવાળું હતું તેમાં મારો શું વાંક ? પ્રભુની તારક દેશનામાં દત્તચિત્ત હતી તેમાં મારો શું વાંક ? ગુરુણી ગયા તો મને ઉપયોગ કેમ આપ્યો નહિ ?...' વગેરે દલીલો થઇ શકે... પણ **વિનીત આત્માઓ પોતાની ભૂલ જુએ છે.**

ગુરુના ઉપાલંભ ઉપર દુર્ભાવ-દુર્ધ્યાન-ક્રોધાદિ કષાયોવાળો આત્મા બનાવવો નહિ અને આપણા નિમિત્તે આપણા ગુરુમહારાજ કે અન્ય સાધર્મિક આરાધકોને ક્લેશ-ક્રોધ-દ્વેષ કરાવવાના નિમિત્ત બનવું નહિ. આ માટે સહન કરવાનો ગુણ કેળવો. પોતાની નાની પણ ભૂલ - દોષ હોય તે કબૂલવાનું

સ્વીકારો-સામાની ભૂલો ભૂલી જવાની-ગળી જવાની વૃત્તિ કેળવો. **બીજામાં મારે ગુણ સિવાય કાંઇ જોવું-સાંભળવું નથી.** દોષદૃષ્ટિથી જીવ ભૂલો પડે છે અને અનેક સાથે સંઘર્ષ કરીને સંયમ હારી જાય છે. સંસારનું ભ્રમણ વધે છે.

જીવને 'બીજાઓ પોતાના દોષ દૂર કરે- બીજાઓ પોતાનો સ્વભાવ સુધારે- બીજાઓ મને અનુકૂળ બને... મારા પ્રત્યે પ્રતિકૂળ વર્તન ન કરે... મારી નિંદા ન કરે' - વિ. અપેક્ષાઓ હોય છે. તેમાં કાંઇક અણગમતું બની જાય એટલે જીવ પોતે ક્લેશમાં પડે અને પછી કષાયોદય કરી બીજાને ક્લેશમાં પાડે છે. આ અજ્ઞાનજન્ય ક્લેશ-કષાયની પરંપરા સંસારનું ભવ-ભ્રમણ વધારી દે છે.

આવા ઉત્તમ તત્ત્વત્રયી અને રત્નત્રયીનો શ્રેષ્ઠ માર્ગ પામ્યા પછી આત્માને પળપળ સાવધાન-ઉપયોગવાળો બનાવવાનો છે. માટે સંકલ્પ કરો કે સૌ પ્રથમ મારે મારો સ્વભાવ સુધારવો છે. સ્વભાવને બગાડનાર રાગ-દ્વેષ કષાયો છે. માટે હું હવે ઉપશમ-સમતાને આધીન બનીને કષાયોને નિષ્ફળ બનાવીશ. મારો સ્વભાવ શાંત કરીશ... **કોઈની નિંદા-અવગણના-હલકાઈવાળું વચન બોલીશ નહિ...** કોઈ ક્યારેક પ્રતિકૂળ બની જાય તો વિચારવું કે કર્મનિર્જરામાં સહાયક મળ્યા. સહન કરવાની અને સમતાનો વિકાસ કરવાની મને તક આપી.... માટે મનને વારંવાર તત્ત્વમાર્ગમાં વાળો. શ્રમણપણાનો સાર ઉપશમ છે. ઉપશમની રક્ષા-વૃદ્ધિ કરતાં રહો.

....

સમકિતનું મૂળ જાણીએ

ગૂઢ રહસ્યવાળા જ્ઞાનથી જૈન શાસનનું શ્રુત મહાન છે. અહોભાવ - શ્રદ્ધા પ્રગટાવે છે. આ જગતમાં એકમાત્ર જિનેશ્વર દેવ પ્રરૂપિત તત્ત્વ વિશ્વનું કલ્યાણકર છે. અન્ય છદ્મસ્થના વચનોથી - એકાન્ત માન્યતાવાળા વચનથી ક્યારેય કલ્યાણ થવાનું નથી.

સમ્યગ્દર્શનવાળા જીવનું જ્ઞાન અને ચારિત્ર સફળ છે. માટે સમ્યગ્દર્શન ભાવથી સ્પર્શી જાય તે માટે સમકિતના ૬૭ બોલની સજ્ઝાય, નવતત્ત્વનો ઊંડાણથી અભ્યાસ... સમ્યક્ત્વસપ્તતિ (સંસ્કૃત-ગુજરાતી છે.) મનનપૂર્વક વાંચન કરવા સાથે કષાયોને ઘટાડતાં રહેવાથી, પર વસ્તુઓ પરના રાગ-મમત્વને ઘટાડવા સાથે નહિ ક્લેશ - નહિ નિંદા - નહિ વિકથા - નહિ દ્વેષ – નહિ ઈર્ષ્યા... વિગેરે ગુણોની કેળવણી સમકિત માટે જરૂરી છે. પાયામાં ગુણ નહિ હોય તો સમ્યગ્દર્શન પ્રગટશે નહિ, પ્રગટેલું રહેશે નહિ... માત્ર ચારિત્રનો વેશ !

ચોવીશ કલાકમાં તમારું નિરીક્ષણ કરો કે દોષ ભરેલી વાતો કરો છે કે ગુણ ભરેલી ? મારે સંયમને હારી જવા માટે કોઈના ય દોષની વાત મારી જીભેથી કરવી નથી અને કાનેથી સાંભળવી નથી. ભવાંતરમાં જીભ-કાન નહીં મળે - તેવું કર્મ બંધાશે. ગુણોથી ગુણો આવે, દોષથી દોષ આવે. હે જીવ ! તારું આંતરદર્શન કર ! સાંભળેલા તારક જિનવચનના ઉપયોગથી આત્માની રક્ષા કર.

દરેકે પોતાની રક્ષા કરતા રહેવાનું છે. **અહં** અને **મમ** બે મોહરાજાના મોટામાં મોટા સુભટશત્રુ અંદરમાં બેઠેલા છે. **અહં** આત્માને ભૂલાવી દઈ દેહમાં રમણતા કરાવે છે. **મમ** પોતાના ગુણોને ભૂલીને પરવસ્તુમાં રાગ-મમત્વ કરાવે છે. પુદ્ગલરમણતા અને પુદ્ગલના મમત્વથી આત્માના પરિણામ કલુષિત બને છે. અશુભ કર્મનો બંધ હજારો લાખો વર્ષનો પડે છે. ઉદયકાળે આપણે જ ભોગવવાનો-તે વખતે સમતા-સમાધિ રાખવી આકરી છે... માટે અશુભકર્મનો બંધ ન પડે તેની પૂરી જાગૃતિ કેળવતા રહો.

જેનાથી આત્માને ભારેમાં ભારે નુકસાન થાય તેવી, રાગ-દ્વેષ-ક્લેશ થાય તેવી - વિકથાઓ કરવી નહિ. मा समयं पमायए એ પ્રભુ વચનની હિતશિક્ષાનું કેટલું પાલન ? કેટલું ઉલ્લંઘન ? નવકાર મંત્રનો જાપ સર્વ પાપનો નાશ કરી આપનાર છે. મનની શાંતિ મળે છે. અંતિમ સમતા-સમાધિ સુલભ બને છે. તેમાં ઉપેક્ષા કરવી યોગ્ય નથી. આપણા પરમ ઉપકારી વૈરાગ્યવારિધિ પૂ. આ. ભ. શ્રી વિ. યશોદેવસૂરીશ્વરજી મ.સા. મનને નવરું પડવા દે નહિ... નવકારની ૩૬ કરોડની મૂડીએ સમાધિ પામી ગયા. કર્મનિર્જરા-પુણ્યબંધ – પરિણામની રક્ષા કરનાર નવકારને રોજ ગણો. પરમ માંગલિક છે.

....

વિનયને સમજીએ

સંયમની આરાધનામાં વિનયની પરિણતિ તથા સમતાની પરિણતિ વિકસાવતા રહેવાનું છે. સમ્યક્ત્વ સપ્તતિ ગ્રંથમાં અરિહંત-સિદ્ધ-ચૈત્ય-શ્રુત-ધર્મ-સાધુસમુદાય-આચાર્ય-ઉપાધ્યાય-પ્રવચન-દર્શન (= સમ્યક્ત્વ) આ ૧૦ મહાન્ સ્થાનો બતાવ્યા છે. પૂજનીય-બહુમાનને યોગ્ય છે. ભક્તિ-બહુમાન-ગુણની સ્તુતિ-અવર્ણવાદ રોકવા તથા આશાતનાનો ત્યાગ આ વિનયધર્મ છે. અહંકાર–અભિમાન-મદ-સ્વઈચ્છાનો ત્યાગ કરવાથી વિનય ગુણ પ્રગટે છે. વિકસે છે. વિનય = જેના વડે જ્ઞાનાવરણીયાદિ આઠ પ્રકારના કર્મો નાશ કરાય - દૂર કરાય-વિલીન કરાય તે **વિનય** શબ્દની આગમિક વ્યુત્પત્તિ જાણવી.

ઔપચારિક વિનયના સંક્ષેપથી બે પ્રકાર છે. (૧) પ્રતિરૂપ યોગમાં=પ્રશસ્ત યોગમાં જોડાવું અને (૨) આશાતનાનો ત્યાગ કરવો. પ્રતિપત્તિરૂપ વિનય કાયાથી ૮ પ્રકારે, વચનથી ૪ પ્રકારે, મનથી ૨ પ્રકારે છે.

કાયાથી :- (૧) ગુરુમહારાજ આવે ત્યારે ઊભા થવું (૨) તેમને હાથ જોડવા (૩) તેમને આસન આપવું (૪) તેમનું આસન લઈ જવું (૫) તેમને વંદન કરવું (૬) તેમની સેવા કરવી (૭) તેઓ જાય ત્યારે પાછળ મૂકવા જવું (૮) તેમણે કહેલા આદર્શોને – ઉપદેશને સાધવા પ્રયત્ન કરવો.

વચનથી :- (૧) હિતવચન બોલવું (૨) મિત વચન બોલવું (૩) મૃદુવચન બોલવું (૪) ગુરુભગવંતના વચનને અનુસારે બોલવું.

મનથી :- (૧) અકુશળ મનનો નિરોધ કરવો. (૨) શુભ મનની ઉદીરણા કરવી.

અનાશાતના રૂપ બાવન પ્રકારનો વિનય :- તીર્થંકર-સિદ્ધ-કુલ-ગણ-સંઘ-ક્રિયા-ધર્મ-જ્ઞાન-જ્ઞાની-આચાર્ય-સ્થવિર-ઉપાધ્યાય અને ગણિવર્ય આમ ૧૩ જગ્યાએ (૧) આહાર-વસતિ અર્પણ કરવાથી (૨) ભક્તિ-આદર કરવાથી (૩) બહુમાન-અંતરંગ પ્રીતિથી (૪) ગુણગાન-પ્રશંસા કરવાથી. આ ચાર પ્રકારો ૧૩ સ્થાનોમાં કરવાથી બાવન પ્રકારનો વિનય જાણવો.

વિનય એ જિનશાસનનું મૂળ છે, ધર્મનું – મોક્ષનું-ગુણોનું મૂળ છે. સંયમી વિનયગુણવાળો જોઈએ, ગુરુનું વચન સ્વીકાર કરવાવાળો જોઈએ, ગુરુ પ્રત્યે આદર-બહુમાનભાવવાળો જોઇએ. વિનયથી રહિત સંયમી સંયમધર્મ-તપને નિષ્ફળ કરે છે.

દેવ-ગુરુ-ધર્મની આશાતના-અવજ્ઞા-નિંદા કરવી તે મિથ્યાત્વ છે. જ્યારે આશાતનાનો પરિહાર કરવો તે સમ્યક્ત્વ છે. દેવાધિદેવની આશાતના-ધર્મની આશાતનાથી બચવાવાળા જીવો ઘણા છે. પોતાને મળેલા ગુરુ પર, વડીલ ઉપર, કે નાના સંયમી ઉપર રોષ કરવો, રીસ કરવી, સામે બોલવું, જીભાજોડી કરવી, તુચ્છ-હલકાં શબ્દો બોલવાં, ગુરુને કે અન્ય સંયમીના ચિત્તને ક્લેશ પમાડવો, ઉદ્વિગ્ન કરવા, ગુરુના કે અન્યના છિદ્ર-દોષો બીજાને કહેવા, અવજ્ઞા કરવી, ગુરુવચન માન્ય ન કરવું.. આ બધી આશાતના મિથ્યાત્વરૂપ હોઈને સંસારની વૃદ્ધિ કરનારી છે.

સંયમના વેશમાં આવેશમાં આવવું સંયમીને શોભતું નથી. કષાયને પરવશ જીવ નિર્જરાના લાભને કરાવનારું સંયમ હારી જાય છે. આત્મા અશુભ કર્મો બાંધી ભારે બને છે. કોઇપણ સંયમી સાથે સંઘર્ષ કરવો-હૈયામાં વૈરનું શલ્ય રાખવું - દુર્ભાવ કરવો - ક્લેશ કરવો-કરાવવો, મનદુઃખ કરાવવું ... આ બધું આપણા સંયમને નિષ્ફળ કરી દીર્ઘ સંસારની વૃદ્ધિ કરે છે. જેનાથી બંધાયેલા અશુભ કર્મોનો વિપાક આપણને જ ભોગવવો પડશે. દુઃખદ વિષમ પરિસ્થિતિમાં મનની સમાધિ રાખવી બહુ દુષ્કર બની જાય છે.

નવા મુમુક્ષઓને વિનયગુણનું સુંદર રીતે પાલન કરી શકે એવી તાલીમ આપવાની.... **જિંદગી પર્યન્ત ગુરુની સામે બોલવું નહિ, ગુરુવચનનો આદરપૂર્વક સ્વીકાર કરવો.** અન્ય કોઈની પણ નિંદા નહિ. આ પરીક્ષામાં ઉત્તીર્ણ થયા પછી, તથા સહન કરવામાં જરાય મનદુઃખ–દુર્ધ્યાન નહિ, પ્રતિકૂળતામાં જરાય અકળામણ નહિ. એવો પૂરો અભ્યાસ કરાવવો. તેમાં ૨-૩ વર્ષ નીકળી જાય તો હરકત નહિ. સંયમ લીધા પછી કષાયભાવથી

જીવો હારી જાય છે. આ માટે મુમુક્ષુઓને દૃઢ કરવા... ભલે કાળક્ષેપ થાય. ઉતાવળ કરવી નહિ.

જેમને સંયમ મળી ગયું છે તે સહુ પોતાના આત્માનું નિરીક્ષણ કરીને વિનયગુણને આત્મસાત્ કરશો તથા સહન કરવામાં સત્ત્વશીલ બનશો. કર્મનિર્જરાનો લાભ મહાન સમજીને અશુભ પરિણામ કે અશુભ બંધ થવા દેશો નહિ.

અવિનીત- અસહિષ્ણુ આત્માઓ સંયમ હારી જાય છે. સંયમનું મૂલ્ય સમજવાની જરૂર છે. ક્રોધે ક્રોડ પૂર્વતણું ફળ જાય તો આપણું સંયમ કેટલું ? દરેકે વિશેષ ઉપયોગવાળા બનવાની જરૂર છે. **દુઃખના પહાડ તૂટી પડે તોય ક્લેશ કરીશ નહિ અને કોઈનેય મારા નિમિત્તે ક્લેશ કરાવીશ નહિ.** આ હિતશિક્ષા જીવનમાં આત્મસાત્ કરશો. સંયમજીવન ઉજ્જવળ બનવા સાથે પરમપદ નજીક બનશે.

....

‘હું’ અને ‘મારું’ એ મોહને મહાત કરીએ

સમસ્ત ચારિત્ર જીવનનો સાર ‘ઉપશમ’ છે. દરેકે પોતાના આત્માનું નિરીક્ષણ કરવાનું છે. સંયમનો પર્યાય વધતો જાય છે, પણ શુદ્ધિ જોઇએ એવી થતી નથી. ઘણાં દોષો મનના વિચારોથી-વિકલ્પોથી ઊભા કરીએ છીએ. જેમ આપણે સૌ દેવાધિદેવના બહુમાન-ભક્તિ દ્વારા પરિણામની ધારા સુંદર બનાવીએ છીએ.
‘‘વીર પ્રભુનું ચરિત્ર કલ્પસૂત્રના માધ્યમે સાંભળ્યું. વીર પ્રભુની તિતિક્ષાવૃત્તિ કેવી જબરજસ્ત કોટિની હતી ? સહન કરવાની શક્તિ પ્રભુજીએ પ્રગટ કરી હતી. મારે પણ અશુભના ઉદયે આવેલ તમામ નાના-મોટા કષ્ટો-પ્રતિકૂળતાઓ-રોગાદિ પીડાઓમાં મનને જરાએ મલિન કરવું નથી. મેં જ પૂર્વ ભવોમાં મલિન કરેલા મન-વચન-કાયાથી અશુભ કર્મ બાંધ્યા છે, તે હવે ઉદયમાં આવ્યા છે. હે ચેતન ! તું સમતાને ધારણ કર. જૂનું દેવું દૂર કરવાનો પુણ્ય અવસર મળ્યો છે. વીર પ્રભુનું આલંબન મળ્યું છે. જરાએ અકળાઇશ નહિ-સહન કર-સહન કર... જરાએ ક્રોધ-ગુસ્સો કરીશ નહિ. મારા જ કર્મનો દોષ છે. મેં જે ભૂતકાળમાં કર્મો બાંધેલા છે તેનો વિપાક છે. હવે હું પ્રભુના વચનથી સાવધાન બનું છું. કષાયને પરવશ બનીને અનંતી વાર સહન ન કર્યું. માટે અનંતભવ ભમ્યો.’’

અનાદિ કાળના શરીરના રાગના કારણે - મારા શરીરને જરાએ દુઃખ ન પડવું જોઇએ – મારું જરાએ માન ઘવાવું ન જોઇએ - મને એકપણ રોગ ન આવવો જોઇએ - મને કોઇએ ઉપદેશ આપવો ન જોઇએ - મારી કોઇએ ભૂલ બતાવવી ન જોઇએ - મારી દોષની વાત કોઇએ કહેવી જોઇએ નહિ - મારી જરાએ નિંદા કોઇએ કરવી નહિ - મારા પ્રત્યે કોઇએ પ્રતિકૂલ ન બનવું જોઇએ – મારી તકલીફમાં સહાય કરવી જોઇએ – મારી વિરુદ્ધ કોઇએ બોલવું નહિ – મારી ફરિયાદ કરવી નહિ – વિ. બાબતમાં આપણું ‘હું’ કેટલું બધું મોહનીયકર્મના ઉદયથી ઘેરાયેલું છે ? તે ઊંડું આત્મનિરીક્ષણ કરશો તો ખ્યાલમાં આવશે. આ મૂઢતાભરેલ ‘હું’ કેટલા બધા નવા કર્મ બંધાવે છે ?

....

ક્ષમાની સૃષ્ટિ ઉપકારની દૃષ્ટિ

પૂ. આ.શ્રી અજિતશેખરસૂરીશ્વર મ.સા.

એક ડાયરી બનાવો. એમાં પરિચિતોને માટે પાનાં ફાળવો અને તેઓએ ક્યાં ? કેવી રીતે ? કેવી સહાય કરી ? કેવો ઉપકાર કર્યો ? તેની નોંધ રાખવા માંડો. હા, એમાં ક્યાંય કોઇના માટે કાળી કડવી, અણગમતી વાતોનો એક અછડતી અણસાર જેટલોય ઉલ્લેખ નહીં જોઇએ. અગ્નિનો એક તણખો અનેક વસ્તુને ભસ્મ કરવા સમર્થ છે. **કોઇની પણ સારી વાતોની સુંદરતાને કે ઉપકારની ઉત્તમ વાતોને આ એક કાળો વિચાર બાળી નાખવા સમર્થ બને છે માટે એ જોઇએ જ નહીં.**

એ જ પ્રમાણે અપરિચિતોમાં પણ ચપ્પલ ચોરથી માંડી ડાકૂ, ખિસ્સાકાતરૂનો પણ શું ઉપકાર હોઇ શકે ? રાહદારીથી માંડી ટ્રક ડ્રાઇવર સુધીના શી રીતે આપણા હિતસ્વી બની શકે ? રોજ રોજના જીવનમાં પણ શી રીતે એઓ આપણા પર ઉપકાર કરી રહ્યા છે ? આ વિગતો એ ડાયરીમાં ટપકાવી દેવી.

જેમકે, દેરાસર ગયા, ને કો'કે આપણી ચપ્પલ ચોરી લીધી, હવે શું કરવું ? ગુસ્સો કરવો ? નહીં, આભાર માનવો.

'દેવ અને ગુરુ પાસે નમ્રતા-દીનતા સૂચવવા ઉઘાડા પગે જ જવું જોઇએ. અહં અને અશ્રદ્ધાના જોડાને ઘરે રાખીને જવું જોઇએ. એ વિનય હું ભૂલ્યો. કો'ક ભાગ્યશાળીએ મારી ચપ્પલો લઇ જઇ મારી ભૂલનું મને ભાન કરાવ્યું, અને મારી આંખ ઉઘાડી. હું એનો આભાર માનું છું.' પછી એ ચપ્પલચોર કદાચ રંગે હાથ પકડાઇ જાય, તો પણ મારવાનું મન ના થાય, પ્રેમ વરસાવવાનું મન થશે.

આપણે જો એ નજરમાં લઇએ કે **જગતનો એક પણ જીવ એવો નથી કે જે જાણતાં કે અજાણતાં પોતાની જીવંત પ્રવૃત્તિઓ દ્વારા આપણા ઉપર ઉપકાર કરતો ન હોય.** અર્થાત્ બધા જ જીવો આપણા પર સતત ઉપકાર કરી રહ્યા છે. એવી 'પરસ્પરોપગ્રહો જીવાનાં' સિદ્ધાંતને નજરમાં

રાખીને રાખેલી દઢ શ્રદ્ધા આપણને મૈત્રીભાવ તરફ ખેંચી જશે. દરેક સ્થળે ઉપકારી જ લાગે, એટલે ક્રોધની વાત રહે જ નહીં.

તો ડાયરીમાં આ રીતે બધા માટે જ સારી વાતો લખવી જોઈએ. શિક્ષકની પ્રેરણાથી એક છોકરીએ રોજનીશી બનાવી. એના પિતાના હાથમાં એકવાર રોજનીશી આવી. એમાં કેટલીક પ્રવૃત્તિઓ પોતે ક્યારેય પણ કરી ન હોય છતાં પોતાના અંકે કરી, એટલે પિતાએ પૂછ્યું – 'બેટા ! આ ડાયરીમાં તેં શું સારું કર્યું તે જ લખ્યું છે. તું જાણે કોઇ ખરાબ તોફાન આદિ કરતી જ નહીં, એમ ખોટા એક પણ કામની નોંધ લીધી નથી.અને કેટલાક તેં લખેલા સારા કામો કરતી વખતે તો મેં તને ક્યારેય જોઇ જ નથી. આમ કેમ ?' એટલે છોકરીએ કહ્યું, 'પપ્પા, આ ડાયરીમાં તો બધું સારું સારું જ લખવાનું હોય ને ! ભલે ને પછી મેં કર્યું હોય કે નહીં. પછી આ ડાયરી કોઇ જુએ, તો કેવી સારી લાગે, અને મને કેવી ડાહી સમજે !'

આ છોકરીની વાત કેવી લાગે ? બસ આપણે પણ ડાયરીમાં આવું જ કરવાનું છે, ફરક એટલો કે પોતાના નામે નહીં પણ પોતાના સિવાય બધા જ માટે માત્ર સારી જ વાત લખેલી હોય.

અને રોજ એ ડાયરી વાંચતા જાવ. ઘડીભર બીજાના ઉપકારો વિચારતા જાઓ. પાછા આગળ વધો. આમ સતત બીજાની ઉપકારી તરીકેની છબી આપણા મગજમાં-હૃદયમાં-બુદ્ધિમાં કોતરાઇ જશે. એટલે ઉપકારી પ્રત્યે ક્રોધ કરવાની નોબત નહીં આવે.

કેટલાક કર્મો એવા હોય છે કે જે ખપાવવા બીજાની અપેક્ષા રહે. બીજો સહાયક બને, તો જ તે કર્મનો હિસાબ પતે. જેમ કે,

૧. ભગવાન મહાવીર સ્વામીને કાનમાં ખીલા ઠોકવાનું કર્મ બાકી હતું. હવે એ કર્મ શી રીતે ખપે ? પોતે જાતે જ ખીલા ઠોકવા બેસે ? એ આત્મપીડન છે અને એમાં શુભભાવને બદલે સંક્લિષ્ટ ભાવ આવે. એટલે એ બધાં ખાતાં સંભાળે છે કર્મસત્તા. જે વખતે જે ખાતાનો હિસાબ પતાવવાનો હોય, તે વખતે એને અનુરૂપ વ્યક્તિ કે વસ્તુને મોકલી આપે. એટલે એ વ્યક્તિ

કર્મસત્તા વતી તમારી પાસેથી ઉઘરાણી પતાવી તમને એ દેવામાંથી મુક્તિ આપે. અહીં એ રીતે ગોવાળિયાને ઉપકારી સમજી હિસાબ ચૂકતે કરી આપ્યો. એ કર્મથી મુક્ત થયા.

૨. ગજસુકુમાળના માથે સોમિલ સસરાએ માટીની પાઘડી બાંધી અંગારા મૂક્યા. હવે આવું તીવ્ર કર્મ ભોગવવાનું જ હતું જ. ગજસુકુમાળે પોતાના હાથે અંગારા મૂક્યા હોત, તો તે આત્મહત્યા ગણાઇ હોત. અને એ સ્વહિંસા પણ પાપરૂપ છે. એટલે સોમિલ સસરાએ મોતની પાઘડી બાંધી કર્મભાર ઉતારી આપ્યો. એમ મૈત્રી-સમતાભાવ ભાવી કેવળજ્ઞાન મેળવી શકાયું.

વર્તમાનમાં આપણને લાખ રૂપિયાનો વિશ્વાસઘાત થયાનું કર્મ છે. હવે આ કર્મ કેવી રીતે ભોગવાશે ? અને એ જ્યાં સુધી વિઘ્નરૂપે ઊભું રહે, ત્યાં સુધી પ્રગતિમાં અવરોધ ઊભો થશે. એટલે ખરેખર જ્યારે કોઇ વિશ્વાસઘાત કરે છે, ત્યારે એ તમારા વિઘ્નને-ભાગ્યને આડે પાંદડાને દૂર કરી રહ્યો છે - એમ સમજવું. કારણકે એ કર્મ હટ્યા વિના માર્ગ ખૂલવાનો નથી, અને જાતે તો વિશ્વાસઘાત શક્ય જ નથી.

એજ રીતે ટીકા-નિંદા કે અપમાન અંગે પણ સમજવાનું. આ બધા કાર્યો એવા છે કે એ માટે બીજાની અપેક્ષા રહે જ. આપણને બીજાઓ આ રીતે ઉપકારી નીવડતા હોય છે.

ઉપકારની ગણતરી અન્ય રીતે પણ વિચારી શકાય. કોણિકે પિતાજી શ્રેણિકને રાજ્યભ્રષ્ટ કરી જેલમાં પૂરી દીધા. રોજ સો ફટકાનો માર પણ પડે છે. ચેલ્લણા રાણીથી આ જોવાતું નથી. એટલે પતિ શ્રેણિક આગળ આ દુઃખને રુએ છે. આ કોણિક કેવો કપાતર નીવડ્યો, કે તમારા જેવા એના ઉપકારી પિતાજી પર એટલો બધો ત્રાસ વરસાવે છે ! એના દુષ્ટ લક્ષણો તો એ ગર્ભમાં હતો ત્યારથી જ આપણે બધા જાણી ચૂકેલા, એટલે જ મેં તો જનમતાં જ ઉકરડે ફેંકાવી દીધેલો. તમે ધારત તો એને જનમતાં જ મરાવી શકત, છતાં મરાવવાની વાત જવા દો, ઉકરડેથી લઇ આવી, તમે એને બચાવી લીધો.

તમે એના પ્રત્યે વાત્સલ્યભાવ વહાવ્યો ! છતાં અંતે એણે આ દશા કરી. ત્યારે શ્રેણિકે પ્રસન્ન વદને એ જ વાત કરી કે - એમાં દુઃખી થવા જેવી કોઇ વાત નથી. મારે તો કોણિકનો આભાર માનવો જોઇએ. આવતા ભવે નરકમાં પરમાધામીના હાથે આનાથી વધુ જાલિમ માર ખાવાનો છે. ભગવાને મને કહ્યું છે કે 'મારે આવતા ભવે પહેલી નરકમાં જવાનું છે. ત્યાં પરમાધામી જે કષ્ટોની ઝડી વરસાવશે, તે મારાથી કેવી રીતે સહન થશે ? આમ કોણિક મને પીડા નથી આપતો, આવનારી પીડાની તાલીમ આપી ઉપકાર કરે છે. એટલે મારો ઉપકારી છે.' શ્રેણિકને પુત્રના હાથે આકરા કોરડાનો માર સહન કરતી વખતે પણ પુત્ર પર ક્રોધ નથી. કેમકે એ ઉપકારી લાગે છે.

આપણી નજર વર્તમાનમાં કષ્ટ, પીડા આપત્તિ આપનાર પ્રત્યે પણ આવી થઇ જાય તો ? **આ મને કષ્ટ નથી આપતો, ભવિષ્યમાં સંભવિત મોટા કષ્ટ સહન કરવાની તાલીમ આપે છે.** આ મારી નિંદા નથી કરતો, ભવિષ્યમાં એથી ભયંકર ગાળો સાંભળવાનો અવસર આવે, ત્યારે સ્વસ્થ રહેવાની તૈયારી કરાવે છે. આણે મારા લાખ રૂપિયા ડૂબાડ્યા નથી, ભવિષ્યમાં કરોડોના નુકસાન થાય, ત્યારે પણ સ્વસ્થ ઊભા રહેવાની હિંમત કેળવી આપે છે. લશ્કરમાં લેફ્ટ-રાઇટ, કવાયત વગેરે કરાવતો ઓફિસર નવજવાન ઉપર જુલમ ગુજારતો નથી, પણ ભાવિમાં દુશ્મન સામે વધુ બળથી લડી શકાય, અને ભયાનક પરિસ્થિતિમાં પણ ટકી શકાય એનું શિક્ષણ આપે છે. **આમ ભાવિના સંભવિત મોટા કષ્ટો સામે ટકવાની તાલીમ આપનાર ઉપકારી કે અપરાધી ? એના ઉપર વ્હાલ વરસાવવાનું હોય કે ક્રોધ ?** ઉપકાર દેખાય તો પ્રેમ વધે અને અપકાર દેખાય તો ક્રોધ વધે.

આટલો ખ્યાલ રાખો, ઉપકારની યાદ લાખો ભૂલોને ભૂલાવે, અપકારની યાદ લાખો ગુણોને ભુલાવે. ઉપકારનો વિચાર ક્ષમાના રસ્તે લઇ જાય. અપકારનો વિચાર ક્રોધના...

વાત આ છે. આપણે જાતને નિર્દોષ માનીએ, તો બીજાના અપરાધો ઘણા મોટા લાગવાના. આપણી જાત મોટી દોષિત લાગે તો એ અપરાધ ન લાગતા

ગુણરૂપે દેખાશે. આપણને જો આપણા અપરાધો જોતાં આવડી જાય તો બીજા ગુનેગાર દેખાશે નહીં, ઉપકારી લાગશે.

....

સાધનામાર્ગની સંક્ષિપ્ત સૂચિ

ગીતાર્થમૂર્ધન્ય ગચ્છાધિપતિ
પૂ. આ.ભ.શ્રી વિ.જયઘોષસૂરીશ્વરજી મ.સા.

ગુરૂ પ્રત્યે આદર એ સમ્યક્ત્વની નિર્મળતા છે અને આદરની કમી એ સમ્યગ્દર્શનની મલિનતા છે – બાકી બધી આરાધનાની કિંમત ગુરૂના આદરના આધાર ઉપર છે.

ગુરૂ પ્રત્યેનો અંતરનો આદર ઉભો કરવા બાહ્ય બધે જ એમના ઉપરના આદરનો વ્યવહાર કરવો. એ ઇચ્છે તે આનંદથી સ્વીકારવું – કરવું – એમની ઇચ્છા વિરૂદ્ધ ન કરવું. એમની નિંદા-અવજ્ઞા-તિરસ્કાર-અનાદર ન કરવા.

આ રીતે જો જીવન જીવતા જશો તો ૬-૧૨ મહિને હૃદયમાં આદર ઉત્પન્ન થશે, સમ્યક્ત્વ નિર્મળ થશે અને દરેક આરાધનાનું ફળ અત્યારે જે મળે છે તેના કરતા અનંત અનંત ગણું મળશે. માટે કાયમ આ અંગે પ્રયત્ન ચાલુ રાખશો.

ગુસ્સો અને દુર્ભાવ જે આવે છે તેને કાળજીપૂર્વક રોકવા - સુધારવા, તેથી તે પણ ઓછા થશે. જે રોકીએ, ઘટાડીએ, કાળજીથી અટકાવીએ તે વાત ધીરે ધીરે ઘટે. માટે આ અંગે પ્રયત્ન કરવા.

સંયમ અને બ્રહ્મચર્ય માટે અનાદિકાળથી જીવને જે પ્રમાદ-ઉપેક્ષા-વિષયોનું ખેંચાણ છે તેથી મન તેમાં જતું રહે તે સ્વાભાવિક છે. પરંતુ એમાં જતાં મનને સતત કાળજીપૂર્વક રોકતા રહીએ – ફેરવતા રહીએ તો અનાદિના સંસ્કાર ઘટતા જશે અને સંયમમાં - વ્રતમાં આનંદ અને સ્થિરતા આવશે.

જો મન જતું કાળજીથી અટકાવીએ નહિ તો જે આનંદ આવે તેના કારણે પાછળથી એવો ઉગ્ર પશ્ચાત્તાપ પણ ન આવે તેથી સંયમ દ્રવ્યરૂપે રહે અને આશ્રવો ભાવથી જીવતા રહે માટે સતત કાળજી અને રોકવાના પ્રયત્ન કરતા રહેવું. ભૂલ થાય ત્યાં પશ્ચાત્તાપ નિંદા આલોચના કરવી.

આમ કરવાથી પ્રમાદ-વિષયાસક્તિ વગેરે પણ ઘટતા જશે અને આંતરિક રીતે - બાહ્ય રીતે પણ આગળ વધશો.

વાંચન-ગોખવાનું યાદ રાખવા માટે ક્ષયોપશમ જોઇએ અને ક્ષયોપશમ માટે મનની સ્વસ્થતા, પ્રસન્નતા અને સંક્લેશરહિતપણું, સમર્પિતપણું જોઇએ.

જે સમર્પિત હોય તે પક્કડ વગરનો હોવાથી પ્રસન્ન હોય. જે પ્રસન્ન હોય તેની શક્તિ વધતી રહે માટે મનની પ્રસન્નતા અને સમર્પણ સતત કાયમ માટે જીવનમાં સર્વવ્યાપી બનાવવું.

તપ ત્યાગથી તો જુવાનીમાં પણ શરીર સારું રહે અને ઘડપણમાં પણ મરતા સુધી સારું રહે માટે તપ ત્યાગ જીવનના પ્રાણ બનાવવા.

સામાન્ય ઉણોદરી પણ રોજ રાખવી.

ઓળીમાં સ્વાધ્યાય સારી રીતે થાય છે તે વાસ્તવિક છે – પારણામાં પણ એ રીતે થવું જોઇએ તો વાપરતા આવડ્યું કહેવાય.

મનમાં આર્તધ્યાનના બદલે ભાવનાઓ દ્વારા - ગુરૂ અને પ્રભુશાસનના ઉપકારો વિચારવા દ્વારા - કર્મની વિટંબણા અને સંસારની ભયાનકતા વિચારવા દ્વારા અશુભ ધ્યાન દૂર કરવું. અશુભ ધ્યાનને શુભમાં ફેરવી નાખવા તત્પર રહેવું. આ જ ભણ્યા ગણ્યાનું - આરાધનાનું ફળ છે.

રાત્રે સ્વાધ્યાય માટે શક્ય પ્રયત્ન કરવો. **પ્રથમ ભક્તિ-બીજો અભ્યાસ અને ક્રિયાકાંડ – ત્રીજો જાપ.** આ લક્ષ રાખી સંયમ જીવનને ઉજમાળ બનાવશો.

....

ધન્ના અણગારને ધ્યાવો - વિગઇને ત્યાગો

અનાદિકાળથી જીવ આહારાદિ સંજ્ઞાને પરવશ છે. દરેક જીવ જન્મતાની સાથે આહાર લઇને શરીરનું નિર્માણ કરે છે. આહાર લઇ લઇને શરીરની પુષ્ટિ સાથે રસની ગાઢ દોસ્તી કરે છે. બેકાબૂ રસ સંજ્ઞાને લઇને ઘણાંને જીવન પર્યન્ત રોગોમાં ફસાવાનું થયું... અનેક ને નાની વયમાં મરણભેટી ગયું... ભક્ષ્ય-અભક્ષ્યનો કોઇ વિવેક રાખ્યો નહિ. જ્યારે જ્યારે ભૂખ લાગી ત્યારે - દિવસે કે રાતે - જે જે જીવને ભાવ્યું-ગમ્યું તે ખાવામાં પાછીપાની કરી નહિ. જેનાથી વિકૃતિ પેદા થઇ. તામસિકપણું આવ્યું-સ્વભાવ કઠોર ક્રોધી બની ગયો. જીવનની સમાધિ ગુમાવી. તો મરણમાં સમાધિ ક્યાંથી મળવાની ? આલોક-પરલોક એમ ઉભયલોક રસ-સંજ્ઞાવશ બરબાદ કર્યા છે. ત્યારે આમાંથી બચવાનો, સાત્ત્વિક બનવાનો અને ઉભયલોક સુધરી જાય અને કાયમના દુઃખનો પણ ઉકેલી જાય તેવો ઉપાય તીર્થંકર ભગવંતોએ આચરેલ છે અને ઉપદેશેલ છે. હે ભવ્યજીવો ! તપ કરો અને જીવનને ઉજ્જવળ બનાવો... તપમાં અટ્ઠમ-છટ્ઠ-ઉપવાસ-આયંબિલ-એકાશન-બેસણું-દિવસના ૩ ટંકથી અધિક નહિ વિ. છે. રોજ આવો તપ કરનારા મહાનુભાવો છે.

અભ્યાસ પાડવાથી જે કરવું ધારીએ તે કરવાનું બની શકે છે. આ માટે મહાપુરુષોના આલંબનથી ધન્ના અણગારનો આદર્શ મનમાં લાવો. વારંવાર વિચારો. મનને ભાવિત કરો.

વીર પ્રભુની વાણીના શબ્દો કાકંદી નગરીના ધન્યકુમારના કાને પડ્યા... આત્મા સજાગ બન્યો. અનાદિથી ભોગ પરવશ આત્માનું ભાન થયું... **આ શરીરની માયા અને ભોગની પાછળ કિંમતી સમય અને શક્તિ વેડફી નાંખ્યા !**

આ શરીરના સુખની પાછળ ઇન્દ્રિયોના વિષય પાછળ અમન-ચમન ભોગ અને વિલાસમાં ચકચૂર બનેલા જીવો પુણ્યનો નાશ કરીને ઢગલાબંધ પાપોનો સંચય કરે છે. વિષયગૃદ્ધ, શાતાગૃદ્ધ જીવોને પુનઃ નિગોદમાં - એકેન્દ્રિયમાં અનંતા દુઃખોને ભોગવવાની પરમીટ કર્મ ફાડી આપે છે. કર્મપરવશ જીવોનું

ત્યાં કાંઈ ચાલતું નથી... એકેન્દ્રિયથી સંમૂચ્છિર્મ પંચેન્દ્રિય સુધીના તમામ જીવો કેવલ દુઃખો ભોગવે છે અને પુનઃ પુનઃ પાપવૃત્તિ - પ્રવૃત્તિ દ્વારા કર્મબંધ કરે છે અને ભોગવે છે. પણ તેમાંથી છૂટકારો થતો નથી... કેવી જીવની પરવશ દશા !

પ્રભુ મહાવીર કહે છે આ શરીર નાશવંત છે, તેમાં રહેલો આત્મા અવિનાશી છે... શાશ્વત છે... તે આત્મદ્રવ્યની ઓળખાણ કરી નહિ અને છતી ઓળખાણે સાધના દ્વારા શુદ્ધિ કરી નહિ એટલે દુઃખની પરંપરા દૂર થઈ નહિ... કેવી અજ્ઞાનદશા ! જીવે ખોળિયાને - દેહને પોતાનું સ્વરૂપ માની લીધું. હું એટલે શરીર અને શરીર એટલે હું... આ ખોળિયા માટે આરંભ-સમારંભના કારખાના ખોલ્યા... લક્ષ્મીના ઢગલા મેળવવા હિંસાદિ અઢારે પાપો આચર્યા... અનેક કાવા-દાવા-અન્યાય-જૂઠ-પ્રપંચ-માયા-ઠગાઈમાં પાછું વાળીને જોયું નહિ... ખરેખર આ દેહને પાપનું અને મોહનું સાધન બનાવી દીધું... જે જે તેને ગમ્યું તે બધું તેને લાવી આપ્યું... ભોગવાય તેટલું ભોગવ્યું, બાકી ભેગું કર્યું... છેવટે બધું છોડીને આત્મા ચાલ્યો ગયો ત્યારે ખબર પડી કે **હું એટલે શરીર નહિ, પણ શરીરમાં નિવાસ કરનારો અવિનાશી સ્વરૂપવાળો આત્મા**... નાશવંત શરીરમાં ભ્રમિત અને મૂઢ બની ગયો... ભારેકર્મી બનીને અનેક દુર્ગતિના ભવોમાં ભમતો રહ્યો. હવે હું વીર પ્રભુની વાણીથી સાવધ છું... મારે હવે નથી જોઈતા વિષયો અને ભોગો. મારે નથી જોઈતી રાગની વૃદ્ધિ કરનારી નારીઓ, મારે નથી જોઈતા મોહ અને મમતાનાં સગા-સંબંધીઓ, મારે નથી જોઈતી આ મહેલાતો અને બગીચાઓ, નથી જોઈતી દ્વેષની વૃદ્ધિ કરનારી સ્વચ્છંદી વ્યક્તિઓ... જેણે મારી આજ સુધી ખુવારી કરવામાં બાકી રાખી નથી....

હવે હું વીર પ્રભુના વચને આત્માનું અજવાળું પામ્યો છું... હવે મારે સંયમ અને તપની સાધના જ મુબારક હો... સંયમથી નવા કર્મો વિરામ પામશે, તપથી જૂના કર્મોનો નિકાલ થશે... કેવું પ્રભુનું આત્મદ્રવ્યને શુદ્ધ કરવાનું વિજ્ઞાન ! નવા કચરાને - કર્મના આશ્રવને પચ્ચક્ખાણથી રોકો અને જૂના

તમામ કર્મોનો તપના બળે નાશ કરો એટલે તમે શુદ્ધાત્મા-પરમાત્મા બની જશો. પછી નહિ કર્મ... નહિ શરીર - નહિ જન્મ કે મરણ... કોઈ પ્રકારનું દુઃખ જ નહિ... અનંત ગુણમય - સુખમય આદિ અનંતસ્થિતિ રહેવાનું... કેવું પ્રભુનું સત્ય માર્ગદર્શન ! અને આચાર પ્રવર્તન !

મનુષ્યભવની સફળતા સંયમ અને તપમાં છે... મારે હવે ઘડીનો વિલંબ કર્યા વિના ચારિત્ર અંગીકાર કરવું છે એવો દૃઢ સંકલ્પ કરવો છે... ચારિત્રજીવન એટલે નિષ્પાપ યોગની સાધના છે, જેમાં એકેય પ્રકારનું સાવદ્ય=પાપ કરવાનું - કરાવવાનું કે કોઈએ કરેલા પાપને સારું માનવાનું રહેતું નથી. એવી ત્રિવિધ પાપના ત્યાગમય સંયમની સાધના છે... કષાયથી રહિત બને તે જ આત્મા દુઃખથી રહિત બને. પાપ કરે જ રાખે તેના દુઃખનો કદી અંત આવે નહિ. કેવું પ્રભુનું સ્પષ્ટ માર્ગદર્શન છે...! ભાવિ ઉજ્જ્વલ સુખમય કરવું હોય તો વર્તમાનને નિષ્પાપ બનાવતા જ આત્મગુણોનો વિકાસ થશે ...'

ધન્યકુમાર ચિંતવે છે કે 'હવે આ કલ્યાણકારી આત્મહિતકારી તત્ત્વવાણી સાંભળ્યા પછી પ્રમાદ રાખવો નથી... ખરેખર ! ઘણા બધા જીવો ધર્મની નજદીક પહોંચી ગયા પછી પ્રમાદ પરવશ બનીને અમૂલ્ય માનવભવ હારી જાય છે.

પ્રમાદ એ મારો મોટામાં મોટો દુશ્મન છે. છૂપો છૂપો સંસાર-રાગનો પોષક છે... આત્માને ઠેઠ નિગોદ સુધી ગફલતમાં રાખીને પહોંચાડી દે છે. જે પ્રમાદ તજીને શૂરવીરપણે આત્મસાધના કરે છે તે જ વીર બનેલા આત્માઓ સકલ કર્મક્ષય કરી અજર અમર પદવીને વરે છે.'

દૃઢ સંકલ્પને સિદ્ધ કરવા ધર્મી માતા-પિતા-પત્ની સૌને સંયમની અનુમતિ આપવાવાળા બનાવ્યા. અનંત ઉલ્લાસની વૃદ્ધિ સાથે પ્રભુ વીર પાસે ધન્યકુમારે ચારિત્ર અંગીકાર કર્યું... ધન્ના અણગાર તરીકે પ્રભુવીરના શિષ્ય પ્રસિદ્ધ થયા... ત્યાંને ત્યાં જ વીર્યોલ્લાસ પ્રગટ્યો. 'પ્રભુ ! સંયમ તો મળી ગયું. હવે અભિગ્રહ આપો જેથી મારા કર્મ ક્ષય પામી જાય. તપમાં છટ્ઠના પારણે આયંબિલ કરવા, તે પણ યાવજ્જીવ પર્યંત.' સુકોમળ શરીરે સંયમ

અને આકરો તપ સ્વીકારી જીવનને ઉત્તરોત્તર પરિણામની વિશુદ્ધ ધારા વડે આગળ વધતા રહ્યા. તપ ન થતો હોય તેમણે આ આલંબન - આદર્શને વારંવાર યાદ કરીને અંદરમાંથી વિગઈના ત્યાગ માટે વીર્ય પ્રગટાવવાનું છે. ઘણા લોકો ક્યારેક અટ્ઠમ-અટ્ઠાઈ અને માસક્ષમણ જેવો મોટો તપ કરી લે છે, પણ પછી જોઈએ તો વિગઈઓ જીવનમાં સહજ રીતે ચાલતી રહે છે. નહિ દુઃખ કે પશ્ચાત્તાપ ! ક્યાં ધન્ના અણગારનો તપ! અને ક્યાં વિગઈઓની છૂટ !! ધન્ના અણગાર બે દિવસના ઉપવાસ પછી પારણામાં લૂખો-સૂકો-નીરસ આહાર લઈને આયંબિલ મસ્તીથી કરતા હતા... જ્યારે આપણે સૂર્યોદય પછી ૮-૧૦ ટંક કરીને પણ વિગઈ ન છોડીએ તો કેટલા બધા કાયર ! ધન્ના અણગારને આંખ સામે લાવો... મનમાં લાવો... હૃદયમાં પાવર આવશે અને જિંદગીભર વિગઈનું પાપ છૂટી જશે.

....

પંચાચારના મહાન આરાધક અનંત ઉપકારી વર્ધમાન તપોનિધિ પ. પૂ. આ. ભ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.

સિદ્ધાન્ત મહોદધિ ચારિત્ર ચૂડામણિ વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા. ના આજીવન અંતેવાસી પ. પૂ. આ. ભ. શ્રી વિ. ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.એ ગુરુવિનય-બહુમાન-વૈયાવચ્ચ-ભક્તિથી અપૂર્વ જ્ઞાનનો ક્ષયોપશમ - શક્તિની ખીલવટ કરી હતી. જેઓ સ્વ-પરદર્શન શાસ્ત્રોના માર્મિક જ્ઞાતા હતા. પદાર્થના ઊંડાણ માટેની તીવ્ર મેધાશક્તિ હતી. અઘરા ગૂઢ પદાર્થોના રહસ્યોને પ્રગટ કરતાં ત્યારે અનેક વિદ્વદ્જનોને આશ્ચર્ય સાથે પૂજ્યશ્રી પ્રત્યે અહોભાવ સાથે બહુમાનભાવની વૃદ્ધિ થતી.

સંસ્કૃત-પ્રાકૃત-વ્યાકરણ-ન્યાય-કાવ્યના ગ્રન્થો સમજવામાં મહિનાઓ લાગી જાય ત્યારે પૂજ્યશ્રીમાં સંક્ષેપમાં થોડા દિવસોમાં સમજાવી દેવાની કુશાગ્રતા હતી. દીક્ષા બાદ જીવવિચાર-નવતત્ત્વ-દંડક-કર્મગ્રન્થના પદાર્થોનો **પ્રકરણદોહન** નામના ગ્રંથમાં સમાવેશ કર્યો. પંચસૂત્ર ઉપર માર્મિક વિવેચનનો ગ્રન્થ **ઉચ્ચ પ્રકાશના પંથે** બન્યો. દેવાધિદેવ અરિહંતની ભક્તિમાં ભાવોલ્લાસની ઉર્મિ ઉછળે તેવો લલિતવિસ્તરા ઉપર ભાવવાહી વિવેચનનો ગ્રન્થ **પરમતેજ ભાગ ૧-૨** થયો. ગણધરવાદમાં સારગ્રાહી વિવેચન સાથે **ગણધરવાદ** ગ્રન્થ ગુજરાતી-અંગ્રેજી થયો. પૂજ્યશ્રીએ અનેક દર્શનોની એકાન્ત માન્યતા સામે સ્યાદ્વાદ દ્વારા યુક્તિપૂર્વક સિદ્ધિ કરી જટિલ વિષય સરલ બનાવ્યો છે. આમ પૂજ્યશ્રીએ અનેક ગ્રન્થોની અદ્ભૂત રચના કરી છે. જીવનમાં પાપભીરૂતા પ્રગટે અને સંક્લેશોનું નિવારણ કરવા પંચસૂત્રનો સ્વાધ્યાય અતિ ઉપયોગી બન્યો છે. અનેક આગમગ્રન્થો-પ્રકરણો-શાસ્ત્રવાર્તા સમુચ્ચય-સન્મતિતર્ક જેવા ગ્રન્થોની વાચના શિષ્યવર્ગને આપી છે. જીવોને જ્ઞાનનો પ્રકાશ મળતો રહે તે માટે ૪૨ વર્ષ સુધી **દિવ્યદર્શન** સાપ્તાહિક દ્વારા મહાન ઉપકાર કરી ગયા છે. ઉનાળુ વેકેશનમાં આબુ-દેલવાડા વિગેરે

અનેક સ્થળોમાં તત્ત્વજ્ઞાનની શિબિર યોજના દ્વારા હજારો યુવાનોના જીવનનું પરિવર્તન કરી શ્રદ્ધાળુ બનાવ્યા છે. તપ પણ અજોડ હતો. વર્ધમાનતપની ૧૦૮ ઓળી કરી જૈન શાસનની અપૂર્વ પ્રભાવના કરી ગયા છે. આવા અનેક ગુણોના સ્વામી આ. ભ. ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા. ના ચરણમાં વંદના.

....

રાજપ્રતિબોધક પ. પૂ. આ. ભ. શ્રી વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મ. સા. ના શ્રમણ ભગવંતોને વાચનાના પુસ્તકો

ચાલો, મોડું ન કરીએ
રત્નમંજૂષા
રજોહરણ, તું છે તારણહાર
તારો પંથ સદા ઉજમાળ બને
પ્રેરણાનું પાથેય
મંગળ મંદિર ખોલો
શુદ્ધિના માધ્યમે, શ્રદ્ધાના શિખરે
હૈયું ભીનું, સંયમ લીલું
અહોભાવ, સંયમનો પ્રાણ
મુનિ ! તારી મસ્તી ન્યારી
મુનિ ! તારી શુદ્ધિ ન્યારી
મુનિ ! તારી વૃત્તિ ન્યારી
મુનિ ! તારી રુચિ ન્યારી
મુનિ ! તારી શક્તિ ન્યારી
મુનિ ! તારી ભક્તિ ન્યારી
મુનિ ! તું સાવધ રહેજે
મુનિ ! તું જાગ્રત રહેજે
મારા તને મંગળ આશીર્વાદ છે
મુનિ ! તું પ્રશાંત રહેજે
કદમ સાચવીને મૂકજે
મને સંયમ ખૂબ ગમે છે
બસ ! હવે કોઈ જ ફરિયાદ નથી
શંકા જ નથી
ખળભળાટ તરવરાટ
સમય સાચવી લેજે
ઊગતા સૂરજની સાખે
ઊગતા સૂરજને પ્રણામ
ચેક તો બરાબર, પણ સહીનું શું ?
સ્થિરતા એ જ તાકાત
આ તને શોભતું નથી
શબ્દો હારી જ ગયા છે
ફરી ક્યારે મળશે આ જીવન ?
દર્પણ સાથે દોસ્તી
વેદના પ્રભુ વીરના ચરણે
આમાં હું ક્યાં ?
આશા છે, હું બચી જઈશ
સરનામું
આનંદ જ આનંદ છે
તો પછી ક્યારે ?
લડાઈ લાડની જુગલબંદી
મારે મિત્ર બનવું છે
યાત્રા પ્રેમથી પ્રસન્નતા તરફ
ઓ મન ! તું સમજી જા
વિસ્મયના માનસરોવરમાં
અરમાન
ઉત્સવ

આનંદયાત્રા

મસ્તીની સ્થિરતા, સ્થિરતાની મસ્તી

સાઈનબોર્ડ

જીવનવૈભવ

એ સાધુ છે

હું મસ્ત છું

ટ્રાફિક

વૃંદાવન

ચમત્કાર

શાંતિવન

તપોવન

નંદનવન

સમાધિવન

ઉપવન

પ્રેમવન

ઉત્સાહ

ઉલ્લાસ

ઉમંગ

ઉત્કર્ષ

ઉત્થાન

ઉજાસ

ઉઘાડ

ઉપહાર

ઉદ્‌ગાર

ઉષ્મા

ઊર્જા

ઊર્મિ

સુણજો સાજન સંત ! પર્યુષણ આવ્યા રે...

કલ્પવૃક્ષ કલ્પસૂત્રના શરણે